# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

27 DECEMBER-2025 SATURDAY

વર્ષ-15 । અંક-046 । વિક્રમ સંવત-2082 । પોષ સુદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

બાંગ્લાદેશમાં હિંદુ યુવકની લિંચિંગ પર ભડકી જાહ્નવી :ઘટનાને બર્બર અને નરસંહાર...



પેજ-09

ઈજામાંથી ઉભરી પંત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી માટે સંપૂર્ણપણે તૈયાર!




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 16.00 |
| સુરત | 31.00 | 19.00 |


પેજ 5




ચાંદીમાં એક જ દિવસમાં 8400નો ઐતિહાસિક ઉછાળો, સોનાનો પણ ઓલ...

AI થી નોકરીઓ જશે પણ પગાર આકાશને આંબશે: સેમ ઓલ્ટમેન




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85041.45 | ▼ | 367.25 |
| નિફ્ટી | 26042.30 | ▼ | 099.80 |
| સોનું | 140253.00 | ▲ | 2156.00 |
| ચાંદી | 238200.00 | ▲ | 14410.00 |

**ગુજરાતના વન્યજીવ પ્રેમીઓ માટે ખુશખબર... NTCAએ ગુજરાતને આપ્યો Tiger સ્ટેટનો દરજ્જો... છેલ્લા 10 મહિનાથી એક વાઘ કેમેરામાં થયો છે કેદ**

# સિંહના ગઢમાં વાઘનો વસવાટ...33 વર્ષ બાદ સત્તાવાર રીતે ગુજરાત 'ટાઈગર સ્ટેટ' ઘોષિત

(એજન્સી) અમદાવાદ | તા.26

ગુજરાતના વન્યજીવ ઈતિહાસમાં આજે એક સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ 33 વર્ષના લાંબા સમયગાળા પછી ગુજરાતને ફરીથી 'વાઘની હાજરી ધરાવતું રાજ્ય' જાહેર કર્યું છે. આ સાથે જ ગુજરાત સમગ્ર ભારતમાં એકમાત્ર એવું રાજ્ય બન્યું છે જ્યાં કુદરતી નિવાસસ્થાનમાં વન્યજીવ સૃષ્ટિની ત્રણેય મુખ્ય પ્રજાતિઓ સિંહ, વાઘ અને દીપડો એકસાથે અસ્તિત્વ ધરાવે છે. નોંધનીય છે કે છેલ્લા 10 મહિનાથી ચાર વર્ષનો વાઘ દાહોદના રતનમહાલમાં સ્થાયી થયો હોવાના પૂરાવા મળ્યા છે, અને ગુજરાતમાં વાઘની સત્તાવાર હાજરી નોંધાઈ છે.



### રતનમહાલ બન્યું વાઘનું નવું સરનામું

દાહોદ જિલ્લામાં આવેલું રતનમહાલ વન્યજીવ અભયારણ્ય આ ઐતિહાસિક જાહેરાતનું મુખ્ય કારણ બન્યું છે. છેલ્લા 10 મહિનાથી રતનમહાલના જંગલોમાં એક નર વાઘ ટ્રેપ કેમેરામાં સતત કેદ થઈ રહ્યો છે. આ વાઘે આ વિસ્તારને પોતાનું કાયમી રહેઠાણ બનાવ્યું હોવાના નક્કર પુરાવા મળતા NTCAએ આ નિર્ણય લીધો છે.

**હવે 'ટાઈગર રિઝર્વ' બનાવવાની તૈયારી! :** ગુજરાત વન વિભાગ આ ઉપલબ્ધિને પગલે હવે રતનમહાલને સત્તાવાર રીતે 'ટાઈગર રિઝર્વ' જાહેર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જેને લઈને વાઘનો વંશવેલો વધારવા માટે અન્ય રાજ્યોમાંથી માદા વાઘ લાવવા અંગે ગંભીર વિચારણા ચાલી રહી છે. વાઘ માટે પૂરતા પ્રમાણમાં ખોરાક મળી રહે તે માટે જંગલમાં તૃણહારી પ્રાણીઓની સંખ્યા વધારવામાં આવશે. આ ઉપરાંત વાઘના સંરક્ષણ માટે સ્પેશિયલ પ્રોટેક્શન ફોર્સ અને અત્યાધુનિક મોનિટરિંગ સિસ્ટમ ગોઠવવામાં આવશે.

### છેલ્લે 1989માં વાઘની વસ્તી ગણતરી કરવામાં આવી હતી



ગુજરાતમાં છેલ્લે 1989માં વાઘની વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં માત્ર પંજાના નિશાન મળ્યા હતા, પરંતુ કોઈ વાઘ નજરે પડ્યો ન હતો. ત્યારબાદ ૧૯૯૨ની ગણતરીમાંથી ગુજરાતને બાકાત રાખવામાં આવતા રાજ્યે સત્તાવાર રીતે 'વાઘ ધરાવતા રાજ્ય'નો દરજ્જો ગુમાવ્યો હતો. 2019માં એક વાઘ દેખાયો હતો, પરંતુ તે માત્ર 15 દિવસ સુધી જ રોકાયો હતો.





**ઝેન Z અને ઝેન આલ્ફા આપણને વિકસિત ભારતના લક્ષ્ય તરફ લઈ જશે : મોદી**

# વીર બાળ દિવસ કાર્યક્રમમાં PM મોદી કહ્યું કે, વીર સાહિબજાદા ભારતનું એક ગૌરવ

(એજન્સી) નવી દિલ્હી | તા.26

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીર બાળ દિવસના અવસરે બાળકોને સંબોધિત કર્યા હતા. કાર્યક્રમનું આયોજન ભારત મંડપમમાં કરવામાં આવ્યુ છે. આપને જણાવી લઈએ કે સરકારે વર્ષ 2022માં 26 ડિસેમ્બરે વીર બાળ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી. આ બાદ દર વર્ષે આ ખાસ દિવસે અનેક ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે વીર બાળ દિવસના અવસરે નવી દિલ્હીમાં સ્થિત ભારત મંડપમમાં બાળકોને સંબોધિત કર્યા હતા. ભારત મંડપમમાં આયોજન પહેલા વડાપ્રધાન મોદીએ આ વર્ષે વીરતા પુરસ્કારથી સમ્માનિત બાળકો સાથે સંવાદ પણ કર્યા હતા. બાળકો સાથે મુલાકાતનો વીડિયો પણ સામે આવ્યો છે.



### મને Gen-Z પર ખૂબ વિશ્વાસ છે : મોદી

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પીએમ મોદી વિજેતા બાળકોને મળ્યા અને પછી તેમને સંબોધન કર્યું. મોદીએ કહ્યું, 'મારો યુવાન ભારત, સંગઠન સાથે જોડાયેલા ઘણા યુવાનો અહીં ભેગા થયા છે. એક રીતે તમે બધા Gen-Z છો. તમે Gen-આલ્ફા પણ છો. તમારી પેઢી ભારતને વિકસિત ભારતના લક્ષ્ય તરફ લઈ જશે.' મને ઝેન-જીની ક્ષમતાઓ, તમારો આત્મવિશ્વાસ દેખાય છે. હું સમજુ છું અને તેથી જ મને તમારા પર ખૂબ વિશ્વાસ છે. પીએમએ કહ્યું, 'આજે દેશ વીર બાળ દિવસની ઉજવણી કરી રહ્યો છે. આજે આપણે તે બહાદુર બાળકોને યાદ કરી રહ્યા છીએ, જેઓ આપણા ભારતનું ગૌરવ છે. તેઓ અદમ્ય હિંમત, બહાદુરી અને વીરતાના પ્રતીક છે. તેઓ બહાદુર રાજકુમારો છે, જેમણે ઉંમર અને દરજ્જાની બધી સીમાઓને તોડી નાખી.

**» રાષ્ટ્રની પાસે એવું ગૌરવશાળી ભૂતકાળ**

પીએમ મોદીએ કહ્યુ કે જે રાષ્ટ્રની પાસે એવું ગૌરવશાળી ભૂતકાળ હોય, જેની યુવા પેઢીની એવી પ્રેરણાઓ વિરાસતમાં મળી હોય, તે રાષ્ટ્ર શું ન કરી શકે, જ્યારે પણ 26 ડિસેમ્બરનો દિવસ આવે છે, મને સંતોષ છે કે આપણી કેન્દ્ર સરકારે સાહિબજાદાઓની બહાદુરીથી પ્રેરિત થઈને વીર બાળ દિવસની ઉજવણી શરૂ કરી.

**» સન્માન કરનારાં બાળકોને કહ્યુ કે...**

તેમણે કહ્યુ કે ચાર વર્ષોમાં વીર બાળ દિવસની નવી પરંપરાઓએ સાહિબજાદાઓની પ્રેરણાઓને નવી પેઢી સુધી પહોંચાડ્યુ છે. વીર બાળ દિવસે સાહસી અને પ્રતિભાવાન બાળકોના નિર્માણ માટે એક મંચ તૈયાર કર્યો છે. તેમણે કહ્યુ કે દેશના અલગ અલગ ભાગોમાંથી આવેલા 20 બાળકોને આ પુરસ્કાર આપવામાં આવ્યા છે. તેમણે પુરસ્કાર જીતનાર બાળકોને કહ્યુ કે તમારૂ આ સન્માન તમારાં માટે તો છે જ આ તમારાં માતા પિતાનું, તમારા ટીચર અને મેંન્ટર્સનું પણ સમ્માન છે.

**» વીર સાહિબજાદા ભારતનું ગૌરવ એક**

પીએમ નરેન્દ્ર મોદીએ કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યુ કે આજે દેશ વીર બાળ દિવસ ઉજવી રહ્યો છે. હમણા વંદે માતરમની સુંદર પ્રસ્તુતિ થઈ. આજે અમે તે વીર સાહિબજાદાઓને યાદ કરી રહ્યા છીએ જે ભારતનું ગૌરવ છે. તેમણે કહ્યુ કે વીર સાહિબજાદા ભારતના અદમ્ય સાહસ , શૌર્ય, વીરતાની પરાકાષ્ઠા છે.

# ભારત રત્ન અને પદ્મ એવોર્ડ્સ ઉપાધિ નથી

**બોમ્બે હાઈકોર્ટે કહ્યું- : તેને નામની આગળ કે પાછળ લગાવી શકાતું નથી, આવું કરવું કાયદેસર રીતે ખોટું છે**



(એજન્સી) મુંબઇ | તા.26

બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે ભારત રત્ન, પદ્મ શ્રી, પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ જેવા નાગરિક સન્માન કોઈ ઉપાધિ (ટાઈટલ) નથી. આવા કિસ્સામાં, તેમને કોઈના નામની આગળ કે પાછળ લગાવી શકાય નહીં.

કોર્ટે આ વાત બુધવારે એક અરજીના કેસ ટાઈટલમાં પદ્મ શ્રી લખવામાં આવતા કહી હતી. હકીકતમાં જસ્ટિસ સોમશેખર સુંદરરેસનની બેન્ચ અરજીની સુનાવણી કરી રહી હતી. જેમાં 2004માં પદ્મ શ્રીથી સન્માનિત ડો. શરદ મોરેશ્વર હાર્ડીકર પણ એક પક્ષકાર હતા.


કેસ ટાઈટલમાં તેમનું નામ પદ્મ શ્રી ડો. શરદ મોરેશ્વર હાર્ડીકર લખવામાં આવ્યું હતું. આના પર જજે વાંધો ઉઠાવ્યો. સાથે જ કહ્યું કે કાયદા અનુસાર આવું કરવું ખોટું છે.

હાઈકોર્ટે 1995માં સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચના નિર્ણયનો ઉલ્લેખ કર્યો. તે નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે પદ્મ પુરસ્કાર અને ભારત રત્ન ઉપાધિ નથી.

# ભારતને સુપરપાવર જ નહીં, વિશ્વગુરુ પણ બનવું જોઈએ : મોહન ભાગવત

(એજન્સી) તિરુપતિ | તા.26

RSS પ્રમુખ મોહન ભાગવત આંધ્રપ્રદેશના તિરુપતિના પ્રવાસે છે. ભારતીય વિજ્ઞાન સંમેલન (BVS) ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં શુક્રવારે ભાગવતે કહ્યું- ભારતનું આગળ વધવું નિશ્ચિત છે. પરંતુ આપણે માત્ર સુપરપાવર જ નહીં, પણ વિશ્વગુરુ પણ બનવું જોઈએ. મોહન ભાગવતે કહ્યું કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ ટકરાવ નથી. બસ તેમના રસ્તા અલગ છે, મંઝિલ એક જ છે. આપણા વિકાસની વિચારસરણીનો આધાર ધર્મ છે.



ધર્મ માત્ર મઝહબ નથી, પરંતુ તે પ્રકૃતિ અને બ્રહ્માંડના સંચાલનની રીત છે.આ પહેલા RSS ચીફે ભગવાન વેંકટેશ્વર સ્વામી મંદિરમાં દર્શન કર્યા. તિરુપતિના અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું. પૂજારીઓએ તેમને રેશમી વસ્ત્રો પહેરાવી સન્માનિત કર્યા. મોહન ભાગવતે કહ્યું કે આપણે લોકોને જૂની અને નવી અંધશ્રદ્ધાઓમાંથી બહાર કાઢવામાં મદદ કરવી જોઈએ. કુદરતી આફતોના સમયે ઘણીવાર મંદિરો તેમની મજબૂત રચનાને કારણે સુરક્ષિત રહે છે.

# ભાજપે કેરળમાં ઈતિહાસ રચ્યો, પહેલી વાર બન્યો પાર્ટીનો મેયર

**આંકડાકીય જંગ: કેવી રીતે મળી જીત?**

(એજન્સી) નવી દિલ્હી | તા.26

કેરળના રાજકારણમાં શુક્રવારે એક નવો સૂર્યોદય થયો છે. દાયકાઓથી ડાબેરીઓ અને કોંગ્રેસના વર્ચસ્વવાળા આ રાજ્યમાં ભાજપે ઈતિહાસ રચી દીધો છે. ભાજપના વરિષ્ઠ નેતા વી. વી. રાજેશ કેરળની રાજધાની તિરુવનંતપુરમ નગર નિગમના પ્રથમ ભાજપના મેયર તરીકે ચૂંટાયા છે.

શુક્રવારે સવારે યોજાયેલી મેયરની ચૂંટણીમાં 45 વર્ષીય વી. વી. રાજેશને કુલ 51 મતો મળ્યા હતા, જેની સાથે જ 100 સભ્યોની હાજરીવાળા ગૃહમાં ભાજપે બહુમતી માટે જરૂરી આંકડો સફળતાપૂર્વક મેળવી લીધો હતો. આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને એક અપક્ષ કાઉન્સિલર એમ. રાધાકૃષ્ણનનું પણ મહત્ત્વનું સમર્થન પ્રાપ્ત થયું હતું.


મતોના સમીકરણ પર નજર કરીએ તો, ભાજપના વી. વી. રાજેશને 51 મત મળ્યા હતા, જ્યારે તેમની સામે લડી રહેલા CPIMના આર.પી. શિવાજીને 29 અને કોંગ્રેસ પ્રેરિત UDFના ઉમેદવાર કે. એસ. સબરિનાથનને માત્ર 19 મતોથી સંતોષ માનવો પડ્યો હતો.

# પંજાબ નેશનલ બેંકમાં 2,434 કરોડની લોન છેતરપિંડી

**SREI પર છેતરપિંડીનો આરોપ**

(એજન્સી) નવી દિલ્હી | તા.26

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક, પંજાબ નેશનલ બેંક (PNB) એ ફરી એકવાર બેંકિંગ ક્ષેત્રમાં ખળભળાટ મચાવ્યો છે. બેંકે ભારતીય રિઝર્વ બેંક (RBI) ને 2,434 કરોડની લોન છેતરપિંડીની જાણ કરી છે. આ કેસમાં SREI ગ્રુપની બે કંપનીઓ, SREI ઈક્વિપમેન્ટ ફાઈનાન્સ અને SREI ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સનો સમાવેશ થાય છે, જેમના ભૂતપૂર્વ પ્રમોટર્સ સંડોવાયેલા હોવાનું કહેવાય છે.




**NCLT દ્વારા ઠરાવ**

બંને કંપનીઓને કોર્પોરેટ નાદારી ઠરાવ પ્રક્રિયા હેઠળ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) માં પ્રક્રિયા કરવામાં આવી હતી. ઓગસ્ટ 2023 માં નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (NARCL) યોજનાની મંજૂરી બાદ, કંપનીઓના બોર્ડનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.

PNB એ સ્ટોક એક્સચેન્જને આપેલી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે SREI ઈક્વિપમેન્ટ ફાઈનાન્સ સંબંધિત છેતરપિંડી આશરે 1,241 કરોડની છે, જ્યારે SREI ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ સંબંધિત રકમ આશરે 1,193 કરોડની છે.

રાહતની વાત એ છે કે બેંકે બંને કિસ્સાઓમાં સંપૂર્ણ બાકી રકમ માટે 100% જોગવાઈ કરી દીધી છે, એટલે કે બેંકના ખાતાઓ પર સીધી અસર થશે નહીં.

# બિહારના રોહતાસમાં ઉદ્ઘાટન પહેલા જ રોપ-વે તૂટી પડ્યો

(એજન્સી) રોહતાસ | રોહતાસમાં પ્રાચીન રોહતાસગઢ કિલ્લા અને રોહિતેશ્વર ધામ મંદિર સુધી પહોંચવાની સુવિધા માટે આ રોપવે બનાવવામાં આવ્યો છે. જેનું બાંધકામ 12 ફેબ્રુઆરી, 2020ના રોજ શરૂ થયું હતું. શરૂઆતમાં, રોપવેમાં ઘણી તકનીકી ખામીઓ આવી હતી.

તમામ મુશ્કેલીઓ દૂર કર્યા પછી, રોપવેનું કામ પૂર્ણ થયું હતું. પણ ટ્રાયલ રન પૂર્ણ થાય તે પહેલાં જ તેના ઘણા થાંભલા તૂટી પડ્યા. કહી શકાય કે મુહૂર્તના પહેલા કોળિયામાં જ માખી આવી છે. રોપ વે તૂટી પડવાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

# દેડકાના આંતરડામાંથી મળી કેન્સર સામે લડવાની 'જડીબુટ્ટી'

### શોધનો મુખ્ય આધાર: કેન્સર-પ્રતિરોધી ઉભયજીવીઓ

(એજન્સી) નવી દિલ્હી | મેડિકલ સાયન્સમાં ક્રાંતિકારી કહી શકાય એવી એક અદ્ભુત શોધ થયાના સમાચાર આવ્યા છે. જાપાનના વૃક્ષ પર રહેતા દેડકા (સાયન્ટિફિક નામ dryophytes japonicus) ના આંતરડામાં રહેતા એક બેક્ટેરિયામાં કેન્સર સામે લડવાની અજોડ ક્ષમતા મળી આવી છે. ચાલો આ શોધ વિશે વિગતવાર જાણીએ. દેડકા, ગરોળી જેવા ઉભયજીવીઓ અને સરિસૃપોમાં કેન્સર ખૂબ જ દુર્લભ હોય છે. આ તથ્યથી પ્રેરિત થઈને જાપાનની એડવાન્સ્ડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના વિજ્ઞાનીઓએ આ જીવોના આંતરડામાં રહેતા બેક્ટેરિયા પર સંશોધન શરૂ કર્યું હતું. તેમણે દેડકા અને ન્યુટ્સમાંથી કુલ 45 પ્રકારના બેક્ટેરિયા એકત્રિત કર્યા અને તેમનો અભ્યાસ કર્યો હતો.

**હાલની દવાઓ સાથે સરખામણી** પરીક્ષણોમાં આ બેક્ટેરિયાવાળી થેરાપીની તુલના કેન્સરની સામાન્ય દવા ડોક્સોરુબિસિન સાથે કરવામાં આવી હતી. પરિણામો બતાવે છે કે: » નવી દવા ડોક્સોરુબિસિન કરતાં વધુ અસરકારક છે. » તે લોહીમાંથી ઝડપથી સાફ થઈ જાય છે. » લાંબા ગાળે યકૃત, હૃદય અને બીજા સ્વસ્થ અંગોને કોઈ નુકસાન નથી થતું. » વિજ્ઞાનીઓ માને છે કે આ દિશામાં ભવિષ્યના ક્લિનિકલ ટ્રાયલ માટે તે સલામત વિકલ્પ બની શકે છે.

**કેવા પરિણામ મળ્યાં?**

- કેન્સરની ગાંઠો ગાયબ થઈ ગઈ.
- 30 દિવસ પછી ફરીથી ઉંદરોના શરીરમાં કેન્સરના કોષ દાખલ કરવા છતાં ગાંઠો ફરીથી વિકસિત થઈ નહીં.
- કોઈ હાનિકારક આડઅસર જોવા મળી નહીં.

### આ બેક્ટેરિયા કેવી રીતે કામ કરે છે?

1 રોગપ્રતિકારક શક્તિ જગાડે છે: તે શરીરની રોગપ્રતિકારક પ્રણાલીને સક્રિય કરે છે. બી કોષો અને ન્યુટ્રોફિલ્સ નામના રક્ષક કોષોને સતર્ક કરીને ગાંઠો પર હુમલો કરવા પ્રેરે છે.

2 કઠિન પરિસ્થિતિમાં પણ કાર્યક્ષમ છે: કેન્સરની ગાંઠોની અંદર ઓક્સિજનનું પ્રમાણ ઓછું હોય છે, ઘણી કીમોથેરાપી દવાઓ અસરકારક નથી હોતી.

**પરીક્ષણમાં મળ્યું આશ્ચર્યજનક પરિણામ**

45માંથી નવ બેક્ટેરિયાએ કેન્સર સામે મજબૂત પ્રતિકારક ક્ષમતા દાખવી હતી. આમાં એલિવેનજેલા અમેરિકાના (Ewingella americana) નામના બેક્ટેરિયા સૌથી વધુ પ્રભાવશાળી રહ્યા હતા. કેન્સરગ્રસ્ત ઉંદરોને આ બેક્ટેરિયાનો માત્ર એક જ ડોઝ આપવામાં આવ્યો હતો, તોય પરિણામ ચકિત કરનારું મળ્યું હતું.



# ઓસ્ટ્રેલિયાની ચેતવણી: ભારતમાં નકલી રેબીઝ વેક્સિન મળી રહી છે

(એજન્સી) નવી દિલ્હી | તા.26

ઓસ્ટ્રેલિયામાં રસી માટે કામ કરતી સરકારી સંસ્થા ઓસ્ટ્રેલિયન ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશન (ATAGI) એ શુક્રવારે ભારતમાં ઉપયોગમાં લેવાતી રેબીઝ રસી માટે ચેતવણી જાહેર કરી છે. આ ચેતવણી ABHAYRAB બ્રાન્ડ માટે જાહેર કરવામાં આવી છે.

ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે ABHAYRAB બ્રાન્ડની રસી નકલી છે અને રેબીઝ રોગ માટે ફાયદાકારક નથી. નવેમ્બર 2023 થી આ નકલી રસી સપ્લાય થઈ રહી છે. ATAGI અનુસાર, નકલી રસીમાં સક્રિય ઘટકો યોગ્ય માત્રામાં નથી. ABHAYRAB નો ઉપયોગ ઓસ્ટ્રેલિયામાં થતો નથી, તેથી આ



સલાહ મુખ્યત્વે તે પ્રવાસીઓ માટે છે જેમણે નવેમ્બર 2023 પછી ભારતમાં રસી લીધી હતી.

ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ આવા લોકોને સલાહ આપી છે કે તેઓ તે ડોઝને સંભવિતપણે અમાન્ય માને અને તેને Rabipur અથવા Verorab જેવી રજિસ્ટર્ડ રસીઓથી બદલે. મહારાષ્ટ્રના થાણેમાં છ વર્ષની એક બાળકીના તાજેતરના મૃત્યુના કેસે રેબીઝ નિવારણમાં રહેલી ખામીઓને ઉજાગર કરી છે.

### સ્ટેટ મોનિટરિંગ સેલ બુટલેગર આતિશ ઠાકોર, ૩૧મી ડિસેમ્બર પૂર્વે દારૂની ખેપ ઝડપાઈ ગઈ

# વડોદરામાં પોલીસ રેડમાં લાખોનો વિદેશી દારૂ જથ્થો જપ્ત

(એજન્સી) વડોદરા । તા. 26

૩૧મી ડિસેમ્બરની ઉજવણી પૂર્વે જ ગુજરાત પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. વડોદરાના ડભોઈ રોડ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલે (SMC) એક ગુપ્ત માહિતીને આધારે દરોડો પાડીને લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. લિસ્ટેડ બુટલેગર આતિશ ઠાકોરના રહેણાંક વિસ્તારમાં પાડવામાં આવેલી આ રેડમાં પોલીસને મોટી સફળતા મળી છે. વડોદરા વિદેશી દારૂ જથ્થો પોલીસ રેડ દરમિયાન કુલ ૧૫.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેનાથી સ્થાનિક બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



### જય નારાયણ નગરમાં પોલીસનો સપાટો

સ્ટેટ મોનિટરિંગ સેલને ચોક્કસ બાતમી મળી હતી કે વડોદરાના ડભોઈ રોડ પર આવેલા જય નારાયણ નગર-૨ માં રહેતા આતિશ ઠાકોરના ઘરે વિદેશી દારૂનો જથ્થો ઉતર્યો છે. આ માહિતીના આધારે ટીમે તાત્કાલિક સ્થળ પર રેડ કરી હતી. પોલીસ તપાસમાં ઘરના પરિસરમાંથી દારૂની ૨,૭૬૫ બોટલો મળી આવી હતી, જેની બજાર કિંમત અંદાજે ૧૦.૧૬ લાખ રૂપિયા થાય છે. સ્ટેટ મોનિટરિંગ સેલ બુટલેગર આતિશ ઠાકોર ના અડ્ડા પર ત્રાટકતા આસપાસના રહીશોમાં પણ આશ્ચર્ય ફેલાયું હતું. પોલીસની આ સતર્કતાને કારણે ૩૧મી ડિસેમ્બર પૂર્વે દારૂની ખેપ ઝડપાઈ છે અને અસામાજિક તત્વોના મનસૂબા પર પાણી ફરી વળ્યું છે.

### બે આરોપીઓની ધરપકડ અને મુદ્દામાલ જપ્ત

આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. જેમાં બાબુ લહરિયા ભાઈ રાઠવા (છોટાઉદેપુર) અને અજય ઉર્ફે બાબુ મેવાલાલ યાદવ (જય નારાયણ નગર) નો સમાવેશ થાય છે. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત એક વાહન, બે મોબાઈલ ફોન, એક ટ્રાઈસીકલ અને રોકડા ૧૨૦ રૂપિયા મળીને કુલ ૧૫.૫૧ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ દારૂનો જથ્થો આગામી થર્ટી ફર્સ્ટની પાર્ટીઓ માટે વહેંચવા માટે મંગાવવામાં આવ્યો હોવાની શંકા છે.

### આતિશ ઠાકોર સહિત સાત શખ્સો વોન્ટેડ

પોલીસ કાર્યવાહી દરમિયાન મુખ્ય બુટલેગર આતિશ ઠાકોર ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેને તેમજ સપ્લાયર બંસીલાલ ભૂરસિંગભાઈ રાઠવા અને લાલસીંગ રાઠવાને વોન્ટેડ જાહેર કર્યા છે. આ ઉપરાંત, જે કારમાં દારૂ લાવવામાં આવ્યો હતો તેના માલિક અને મોબાઈલ ફોનના માલિકો સહિત અન્ય અજાણ્યા શખ્સો સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે. સ્ટેટ મોનિટરિંગ સેલ બુટલેગર આતિશ ઠાકોર ના ભૂતકાળના ગુનાહિત ઈતિહાસની પણ તપાસ કરી રહી છે.

### પોલીસની કડક કાર્યવાહીના સંકેત

વડોદરા વિદેશી દારૂ જથ્થો પોલીસ રેડ ની આ ઘટનાએ સાબિત કર્યું છે કે ઉત્સવો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વહીવટીતંત્ર સજ્જ છે. ૩૧મી ડિસેમ્બર પૂર્વે દારૂની ખેપ ઝડપાઈ હોવાથી હવે અન્ય બુટલેગરો પણ પોલીસની રાડારમાં આવી ગયા છે. વડોદરા શહેર અને જિલ્લામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલ સતત નજર રાખી રહ્યું છે. આગામી દિવસોમાં હજુ પણ વધુ કડક તપાસ અને દરોડા પાડવામાં આવે તેવી શક્યતા છે, જેથી નશાના કારોબાર પર લગામ કસી શકાય.

### ગાદોઈ ટીનમસ આખા રોડ માટે ૧૦ કરોડ મંજૂર

## જૂનાગઢના રસ્તાઓનો હવે થશે ઉદ્ધાર: પ્રદ્યુમન વાજાએ લીધો મોટો નિર્ણય



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ આજે ગાદોઈ ટીનમસ આખા રોડની મુલાકાત લઈને સ્પષ્ટ કરી દીધું છે કે હવે સામાન્ય માણસની હાલાકીના દિવસો પૂરા થયા છે. વર્ષોથી ધૂળ અને ખાડાઓથી પરેશાન ગ્રામજનો માટે આ મુલાકાત કોઈ આશીર્વાદથી ઓછી નથી. તાજી સ્થિતિ અને વિકાસનો રોડમેપ લાંબા સમયની પ્રતીક્ષા બાદ, ગાદોઈ ટીનમસ આખા રોડના ૮.૨૦ કિલોમીટરના ટુકડાને નવું જીવન મળવા જઈ રહ્યું છે. સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે રૂપિયા ૧૦.૧૧ કરોડનું માતબર બજેટ ફાળવવામાં આવ્યું છે. મંત્રીશ્રીએ સ્થળ પર જઈને જમીની હકીકત તપાસી હતી. તેમણે અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, 'રૂપિયા ભલે કરોડો વપરાય, પણ રસ્તાની ગુણવત્તામાં એક ઈંચની પણ બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં.

## વડોદરા લાંચ કેસ વારસિયા પીઆઈ ના નામે અઢી લાખ લેતા વચેટીયો ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 26

શહેરના વારસિયા વિસ્તારમાં જમીન વિવાદની પતાવટ માટે પોલીસના નામે લાખોની લાંચ માંગવાનું મોટું કૌભાંડ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ ખુલ્લું પાડ્યું છે. વારસિયા પોલીસ સ્ટેશનના પીઆઈના નામે પાંચ લાખ રૂપિયાની માંગણી કરી રહેલા એક વચેટીયાને એસીબીએ ચોખંડી વિસ્તારમાંથી રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીથી સરકારી અધિકારીઓના નામે વહીવટ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



જમીન વિવાદમાં પોલીસના નામે સોદો મળતી વિગતો અનુસાર, વારસિયા વિસ્તારની એક જમીન પર અજાણ્યા બિલ્ડર દ્વારા થતા બાંધકામ સામે જમીન માલિકે પોલીસ અરજી કરી હતી. આ મામલે મધ્યસ્થી બનીને આવેલા સુરેશ રામચંદ તોલાણીએ વારસિયા પીઆઈ એસ.એમ. વસાવાના નામથી જમીન માલિક પાસે પાંચ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. સોદા મુજબ ફરિયાદ દાખલ કરવા માટે અઢી લાખ અને ત્યારબાદ બાકીની રકમ ચૂકવવાનું નક્કી થયું હતું.

ચોખંડીમાં એસીબીનું સફળ ઓપરેશન જમીન માલિકે આ અંગેની જાણ એસીબીને કરતા એક આયોજનબદ્ધ છટકું ગોઠવવામાં આવ્યું હતું. ચોખંડી ખાતે આવેલી 'અનુભવ એન્ટરપ્રાઇઝ' નામની દુકાનમાં જ્યારે ફરિયાદી અઢી લાખ રૂપિયા આપવા પહોંચ્યા, ત્યારે જ એસીબીની ટીમે ત્રાટકીને સુરેશ તોલાણીને લાંચની રકમ સાથે દબોચી લીધો હતો.

## વડોદરા ક્રેડિટકાર્ડ છેતરપિંડી કેસ કાર્ડનું બિલ ભરાવી ગ્રાહકે લાખોનો ચૂનો લગાવ્યો

(એજન્સી) વડોદરા । તા. 26

શહેરના સમા-સાવલી રોડ પર ક્રેડિટકાર્ડ પેમેન્ટનું કામ કરતા એક સંચાલક સાથે લાખો રૂપિયાની છેતરપિંડીની ઘટના સામે આવી છે. કાર્ડની લિમિટ પૂરી થઈ ગઈ હોવાથી વિશ્વાસમાં લઈને ગ્રાહકે બિલ પેમેન્ટ કરાવ્યું હતું, પરંતુ ત્યારબાદ રકમ પરત ન ચૂકવી છેતરપિંડી આચરી છે. આ મામલે ભોગ બનનાર સંચાલકે સમા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિશ્વાસ કેળવી લાખોનું બિલ ભરાવ્યું કારેલીબાગ વિસ્તારના ધવલપાર્કમાં રહેતા રામભાઈ ઠક્કર સમા-સાવલી રોડ પર એસ૯ સ્કવેર બિલ્ડિંગમાં પોતાની ઓફિસ ધરાવે છે. તેઓ એજ્યુકેશન કન્સલ્ટન્ટની સાથે ક્રેડિટકાર્ડ પેમેન્ટનું કામ પણ કરે છે. જાન્યુઆરી-૨૦૨૫માં જગેશ રવિન્દ્ર કુમાર પટેલ નામનો શખ્સ તેમની ઓફિસે આવ્યો હતો. જગેશે પોતાના ક્રેડિટકાર્ડની લિમિટ પૂરી થઈ હોવાનું જણાવી ૨.૨૪ લાખ રૂપિયાનું બિલ ભરી આપવા વિનંતી કરી હતી. રામભાઈએ વિશ્વાસમાં આવી આ રકમ ભરી દીધી હતી.

ટ્રાન્જેક્શન ફેલ થયાનું નાટક કરી છેતરપિંડી બિલ પેમેન્ટ થયા બાદ કાર્ડમાં ફરી ક્રેડિટ આવી જતાં જગેશે રામભાઈને રકમ ચૂકવી હોવાનો દાવો કર્યો હતો. જોકે, બે દિવસ સુધી નાણાં ખાતામાં જમા ન થતાં રામભાઈએ બેંકમાં તપાસ કરી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે ટ્રાન્જેક્શન ફેલ થયું છે. જ્યારે જગેશ પાસે ઉઘરાણી કરવામાં આવી ત્યારે તેણે વારંવાર વાયદાઓ કર્યા હતા અને અંતે પોતાનું સરનામું બદલીને ફરાર થઈ ગયો હતો.

પોલીસે હાથ ધરી કાયદેસરની કાર્યવાહી અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, રામભાઈ ઠક્કરે જગેશ પટેલ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. મીડિયા અહેવાલ મુજબ, પોલીસે આરોપીના શિવ ચેમ્બર સ્થિત સરનામે તપાસ કરી હતી પરંતુ તે મળી આવ્યો ન હતો. સૂત્રો દ્વારા માહિતી મળી છે કે પોલીસ હવે આરોપીના મોબાઈલ લોકેશન અને બેંક ટ્રાન્જેક્શનની વિગતો મેળવીને ઠગબાજને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

## પાલનપુર મર્ડર કેસમાં પોલીસે મુખ્ય સૂત્રધાર સહિત 6 આરોપીને ઝડપાયા

(એજન્સી) પાલનપુર । તા. 26

બનાસકાંઠાની શાંત ધરાને ધ્રુજાવી દેનારા પાલનપુર મર્ડર કેસમાં આખરે પોલીસે ન્યાયનો ઘંટ વગાડ્યો છે. પાંચ દિવસ પહેલા અમદાવાદ હાઈવે પર એક ખાનગી હોટલ પાસે ગાદલવાડાના નિર્દોષ ચૌધરી યુવાન ભરતભાઈની તલવારો અને લાકડીઓના ઘા ઝીંકીને કરવામાં આવેલી કરપીણ હત્યાના છ મુખ્ય આરોપીઓને પોલીસે દબોચી લીધા છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર જિલ્લામાં અને ખાસ કરીને ચૌધરી સમાજમાં ન્યાયની આશા જાગી છે. તપાસનો ધમધમાટ અને પોલીસનો વિજય આ ઘટના બનતા જ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુબેએ તપાસની કમાન સંભાળી હતી. ડીજીપીની કડક સૂચના બાદ, આખા ગુજરાતમાં આરોપીઓને પકડવા માટે જાળ બિછાવવામાં આવી હતી. ડીવાયએસપી ગામિત સાહેબે પત્રકારો સાથેના વાર્તાલાપમાં જણાવ્યું કે, આ કોઈ સામાન્ય કેસ નહોતો. પોલીસે સુરત, વડોદરા અને રાજકોટ સુધી ૮ અલગ-અલગ ટીમો દોડાવી હતી. આધુનિક સાયબર સેલની મદદ લેવામાં આવી અને લગભગ ૨૦૦૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ખંગોળવામાં આવ્યા હતા. આખરે બાતમીદારોના નેટવર્ક અને ટેકનોલોજીના સંગમથી છ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી છે. ગુનેગારોનો કાળો ઈતિહાસ પોલીસના જણાવ્યા અનુસાર, પકડાયેલા તમામ છ આરોપીઓ પાકા ગુનેગારો છે અને અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા છે. બનાસકાંઠાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં તેમના વિરુદ્ધ અગાઉ ગુનાઓ નોંધાયેલા છે. આ હુમલાખોરોએ ભરતભાઈ પર એટલો નિર્દયી હુમલો કર્યો હતો કે ઘટનાસ્થળે જ લોહીની નદીઓ વહી હતી. પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનામાં હજુ પણ કેટલાક આરોપીઓ ફરાર છે, જેમને ટૂંક સમયમાં જેલના સળિયા પાછળ ધકેલી દેવાની ખાતરી પોલીસે આપી છે.



### મતદાર યાદીમાં ૧.૫૦ લાખ નામો કપાયા

## 27-28 ડિસેમ્બરે દરેક બૂથ પર વિશેષ કેમ્પ, BLO તમારી રાહ જોશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

લોકશાહીમાં સૌથી મોટું હથિયાર 'મતદાન' છે, પણ જો તમારું નામ જ યાદીમાં ન હોય તો? જૂનાગઢની જનતા માટે આ અઠવાડિયું ખૂબ જ મહત્વનું છે. જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા 'ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૫' અંતર્ગત એક અભૂતપૂર્વ ઝુંબેશ છેડવામાં આવી છે. આગામી તારીખ ૨૭ અને ૨૮ ડિસેમ્બરના રોજ તમારા ઘરની નજીકના મતદાન મથક પર જઈને તમે તમારી ભૂલ સુધારી શકો છો અને નવું નામ નોંધાવી શકો છો. અત્યાર સુધીની તાજી સ્થિતિ જૂનાગઢ જિલ્લામાં ૧૯ ડિસેમ્બરના રોજ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ યાદીમાં અત્યાર સુધી ૧૧,૪૯,૩૯૫ જાગૃત મતદારોનો સમાવેશ થયો છે. પરંતુ ચોંકાવનારી વિગત એ છે કે અંદાજે ૧,૫૦,૯૪૯ લોકોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જેમાં મૃત્યુ, કાયમી સ્થળાંતર કે ડુપ્લીકેટ નામોનો સમાવેશ થાય છે. જો તમે પણ લાંબા સમયથી ઘરેથી બહાર હોવ અથવા સરનામું બદલ્યું હોય, તો આ કેમ્પમાં જવું તમારા માટે અનિવાર્ય છે. મેપિંગ અને નોટિસનો ઘટનાક્રમ વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, અંદાજે ૭૦,૪૮૩ જેટલા મતદારો એવા છે જેમના ફોર્મનું વર્ષ ૨૦૦૨ની યાદી સાથે મેપિંગ થઈ શક્યું નથી. આવા લોકોને ટૂંક સમયમાં નોટિસ ફટકારવામાં આવશે. પણ શા માટે સરકારી નોટિસની રાહ જોવી? સ્થાનિક સૂત્રો જણાવે છે કે જો તમે સ્વૈચ્છિક રીતે જરૂરી ડોક્યુમેન્ટ્સ લઈને બૂથ પર પહોંચી જશો, તો કચેરીઓના બિનજરૂરી ધક્કામાંથી મુક્તિ મળશે. બીએલઓશ્રી સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી તમારી સેવામાં હાજર રહેશે.

### મારા વિરુદ્ધ એક સ્ક્રિપ્ટ બનાવવામાં આવી: ચૈતર વસાવા

# કલેકટર પર દબાણ કરવામાં આવ્યું, માટે કલેક્ટરે પોતાની વાત ફેરવી તોળી: ચૈતર વસાવા

(એજન્સી) નર્મદા/ભરૂચ । તા. 26

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ પત્રકાર પરિષદ દ્વારા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે કાર્યક્રમમાં કરવામાં આવેલ ખર્ચાની માહિતી જિલ્લા સંકલન બેઠકમાં જિલ્લા વહીવટી તંત્ર પાસે માંગી હતી. જેને લઈને મનસુખભાઈ વસાવાના પેટમાં તેલ રેડાયુ હતું. તેમણે પત્રકાર પરિષદ યોજીને એવું કહ્યું હતું કે "ચૈતર વસાવાએ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સતિષભાઈ મોદીને ડરાવ્યા- ધમકાવ્યા અને ૭૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી." આ વાત કાર્યપાલક ઈજનેરે નર્મદાના કલેક્ટર એસ કે મોદીને કરી હતી. એસ કે મોદીએ અમને બોલાવીને આ વાત કરી હતી ત્યારે અમે કહ્યું છે કે "એક પણ રૂપિયો આપવાનો થતો નથી." આ વાતની ગંભીરતા સમજીને અમે 24-12-2025ના રોજ કલેક્ટરને મળવા માટે ગયા હતા. કલેકટરે મિડિયાની ઉપસ્થિતિમાં કહ્યું હતું કે આ વાત બિલકુલ ખોટી છે. બાદમાં કેટલાક મિડિયાએ કાર્યપાલક ઈજનેરનો સંપર્ક કર્યો હતો. તેમણે પણ કહ્યું હતું કે હું તારીખ 7-12 થી રજા પર છું અને આવી કોઈ પણ જાતની રજૂઆત કોઈ અધિકારીને કે કોઈ પણ નેતાને કરી નથી. આ પ્રકરણમાં મારું નામ કઈ રીતે આવ્યું, તે મને સમજાતું નથી. આ વાતને લઈને મનસુખભાઈ વસાવા બોખલાય ગયા છે. તેમણે એટલી હદ સુધી સરકાર અને ભાજપના ઉચ્ચ અને નેતાઓને ધમકી આપી છે કે "હું રાજીનામું આપી દઈશ, પાર્ટી છોડી દઈશ." વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું કે, ત્યારબાદ ઉપરથી સરકારે કલેક્ટરને સમજાવ્યા છે કે "સત્તા સામે શાણપણ સારું ન લાગે. ગુજરાતમાં અને કેન્દ્રમાં અમારી સરકાર છે. અમે જે કહીએ તે તમારે બોલવાનું છે." કલેકટર રજા પર જવાના હતા છતાં પણ મનસુખભાઈને મળવા માટે તેમને ઉપસ્થિત રાખવામાં આવ્યા અને એક આખી વાર્તા તૈયાર કરવામાં આવી. મનસુખભાઈ વસાવા પોતાના મોરચા સાથે ત્યાં પહોંચ્યા, ત્યારે કલેક્ટર કહે છે કે "હેલીપેડ પર થયેલી વાત પ્રમાણે, હું તમારી વાત સાથે સહમત છું." ઓફિસની અને હેલીપેડની વાત આમાં આવે ક્યાંથી? 75 લાખના તોડના આક્ષેપની વાત હતી, તેના ખુલાસાની વાત કરવાની હતી. આજે જ્યારે કલેક્ટર તેમને સમર્થન આપતા હોય, ત્યારે તમે બંધારણીય પદ પર બેસીને બે મોઢાની વાત કરો તે વ્યાજબી નથી. અમે જે માહિતી માંગી છે તે અમને આપી દો, અમે જે ખુલાસો માંગ્યો છે તે ખુલાસો પણ સાત દિવસમાં અમને કલેક્ટર આપે. અમારા રાજકીય કારકિર્દીને નુકસાન થાય, અમારી શાખને નુકસાન થાય એવું અમે ક્યારેય ચલાવી લેવાના નથી. તમામ શાખાઓમાંથી 10 ગણા ખર્ચાઓ થયેલા છે તેમના પર પણ અમે CIDની માંગ કરીએ છીએ.

### સપ્ત શક્તિ સંગમ કાર્યક્રમનું આયોજન

# નખત્રાણામાં માતૃશક્તિનો મહાસંગમ: કેશવ વિદ્યા મંદિરે રચ્યો ઈતિહાસ

મહેશ એલ.સોની | નખત્રાણા તા.26

કચ્છની પવિત્ર ધરા પર જ્યારે સંસ્કાર અને શિક્ષણનો સંગમ થાય છે, ત્યારે આવનારી પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બને છે. વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશ સંચાલિત શ્રી કેશવ સરસ્વતી વિદ્યા મંદિર, નખત્રાણા ખાતે આયોજિત 'સપ્ત શક્તિ સંગમ' કાર્યક્રમે સમગ્ર પંથકમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે. આ માત્ર એક કાર્યક્રમ નહોતો, પણ એક એવું મંચ હતું જ્યાં માતાઓએ પોતાના બાળકોના ભવિષ્ય અને ઘરની સંસ્કૃતિને કેવી રીતે શ્રેષ્ઠ બનાવવી તેનું ભાથું મેળવ્યું હતું. સંસ્કાર અને પૂજાનો પવિત્ર પ્રારંભ કાર્યક્રમના ભાગરૂપે ૨૪ ડિસેમ્બરના રોજ શાળા પરિસરમાં સામૂહિક તુલસી પૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો અને વાલીઓએ અત્યંત ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. તુલસી ક્યારો માત્ર છોડ નથી પણ આપણી આસ્થાનું પ્રતીક છે, તેવા ભાવ સાથે બાળકોએ પર્યાવરણ જાળવણીના શપથ લીધા હતા. સ્થાનિક



સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દ્રશ્ય એટલું મનોહર હતું કે જાણે શાળાના આંગણે સાક્ષાત્ સંસ્કૃતિ અવતરી હોય! માતૃશક્તિ સાથે સીધો સંવાદ તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ આ કાર્યક્રમ તેના મુખ્ય તબક્કે પહોંચ્યો હતો. શાળામાં અભ્યાસ કરતા બાળકોની માતાઓ માટે 'સપ્ત શક્તિ સંગમ' વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ અવસરે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત વિશ્વ હિન્દુ પરિષદ માતાનામઢ જિલ્લા ઉપાધ્યક્ષ શ્રી સોનલબેન શેઠિયાએ નારી શક્તિને સંબોધતા જણાવ્યું હતું કે, ઘર એ માત્ર ઈંટોનું મકાન નથી પણ સંસ્કારોની પાઠશાળા છે. તેમણે કુટુંબ પ્રબોધન અને ઘર ચલાવવાની ભારતીય પદ્ધતિ વિશે ભાવુક માર્ગદર્શન આપ્યું હતું.

### રાજકોટ નકલી દવાઓનું વેચાણ વધતા

## દર્દીઓના જીવ જોખમમાં સરકાર હજુ સુષુપ્ત




રાજકોટ | રંગિલું રાજકોટ હવે નકલી દવાઓના કાળા કારોબારના ભરડામાં આવી રહ્યું હોય તેમ જણાય છે. શહેરમાં રોજની અંદાજે ૨ કરોડ રૂપિયાની દવાઓનું ૧૪૦૦ જેટલા કેમિસ્ટો દ્વારા વેચાણ થાય છે, પરંતુ છેલ્લા એકાદ વર્ષમાં નકલી દવાઓના કિસ્સાઓ સામે આવતા આરોગ્ય વિભાગ અને કેમિસ્ટોમાં ચિંતાની લહેર પ્રસરી છે. જીવ રક્ષક દવાઓમાં થતા આ ડુપ્લીકેશનને કારણે દર્દીઓનું સ્વાસ્થ્ય સુધરવાને બદલે મોતના મુખમાં ધકેલાઈ રહ્યું છે. અસલી જેવું પેકેજિંગ અને કેમિસ્ટોની લાચારી રાજકોટમાં પ્રેગનન્સી અને સર્જરી જેવી ગંભીર સારવારમાં વપરાતી દવાઓનો નકલી જથ્થો પકડાયા બાદ ખળભળાટ મચ્યો છે.

### મેન્ટેનન્સ અને આયોજનના અભાવે પંચાયતો પાયમાલ, ભંગાર હાલતમાં કિંમતી સાધનો

# ડાંગમાં 'સ્વચ્છતા'ના નામે કરોડોનો ધૂમાડો: ભ્રષ્ટાચારના કરંટમાં ઈ-રિક્ષા બની ભંગાર

સુશિલ પવાર | ડાંગ તા.26

કુદરતી સૌંદર્યથી લદબદ ડાંગ જિલ્લામાં વિકાસના નામે જે ખેલ ખેલાઈ રહ્યો છે, તે સાંભળીને કોઈ પણ પ્રમાણિક નાગરિકનું લોહી ઉકળી ઉઠે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા 'સ્વચ્છ ભારત'ના ઓઠા હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે જે ઈ-રિક્ષાઓની વહેંચણી કરવામાં આવી હતી, તે આજે ગ્રામ પંચાયતોના આંગણે લોખંડનો ભંગાર બનીને પડી છે. જે રિક્ષાઓએ રસ્તા પર દોડીને કચરો સાફ કરવાનો હતો, તે રિક્ષાઓ પર આજે ભ્રષ્ટાચારની ધૂળ જામી ગઈ છે. આ મામલે ડાંગ જિલ્લા ગ્રામ વિકાસ વિભાગના નિયામક એસ. ડી. તાબીયાર સામે સ્થાનિકોમાં પ્રચંડ આક્રોશ જોવા મળી રહ્યો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ડાંગની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લીધા વગર જ



ઈ-રિક્ષાઓ ખરીદવાનો નિર્ણય લેવાયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, યોજના બનાવતી વખતે કોઈ પણ પ્રકારના મેન્ટેનન્સ ખર્ચ, ડ્રાઈવરની વ્યવસ્થા કે બેટરી બદલવા અંગેનું આયોજન કરવામાં આવ્યું નહોતું. પરિણામે, યોજના શરૂ થયાના ગણતરીના દિવસોમાં જ નાની-મોટી ખામીઓના કારણે રિક્ષાઓ બંધ થઈ ગઈ. જાણકારો અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, નિયામક એસ. ડી. તાબીયાર દ્વારા રિક્ષાઓની ખરીદીમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે, જેના કારણે હલકી ગુણવત્તાના સાધનો પધરાવી દેવાયા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ડાંગના અંતરિયાળ ગામડાઓમાં જ્યારે રીક્ષા ખરાબ થાય, ત્યારે પંચાયતો પાસે રિપેરિંગ માટે ફંડ હોતું નથી. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ યોજના માત્ર મંત્રીઓના ફોટોસેશન અને સરકારી અહેવાલો પૂરતી જ મર્યાદિત રહી ગઈ છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે, જો ખરેખર સ્વચ્છતાની ઈચ્છા હોત તો પંચાયતોને આર્થિક સહાય કે ટેકનિકલ સપોર્ટ પણ અપાયો હોત. ગરીબ આદિવાસીઓના કલ્યાણ માટે આવતા નાણાં અધિકારીઓના ખિસ્સામાં ગયા હોવાની લોકમુખે જોરશોરથી ચર્ચા થઈ રહી છે.

### ડાંગના નિયામક તાબીયાર સામે કડક કાર્યવાહીની માંગ

હાલમાં જ સુરેન્દ્રનગર કલેક્ટર સામે ઈડીની તપાસના ધમધમાટ વચ્ચે હવે ડાંગના નિયામક તાબીયાર સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે. જો રાજ્ય સરકાર આ ગંભીર ભ્રષ્ટાચાર સામે આંખ આડા કાન કરશે, તો ડાંગની જનતાનો લોકશાહી પરથી વિશ્વાસ ઉઠી જશે. ડાંગ જેવા પછાત વિસ્તારમાં વિકાસના નામે થયેલો આ કરંટ લોકોના દિલને હલાવી નાખનારો છે. સવાલ એ છે કે, શું સરકાર આ ગુનાહિત બેદરકારી માટે જવાબદાર અધિકારીઓને જેલના સળિયા પાછળ મોકલશે? આ તો સમય જ કહેશે, અત્યારે તો ડાંગની સ્વચ્છતા રિક્ષાઓ સાથે ભંગારમાં જતી દેખાઈ રહી છે.

### અમરેલી ખનીજ માફિયા હુમલો

# પિતા પુત્રએ પોલીસ પર કાર ચડાવી જીવલેણ હુમલો કર્યો

(એજન્સી) વડોદરા । તા. 26

અમરેલી જિલ્લામાં બેફામ બનેલા ખનીજ માફિયાઓએ હવે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડ્યા છે. તાલુકા પોલીસે રેતીના ગેરકાયદે ડમ્પર પકડતા જ માથાભારે પિતા-પુત્રની જોડીએ પોલીસ સ્ટેશનમાં ધમાલ મચાવી હતી. આટલું જ નહીં, ફરજ પરના પોલીસ કર્મીઓ પર જાનથી મારી નાખવાના ઈરાદે કાર ચડાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેમાં એક ટીઆરબી જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

ડમ્પર આંતરી પોલીસને ધમકાવ્યા પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલી તાલુકા પોલીસના હેડ કોન્સ્ટેબલ અજીતદાન ગઢવી વાંકિયા ગામ નજીક ફરજ પર હતા ત્યારે રોયલ્ટી ચોરીના બે ડમ્પર ઝડપાયા હતા. આ ડમ્પરો પોલીસ સ્ટેશન લઈ જતી વખતે કેરાળા ગામનો પ્રકાશ સુરેશભાઈ રાઠોડ કાર લઈને ધસી આવ્યો હતો. તેણે પોલીસને ધમકાવતા કહ્યું કે, 'જો ડમ્પર નહીં છોડો તો ખોટા કેસમાં ફસાવી દઈશ.' આટલું કહી તેણે પોતાની જાતે પથ્થર મારીને ઈજા પહોંચાડી પોલીસને ફસાવવાનું નાટક પણ કર્યું હતું.

પોલીસ સ્ટેશનમાં જ જીવલેણ હુમલો પોલીસ જ્યારે ડમ્પરો લઈને સ્ટેશન પહોંચી ત્યારે પ્રકાશનો પિતા અને હિસ્ટ્રીશીટર સુરેશ વીરાભાઈ રાઠોડ પણ ત્યાં ધસી આવ્યો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સુરતમાં KTMની ઓવરસ્પીડે બે મિત્રોનો જીવ લીધો

## ગૈરકાયદેસર રેતી ભરેલા ટ્રક રોકતા પોલીસ કર્મી અને TRB જવાન પર વાહન ચડાવી હત્યાનો પ્રયાસ કર્યો

(એજન્સી) સુરત | તા. 26

સુરતમાં KTMની ઓવરસ્પીડે બે મિત્રોનો જીવ લીધો છે. આજે(26 ડિસેમ્બર) 4 રત્નકલાકાર નોકરી બાદ ચા પીવા ગયા હતા. ત્યાંથી બે મિત્રો અન્ય ફ્રેન્ડની સ્પોર્ટ્સ બાઈક(KTM) લઈ નીકળ્યા, જ્યારે અન્ય બે મિત્રો અન્ય બાઈક લઈ સાથે નીકળ્યા. થોડીવારમાં જ બે મિત્રોની સ્પોર્ટ્સ બાઈકે રફતાર પકડી અને પ્રતિબંધિત BRTS કોરિડોરમાં ઘૂસી. વગર હેલ્મેટે સ્પોર્ટ્સ બાઈક લઈ રફેરફ નીકળેલા મિત્રોનો BRTS ટ્રેકમાં અકસ્માત થયો ને બંને મિત્રોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થઈ ગયા.

ઉલ્લેખનીય છે કે મૃતક દિવ્યેશ કોટડીયા અને રોનક સોલંકી બંને મૂળ ગીર સોમનાથ જિલ્લાના હતા. રોનક પોતાના પરિવારનો એકના એક દીકરા હતા. જ્યારે દિવ્યેશ પરિવારનો મોટો દીકરો હતો. વ્હાલસોયાના અચાનક નિધનથી પરિવાર આઘાતમાં છે.

‘18 વર્ષીય દિવ્યેશ કોટડીયા પરિવારનો મોટો દીકરો હતો’

પુણા પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, મૂળ ગીર સોમનાથ અને સુરતના પુણા વિસ્તારમાં આવેલી નેતલદે સોસાયટીમાં 18 વર્ષીય મૃતક દિવ્યેશ પ્રવીણભાઈ કોટડીયા પરિવાર સાથે રહેતો હતો. દિવ્યેશ પરિવારનો મોટો દીકરો હતો અને સુરતના મીની બજાર ખાતે આવેલા એક કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરીને પરિવારને આર્થિક રૂપે મદદરૂપ થતો હતો.

તો બીજો મિત્ર 23 વર્ષીય રોનક સોલંકી મૂળ ગીર સોમનાથ અને સુરતની વરાછા વિસ્તારમાં આવેલી લક્ષ્મીપાર્ક સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. રોનક પરિવારનો એકનો એક દીકરો હતો. દિવ્યેશની સાથે રત્નકલાકાર તરીકે રોનક કામ કરતો હતો. હીરાના લેસર મશીન પર કામ કરી પરિવારને આર્થિક રૂપે મદદરૂપ થતો હતો.

મૃતક બંને યુવકો રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. મૃતક દિવ્યેશ, રોનક અને અમિત ગામીત સહિત ચાર જેટલા મિત્રો નોકરી પૂર્ણ કર્યા બાદ પુણાગામ વિસ્તારમાં આવેલી વછરાજ ચાની દુકાન પર ચા પીવા ગયા હતા. ચારેય મિત્રો આઠ વાગ્યા સુધી ચા પીને બેઠા હતા. ત્યારબાદ દિવ્યેશે મિત્ર અમિત ગામીતનું KTM બાઈક ચલાવવા માટે લીધું હતું અને તેની પાછળ રોનક બેઠો હતો. દિવ્યેશ અને રોનક બાઈક પર આગળ જતા હતા અને પાછળ બાઈક પર અમિત અને અન્ય એક મિત્ર આવતા હતા. દરમિયાન પુણાગામ ખાતે અકસ્માત નડ્યો હતો.

PI વી.એમ.દેસાઈએ જણાવ્યું હતું કે, પુણા પોલીસ સ્ટેશન વિસ્તારની અંદર કેનાલ રોડ ઉપર રંગ અવધૂત ચાર રસ્તાથી રેશમા ચાર રસ્તાની વચ્ચે જે BRTSનો ડેડિકેટેડ રોડ છે, ત્યાં અકસ્માત થયો છે. સવારે 8થી 8:30ની વચ્ચે KTM બાઈક પર બે યુવકો પસાર થતા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ અથડાવાના કારણે અકસ્માત થયાનું જણાય છે. ટીમ CCTV ચેક કરી રહી છે.

જેથી મારી તમામ ટુ-વ્હીલર ચાલકોને ખાસ વિનંતી છે કે તમે રોડ ઉપર ચાલો તો જે રોડની જે સ્પીડની મર્યાદા છે તે મર્યાદામાં રહો અને હેલ્મેટ ફરજિયાત પહેરવું જોઈએ.જો KTM સ્પોર્ટ્સ બાઈક સ્પીડ લિમિટમાં હોત અને જો હેલ્મેટ પહેર્યું હોત તો આ બનાવ બનતા અટકી શક્યો હોત. ASI કિંજલ કટારાએ જણાવ્યું હતું કે, આજ રોજ અમને પીએસઓ દ્વારા વર્દી મળી હતી કે અહીં એક એક્સિડન્ટ થયો છે. જેમાં ઘટનાસ્થળે બેનું મોત થયું છે. KTM બાઈક ચાલક અને તેના મિત્રનું જગ્યા પર જ મૃત્યુ થયું હતું.

## બૂટલેગરે પૂછ્યું, તમને શું નડે છે? ને પિત્તો ગયો, ટબમાં ભરેલી દારૂની પોટલીઓ ઊંચકીને બહાર ફેંકી દીધી

# સુરતમાં બાળકને કાખમાં તેડી મહિલાના અડ્ડા પર જનતા રેડ...



(એજન્સી) સુરત | તા. 25

સુરતના પાલનપુર ગામમાં દારૂના દૂષણ અને અસામાજિક તત્ત્વોના ત્રાસથી કંટાળેલી મહિલાઓએ પોલીસની રાહ જોયા વગર જાતે જ મેદાનમાં ઊતરી ‘જનતા રેડ’ કરી બૂટલેગરોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. મહાદેવ ફળિયામાં રહેણાક વિસ્તારમાં ચાલતા દેશી દારૂના અડ્ડાને કારણે યુવતીઓની સુરક્ષા જોખમાતી હોવાથી મહિલાઓ રણચંડી બની ત્રાટકી હતી.

બૂટલેગરે જ્યારે ’તમને શું નડે છે?’ કહી ઉદ્ધતાઈ કરી ત્યારે ઉશ્કેરાયેલી મહિલાઓએ દારૂની પોટલીઓ રસ્તા પર ફેંકી દઈ અડ્ડાનો સોથ વાળી દીધો હતો. કાખમાં માસૂમ બાળકને તેડીને પણ મહિલા આ સાહસિક અભિયાનમાં જોડાઈ હતી, જેના પગલે પાલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સ્થાનિકોએ તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

પાલનપુર ગામના મહાદેવ ફળિયામાં છેલ્લા ઘણા સમયથી દેશી દારૂનું વેચાણ પુરજોશમાં ચાલતું હતું. દારૂ પીવા આવતાં અસામાજિક તત્ત્વોને કારણે વિસ્તારની મહિલાઓ અને કોલેજ જતી યુવતીઓ ભારે પરેશાની ભોગવી રહી હતી. દારૂડિયાઓ દ્વારા કરવામાં આવતી હેરાનગતિને લઈને સ્થાનિકોમાં લાંબા સમયથી રોષ ભભૂકી રહ્યો હતો. જ્યારે મહિલાઓ આ અડ્ડો બંધ કરાવવા માટે સમજાવવા ગઈ ત્યારે બૂટલેગરે ઉદ્ધતાઈ બતાવતાં કહ્યું, ’અહીં દારૂ વેચાય તો તમને શું પ્રોબ્લેમ છે? તમને શું નડે છે?’ આ સાંભળતાં જ મહિલાઓનો સંયમ તૂટ્યો હતો. અચાનક જ મહિલાઓનું ટોળું અડ્ડાની અંદર ઘૂસી ગયું હતું અને સાહસ બતાવી જનતા રેડ કરી હતી.

રાત્રિના અંધારામાં જ્યારે ગ્રાહકોની અવરજવર ચાલુ હતી ત્યારે મહિલાઓએ અડ્ડા પર હુમલો કર્યો હતો. એક મહિલાએ ગુસ્સામાં આવીને ટબમાં ભરેલી દારૂની પોટલીઓ ઊંચકીને ફેંકી દીધી હતી અને દારૂનો નાશ કર્યો હતો. મહિલાઓના આ આક્રમક તેવર જોઈને દારૂ વેચનારાઓ અને પીનારાઓમાં નાસભાગ મચી ગઈ હતી.

આ જનતા રેડનું સૌથી આશ્ચર્યજનક અને પ્રેરણાદાયી દ્દશ્ય એ હતું કે એક મહિલા પોતાના નાના માસૂમ બાળકને તેડીને પણ આ સાહસિક અભિયાનમાં જોડાઈ હતી. આ દ્દશ્ય દર્શાવતું હતું કે મહિલાઓ પોતાના પરિવાર અને સંતાનોના ભવિષ્યને બચાવવા કેટલી હદે મક્કમ છે. જ્યારે મહિલાઓનું ટોળું અડ્ડા પર પહોંચ્યું ત્યારે ત્યાં રાત્રિના અંધારામાં દેશી દારૂનું વેચાણ પુરજોશમાં ચાલી રહ્યું હતું.

### પોલીસની કામગીરી પર સવાલો ઊઠ્યા

જનતા રેડ બાદ પાલ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ સમયે સ્થાનિકોએ પોલીસ સામે પોતાનો રોષ ઠાલવતાં કહ્યું હતું કે ’અમે ઘણા સમયથી આ બાબતે લેખિત અને મૌખિક ફરિયાદો કરી રહ્યા છીએ, પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયાં નહોતાં, જેના કારણે અમે જ જનતા રેડ કરી છે.

## ન્યૂઝ ફ્લેશ

### ગીર ગઢડાના બેડીયા ગામમાં બે સિંહણની લટાર જોવા મળી હતી

ઉના | ઉના-ગીરગઢડા પંથક સિંહોના વસવાટ માટે જાણીતો છે. હવે સિંહો જંગલ વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ વધુ જોવા મળી રહ્યા છે. ગીરગઢડા તાલુકાના બેડીયા ગામમાં મોડી રાત્રે બે સિંહણ લટાર મારતી જોવા મળી હતી, જેના દ્રશ્યો ગ્રામજનોએ પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા.

બેડીયા ગામ જંગલ બોર્ડરથી તદ્દન નજીક આવેલું હોવાથી સિંહો અવારનવાર આ વિસ્તારમાં દેખાય છે. ગત રાત્રે આ બંને સિંહણ ગામના પીએચસી સબ-સેન્ટર પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે ગ્રામજનોએ આ દ્રશ્યો પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા. સિંહો દિન-પ્રતિદિન પોતાનો વિસ્તાર વધારી રહ્યા હોય તેમ બેડીયા ઉપરાંત ઉના તાલુકાના છેવાડાના માઢગામમાં પણ છેલ્લા બે દિવસથી બે સિંહનો વસવાટ જોવા મળી રહ્યો છે. ગત રાત્રે માઢગામની સીમમાં બે સિંહ આવી પહોંચ્યા હતા અને તેમને જોવા માટે ગ્રામજનો ઉમટી પડ્યા હતા. માઢગામ વેરાવળ રોડ પર આવેલું અને જંગલથી ઘણું દૂર છે.

સિંહો શિકારની શોધમાં પોતાનો વિસ્તાર વધારી રહ્યા છે. તેનું મુખ્ય કારણ એ છે કે જંગલમાં માલધારીઓની સંખ્યા ઓછી થવાથી સિંહોને તેમની જરૂરિયાત મુજબ મારણ મળતું નથી, જેના કારણે તેઓ ગ્રામ્ય વિસ્તારો તરફ આગળ વધી રહ્યા છે.

આ સ્થિતિને જોતા વન વિભાગ દ્વારા વનકર્મીઓ અને વનમિત્રો દ્વારા રાત્રિના સમયે સતત પેટ્રોલિંગ રાખવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

### નવાપરામાં મનપાએ 5થી વધુ વાહનોને લોક કરી દંડ ફટકાર્યો

ભાવનગર | દબાણ વિભાગની ટિમ દ્વારા આજરોજ શહેરના નવાપરા વિસ્તારમાં આવેલ પશુ દવાખાના પાસે રોડ ઉપર વાહનો પાર્ક કરવામાં આવેલા, જેના પગલે અવાર-નવાર ટ્રાફિક સમસ્યા થતી હતી, જેમાં સ્થાનિકો દ્વારા મનપાના દબાણ વિભાગને અવાર-નવાર ફરિયાદો કરવામાં આવી હતી. ત્યારે આજરોજ દબાણ ટીમ દ્વારા રોડ ઉપર પાર્ક કરેલ રીક્ષા, લોડિંગ રીક્ષા સહિત 5થી વધુ વાહનોને લોક કરવામાં આવ્યા છે, અને વાહનોને લોક કરી દંડ વસુલવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અંગે દબાણ વિભાગના ઈન્સ્પેક્ટર સુરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, શહેરના નવાપરા વિસ્તારમાં અવારનવાર ટ્રાફિકની અનેક વખત ફરિયાદ આવતી હોવાથી પશુ દવાખાનાની આજુબાજુમાં આસ-પાસના લોકો લાંબા સમયથી વાહનો પાર્ક કરી અને જતા રહેતા હોય છે. જ્યારે આજરોજ વાહનોને લોક કરી દંડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેને વધુમાં કહ્યું કે, અત્યાર સુધીમાં પાંચથી સાત જેટલા વાહનોને લોક કરી દંડ વસૂલવાની કાર્યવાહી ચાલુ છે. અને આગામી સમયમાં જે પણ ટ્રાફિક વાળા વિસ્તારો છે, કાળુભા રોડ, નવાપરા ના બીજા વિસ્તારો સહિત અનેક વિસ્તારોમાં ટ્રાફિક મુક્ત કરવા માટે રોડ રસ્તા ખુલ્લા રાખવા માટે ભાવનગર મહાનગરપાલિકાની દબાણ સેલ દ્વારા ટ્રાફિક મુક્ત કરવાની કાર્યવાહી અવિરત ચાલુ રાખવામાં આવશે.

# ફસાયેલા યુવકોની વહારે આવ્યા ધારાસભ્ય

## કેતન ઈનામદારે PM મોદી, અમિત શાહ અને વિદેશમંત્રીને પત્ર લખી રજૂઆત કરી; પરિવારજનોમાં સુરક્ષિત વાપસીની આશા જાગી...

**વીડિયો વાઈરલ કરી મદદની ગુહાર લગાવી :** મ્યાનમારમાં ફસાયેલા યુવક કુંજન શાહે વાઈરલ વીડિયોમાં જણાવ્યું છે કે, અમે બધા ભારતથી છીએ. ઠગાઈ કરીને અમને બધાને અહીં મ્યાનમારમાં લાવવામાં આવ્યા છે. ડેટા એન્ટ્રી જેવાં કામોનું બહાનું આપીને અમને અહીં બોલવામાં આવ્યા હતા. અહીં આવ્યા પછી અમને બળજબરીપૂર્વક 14થી 18 કલાક સુધી બીજું જ કંઈ અલગ જ કામ કરાવવામાં આવી રહ્યું છે.

સાવલી, વડોદરા | વિદેશમાં ઊંચા પગારની લાલચે ડેટા એન્ટ્રીની નોકરી કરવા ગયેલા વડોદરા અને ગુજરાતના આશરે 100 જેટલા યુવકો મ્યાનમારમાં ફસાઈ જવાની એક ઘટના ગઈકાલે સામે આવી હતી. આ ગંભીર મામલે આજે (26 ડિસેમ્બર) સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે ફસાયેલા યુવકોને સુરક્ષિત ભારત પરત લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કેન્દ્રીય મંત્રીઓને પત્ર લખી રજૂઆત કરી છે.

ગઈકાલે સામે આવેલા અહેવાલો મુજબ, વડોદરા જિલ્લાના સાવલી અને ડેસર તાલુકાના યુવકો સહિત ગુજરાતના અનેક યુવકોને વિદેશમાં વધુ આવકની લાલચ આપી મ્યાનમાર મોકલવામાં આવ્યા હતા. ત્યાં ગયા પછી યુવકોને સમજાયું કે તેમની સાથે છેતરપિંડી થઈ છે અને તેઓ ડેટા એન્ટ્રીના નામે ચાલતા મોટા રેકેટમાં ફસાઈ ગયા છે. આ યુવકો હાલમાં અત્યંત કપરી અને અસુરક્ષિત પરિસ્થિતિમાં છે.

આ માનવીય સંવેદના ધરાવતા વિષયની ગંભીરતાને જોઈ ધારાસભ્ય કેતન ઈનામદારે તાત્કાલિક અસરથી તારીખ 26-12-2025ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરને પત્ર લખ્યો છે. આ ઉપરાંત તેમણે વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશીને પણ આ બાબતે જાણ કરી હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે.



ધારાસભ્યએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, તેમના મતવિસ્તાર સાવલીના સાંઢાસાલ ગામનો ગુંજન શાહ અને ડેસર તાલુકાના અન્ય 10 જેટલા યુવકો પણ મ્યાનમારમાં ફસાયેલા છે. આ યુવકોએ એક વીડિયો સંદેશ દ્વારા ભારત સરકાર પાસે સ્વદેશ વાપસી માટે આર્તનાદ કર્યો છે.

કેતન ઈનામદારે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે, આ ગંભીર વિષયમાં તાત્કાલિક હસ્તક્ષેપ કરી સંબંધિત અધિકારીઓને આદેશ આપવામાં આવે જેથી છેતરપિંડીનો ભોગ બનેલા આ ભારતીય યુવકોને વહેલીતકે સુરક્ષિત રીતે ભારત પરત લાવી શકાય.

સાવલીના સાંઢાસાલ ગામના ગુંજન શાહ સહિત કુલ 10 યુવકોને એજન્ટો દ્વારા ડેટા એન્ટ્રીની નોકરીની લાલચ આપવામાં આવી હતી, જોકે, મ્યાનમાર પહોંચ્યા બાદ આ યુવકોને ખ્યાલ આવ્યો કે તેઓ કોઈ મોટા સાયબર ક્રાઈમ રેકેટ અથવા છેતરપિંડીના નેટવર્કમાં ફસાઈ ગયા છે. જેથીતક મળતાં જ આ યુવકો કંપનીમાંથી ભાગી છૂટ્યા હતા. છેલ્લા 20 દિવસથી મદદ માટે વલખાં મારતા આ યુવકોએ ગતરોજ (25 ડિસેમ્બર) સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ કરી ભારત સરકાર પાસે વતન પરત લાવવા માટે આજીજી કરી છે.

હાલમાં આ યુવકો મ્યાનમારના માયા વાડી વિસ્તારમાં એક સ્થાનિક NGO દ્વારા ચલાવવામાં આવતા સેફ હાઉસમાં આશરો લઈ રહ્યા છે. વાઈરલ વીડિયોમાં યુવકોએ જણાવ્યું છે કે, તેમનું ઈમિગ્રેશન થઈ ગયું હોવા છતાં છેલ્લા 20 દિવસથી કોઈ સત્તાવાર મદદ મળી નથી. તેમની પાસે રહેલા પૈસા ખૂટી ગયા છે.

# રાપરથી 22 કિમી દૂર 4.6ની તીવ્રતાનો ભૂકંપ :સવારે કચ્છની ધરા ધ્રૂજી

(એજન્સી) કચ્છ (ભુજ ) | તા. 26

કચ્છમાં વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 4.6 નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી આશરે 22 કિલોમીટર દૂર રણ કાંધી નજીક નોંધાયું હતું.

વહેલી સવારે 4.30 વાગ્યે આવેલા આ આંચકાને કારણે નજીકના વણોઈ અને આસપાસના ગેડી ગામ સહિતના વિસ્તારોમાં લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા. તો રાપર અને ભચાઉ સુધી આંચકાની અસર વર્તાઈ હતી. બારી દરવાજા ખખડી ઉઠ્યા હતા. 4.6ની તીવ્રતાના આંચકાથી સામાન્ય રીતે મકાનો કે જાનમાલને મોટું નુકસાન થવાની શક્યતા ઓછી હોય છે.

વાગડમાં વહેલી સવારે ધરતી ધ્રુજી ઉઠી હતી. જેથી ભારે અવાજની સાથે લોકોને ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. રાપરની એક મોબાઈલ શોપના CCTVમાં આ ભૂંકપની ધ્રુજારી કેદ થઈ હતી. કચ્છમાં આવેલી ’વાગડ ફોલ્ટ લાઈન’ સક્રિય હોવાને કારણે ભચાઉ અને રાપર વચ્ચેના વિસ્તારમાં આવા આંચકા વારંવાર અનુભવાય છે. કચ્છ જિલ્લામાં બે દિવસ પહેલા એટલે કે 24 તારીખે પણ સવારે 10.49 કલાકે 3.0ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ત્યારે આંચકાનું કેન્દ્રબિંદુ ભચાઉ તાલુકાથી 10 કિલોમીટર દૂર કરમરિયા ગામ નજીક નોંધાયું હતું. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી દ્વારા આ આંચકાની તીવ્રતા 3.0 નોંધવામાં આવી હતી.

# પિલર સાથે અથડાયા બાદ કાર ઊછળીને પુલ નીચે ખાબકી : કારના ફુરચેફુરચા ઊડી ગયા, દંપતીનો આબાદ બચાવ, પાટડી અને જરવલા રોડ પર અકસ્માત

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 26

પાટડી-જરવલા રોડ પર એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જતી કાર પિલર સાથે અથડાઈને 10 ફૂટ હવામાં ઊછળી હતી. એ બાદ એ પલટી મારી પૂલ નીચે ખાબકી હતી, જેથી કારના ફુરચેફુરચા ઊડી ગયા હતા, જોકે સદનસીબે કારમાં સવાર લખતરનાં દંપતીનો આબાદ બચાવ થયો હતો. આ ઘટના CCTVમાં પણ કેદ થઈ છે.

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં આવેલા પાટડી-ફુલકી રોડ પર જરવલા અને નવરંગપુરા ગામ વચ્ચે આ અકસ્માતની ઘટના બની હતી. લખતરના વતની હાર્દિકભાઈ તેમનાં પત્ની સાથે જરવલા ગામ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ટર્નિંગ પાસે કાર પૂલ પરના પિલર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર બાદ કાર 10 ફૂટ જેટલી ઊછળી પલટી ખાઈ ગઈ હતી. એ બાદ પુલ પરથી નીચે ખાબકી હતી, જેથી કારના ફુરચેફુરચા ઊડી ગયા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે કારનાં આગળનાં બન્ને વ્હીલ અલગ પડી



ગયાં હતાં અને પુલ પર જ રહી ગયાં હતાં, જ્યારે કારનો બાકીનો ભાગ પુલ નીચે ખાબક્યો હતો.

આ અકસ્માતમાં કારને મોટે પાયે નુકસાન થયું હતું, જોકે દંપતીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, એ બાદ તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પાટડી પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સ્થાનિકો દ્વારા પાટડી-ફુલકી રોડની બિસ્માર હાલત અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ રોડ પર અવારનવાર અકસ્માતો બનતા હોવાથી તાત્કાલિક રોડ રિપેરિંગ કામ હાથ ધરવાની વ્યાપક માગ ઊઠી છે.

રાત્રે શહેરના દિવાળીપુરા કોર્ટ સામેના રોડ પર સુરેશ ચૌધરી નામનો એક્ટિવાચાલક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવે છે. બાદમાં તે રોડ પર પટકાય છે અને લોહીલુહાણ થતાં જ તેને સ્થાનિક રાહદારીઓ 108 મારફત સયાજી હોસ્પિટલમાં ખસેડે છે, પરંતુ ટૂંકી સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજે છે. આ ઘટનાના CCTVમાં કેદ થઈ હતી. આજથી પાંચ દિવસ પહેલાં વડોદરાના નંદેસરી બ્રિજ પર એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. એમાં બ્રિજ પરથી પસાર થઈ રહેલા મોપેડસવાર યુવકને અજાણ્યા વાહનના ચાલકે ટક્કર મારતાં યુવક ઊછળીને બ્રિજની દીવાલ પર પડ્યો હતો.

## શ્વાસ લેવામાં તકલીફ થતાં 1 બાળકી ICUમાં, રાત્રિ ભોજન બાદ અચાનક ઊલટી અને પેટમાં દુખાવો શરૂ થયો હતો

# મોડલ સ્કૂલમાં ફૂડ-પોઈઝનિંગથી 22 બાળકોની તબિયત લથડી

(એજન્સી) મહેસાણા | તા 26

મહેસાણાના સતલાસણા તાલુકાના ગોરિયાપુર ગામમાં આવેલી આદર્શ નિવાસી મોડલ સ્કૂલની હોસ્ટેલમાં ક્રિસમસની ઉજવણી બાદ ભોજન લેવાથી 20થી 22 જેટલી વિદ્યાર્થિનીઓને અચાનક ફૂડ-પોઈઝનિંગની અસર થતાં સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ હતી.

રાત્રિનું ભોજન અને ચોકલેટ લીધા બાદ વિદ્યાર્થિનીઓને સતત ઉધરસ, ઊલટી અને પેટમાં દુખાવાની ફરિયાદ ઊઠતાં પાંચ એમ્બ્યુલન્સ મારફત તાત્કાલિક વડનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. હોસ્પિટલમાંથી મળતી માહિતી અનુસાર, શ્વાસની તકલીફના કારણે 5 બાળકોને ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી 4 બાળકોમાં સુધારો આવતા



તેમને નોર્મલ વોર્ડમાં શિફ્ટ કરાયા હતા. જ્યારે એક બાળકને હજી પણ શ્વાસની તકલીફના કારણે ICUમાં રાખવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતના સદસ્ય કુલદીપ સિંહ ચૌહાણના જણાવ્યા મુજબ, કેટલીક બાળકીઓને અસહ્ય ખાંસીને કારણે ઓક્સિજન લેવલ પણ ઘટી ગયું હતું, જોકે હાલ તમામ વિદ્યાર્થિનીઓની હાલત સુધારા પર છે અને આરોગ્ય વિભાગ દ્વારા હોસ્ટેલના ભોજનનાં સેમ્પલ લઈને આ મામલે તપાસ તેજ કરવામાં આવી છે. હાલમાં 20થી 22 વિદ્યાર્થિનીને અસર થઈ છે અને તબિયત સુધારા પર છે.

ડામોર પ્રિંકલબેન લક્ષ્મણભાઈએ જણાવ્યું હતં કે સ્કૂલમાં ક્રિસમસની રજા હતી અમે એની ઉજવણી કરી હતી. સાંજના પાંચ વાગ્યે બધું ડેકોરેશન કરીને અમે હાજરી પૂરી અને પછી જમવા બેઠા. જમીને થોડીવાર આંટા માર્યા બાદ સ્પીકર કાઢીને નાચ્યા હતા. ક્રિસમસને કારણે બધાને નાચવાનું મન હતું, પરંતુ મેડમ ના પાડતાં હતાં એમ છતાં બધાં નાચ્યાં. થોડીકવાર થઈને મેડમે ચોકલેટો આપી અને એ ખાધી ને પછી વાંચવાનું હોવાથી અમે સંખ્યા ગણી રહ્યા હતા, એ દરમિયાન છોકરીઓને ઉધરસ અને ઊલટી થવા લાગી. શિક્ષકોએ તરત રિક્ષા મગાવી અમને દવાખાને લઈ ગયાં. અહીં અમને લગભગ દસ વાગ્યે એમ્બ્યુલન્સમાં લાવ્યા હતા.

ડો. એસ. પટેલ જણાવ્યું વધુમાં જણાવ્યું હતું કે, 5 જે ICUમાં દાખલ છે, એમાંથી 4 વિદ્યાર્થિનીની તબિયત એકદમ સ્ટેબલ છે. જેને અમે થોડા સમયમાં પાછા વોર્ડમાં શિફ્ટ કરી દઈશું. 1 બાળકને થોડી શ્વાસની તકલીફ છે એની સારવાર ચાલુ છે. બાકીના જે 12 બાળકો ફીમેલ વોર્ડમાં છે એ એકદમ સ્ટેબલ છે. એમને અત્યારે કોઈ તકલીફ નથી અને એમનું ખાવા-પીવાનું પણ સ્ટાર્ટ કરી દીધું છે. પ્રાથમિક અમને એવું લાગે છે કે, કદાચ આનું કારણ એલર્જી વાળી વસ્તુ આરોગી હોવાથી ફૂડ પોઈઝનિંગ થયું.

# ખંગેલા બોર્ડર પર વાહન ચેકિંગ દરમિયાન કતવારા PI પર હુમલો : બે શખસો ઝડપાયા

(એજન્સી) દાહોદ | તા. 26

ખંગેલા બોર્ડર પર વાહન ચેકિંગ દરમિયાન કતવારા PI પર હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશ તરફથી આવતી આઈસર ગાડીને ચેકપોસ્ટ પર અટકાવતા ચાલક ગાડી લઈને ભાગી ગયો હતો. કતવારા PI ઉમેશ ગાવિત સહિત પોલીસે ગાડીનો પીછો કરી વાહન ઝડપી પૂછપરછ શરૂ કરી હતી. આ પૂછપરછ દરમિયાન બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. જેમાં PIને પથ્થર મારી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો.

આ હુમલામાં PI ઉમેશ ગાવિતને મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. જેથી તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે ડીવાયએસપી, એલસીબી, એસઓજી સહિત પોલીસનો મોટો કાફલો સ્થળે પહોંચ્યો હતો. પોલીસે બે શખ્સોને ઝડપી લીધા છે. જ્યારે પથ્થરથી હુમલો કરનાર ડ્રાઈર ફરાર થઈ ગયો છે. કતવારા PI પર થયેલા હુમલા બાબતે દાહોદ ડીવાયએસપી જગદીશ ભંડારીએ જણાવ્યું હતું કે, ગત રાત્રીના 1:00 વાગ્યાની આસપાસ કતવારા પોલીસ મથકના પી.આઈ ઉમેશ ગાવીત અને એમની ટીમ MP બોર્ડરને અડીને આવેલી ખંગેલા ચેકપોસ્ટ ઉપર વાહન ચેકિંગ કરી રહ્યા હતા, તે દરમિયાન એક આઈસર ગાડી બોર્ડર પરથી પસાર થાય છે તે ગાડીને પોલીસ દ્વારા ઈશારો કરીને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ આઈસર ચાલકે ગાડી ઊભી નહીં રાખતા ગાડી લઈને ભાગી ગયો હતો.

કતવારા પી આઈ તેમની ટીમ સાથે ગાડીનો પીછો કરે છે અને દોઢથી બે કિલોમીટર આગળ જઈને ગાડીને ઉભી રખાવે છે, આઈસર ગાડીમાંથી ડ્રાઈવરને નીચે ઉતારવામાં આવે છે અને ત્યારબાદ પોલીસ સાથે ડ્રાઈવરની બોલાચાલી થાય છે. તે દરમિયાન ડ્રાઈવર ત્યાંથી ભાગવા લાગે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. આજ ના દિવસે ઘર માં કોઈ ઇલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશો તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે.

**મિથુન : ક. છ. ઘ.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે.

**કર્ક : ડ. હ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**સિંહ : મ. ટ.**

મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**કન્યા : પ. ઠ. ણ.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે.

**તુલા : ર. ત.**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશો તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

**મકર : ખ. જ.**

તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે?

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**મીન : દ. ચ. ઝ. થ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે.

### સાસરિયાઓનો જુલમ અને બીજી પત્ની લાવવાની ધમકી

# મહેમદાવાદ મોદજ પરિણીતા ત્રાસ: 'બીજી પત્ની લાવવાની છે' કહી પતિ અને સાસરીયાઓએ કાઢી મૂકી

(એજન્સી) નડિયાદ | તા.26




નડિયાદ: ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોદજ ગામે સામાજિક મૂલ્યોના લીરેલીરા ઉડાવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક પરિણીતાને તેના પતિના આડા સંબંધોનો ઠપકો આપવો મોંઘો પડ્યો છે. સાસરિયાઓએ પરિણીતાને 'તને રાખવાની નથી અને બીજી પત્ની લાવવાની છે' તેમ કહીને માનસિક અને શારીરિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, કઠલાલ તાલુકાના રતનપુરના હીરલબેન ચૌહાણના લગ્ન ફેબ્રુઆરી ૨૦૨૨માં મોદજ ગામના ભાવેશ કિરીટભાઈ ડાભી સાથે થયા હતા. દંપતીને એક સંતાન પણ છે. જોકે, હીરલબેનનો આક્ષેપ છે કે તેમનો પતિ ભાવેશ કોઈ કામ-ધંધો કરતો ન હતો અને અન્ય સ્ત્રીઓ સાથે આડા સંબંધ ધરાવતો હતો. જ્યારે પણ હીરલબેને આ બાબતે તેને ઠપકો આપ્યો, ત્યારે ભાવેશ અને તેના માતા-પિતાએ તેને મારઝૂડ કરી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ ભાવેશ કોઈ અજાણી સ્ત્રી સાથે ઘર છોડીને ભાગી ગયો હતો. હીરલબેનના પિયરિયાઓએ જ્યારે સાસરીમાં જઈને ભાવેશને શોધી લાવવાની વાત કરી, ત્યારે સાસુ-સસરાએ ઉદ્ધત જવાબ આપ્યો હતો કે તેઓ શોધવા જવાના નથી. એટલું જ નહીં, ૫ નવેમ્બરના રોજ હીરલબેનને સાસરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા અને બીજી પત્ની લાવવાની ધમકી આપવામાં આવી હતી. વારંવારના ત્રાસ અને અપમાનથી કંટાળીને આખરે હીરલબેને મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવી છે. પોલીસે હીરલબેનની ફરિયાદના આધારે તેમના પતિ ભાવેશભાઈ કિરીટભાઈ ડાભી, સસરા કિરીટભાઈ મગનભાઈ ડાભી અને સાસુ રમીલાબેન ડાભી સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ કિસ્સો ફરી એકવાર મહિલાઓ સામે થતા ઘરેલું હિંસા અને નૈતિક મૂલ્યોના અધ:પતન તરફ અંગુલિનિર્દેશ કરે છે. જ્યારે પતિ જ અન્ય સંબંધોમાં લિપ્ત હોય અને સાસરિયાઓ પણ તેને પ્રોત્સાહન આપે, ત્યારે પરિણીતાની હાલત કફોડી બની જાય છે. પોલીસ હવે આ મામલે ફરાર પતિ અને અન્ય આરોપીઓની પૂછપરછ કરી પુરાવા એકત્ર કરી રહી છે.

### અકસ્માત મોત પોલીસ તપાસ તેજ

## ચમારડી માર્ગ જીવલેણ અકસ્માત બે વૃદ્ધના મોત

વલ્લભીપુર: ભાવનગર જિલ્લાના વલ્લભીપુર પંથકમાં માર્ગ અકસ્માતની વણઝાર યથાવત રહી છે, જેમાં આજે સવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વલ્લભીપુર-ચમારડી માર્ગ પર આવેલા સુપ્રસિદ્ધ મહેન્દ્રપુરમ્ મંદિર પાસે એક બેફામ ગતિએ આવતી કારે મોટર સાયકલ સવાર બે વૃદ્ધોને જોરદાર ટક્કર મારતા બંનેના કરુણ મોત નીપજ્યા છે. વાડીએથી પરત ફરી રહેલા મિત્રોને કાળ આંબી જતાં સમગ્ર ચમારડી પંથકમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. આ મામલે સ્થાનિક પોલીસે ગુનો નોંધી ફરાર કાર ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.વાડીએથી પરત ફરતી વખતે કાળ આંબી ગયો

તબીબોએ બંને વૃદ્ધોને મૃત જાહેર કર્યા ટક્કર એટલી ભયાનક હતી કે બંને વૃદ્ધો રોડ પર પટકાયા હતા અને તેમને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો અને રાહદારીઓ તુરંત જ મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી વલ્લભીપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તપાસ બાદ બંનેને મૃત જાહેર કરતા હોસ્પિટલ પરિસરમાં કરુણ દ્રશ્યો સર્જાયા હતા. આ અંગે સુરત સ્થિત સંબંધી મનજીભાઈ જસાણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### પશુ ભરી આપ્યાની કબૂલાત

## હેરંજ ચેકપોસ્ટ પાસેથી પિકઅપમાં પશુની હેરાફેરી કરતા બે ઝડપાયા

નડિયાદ: મહુધા પોલીસે બુધવારની રાત્રિના હેરંજ ચેક પોસ્ટ ઉપરથી પિકઅપ ગાડીમાં ક્રૂરતાપૂર્વક બાંધીને કતલખાને લઈ જવાતા બે મૂંગા પશુઓ સાથે ડ્રાઈવર ક્લીનરને ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે મહુધા પોલીસે પાંચ શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મહુધા પોલીસ બુધવારની રાત્રિના પોલીસ સ્ટેશનમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, અલીણા તરફથી પિકઅપમાં મૂંગા પશુઓ ભરીને કતલખાને લઈને જનાર છે. જેથી પોલીસે હેરંજ ચેક પોસ્ટ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન અલીણા તરફથી આવતી પિકઅપ ગાડીને ઉભી રખાવી ડ્રાઈવર ક્લિનરની પૂછપરછ કરતા સાકીર અહેમદભાઈ ચૌહાણ અને હનીફ મહેબુબભાઈ કુરેશી આ પિકઅપ ગાડીમાં બહિયલથી સિરાજ નામના શખ્સે બે ભેંસો ભરી આપેલી છે. જ્યારે ફઝલ મલેક અને સમીર મલેકએ પશુઓ મંગાવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ગાડીની તલાસી લેતા ગાડીમાંથી ટૂંકા દોરડાથી ક્રૂરતાપૂર્વક બાંધેલી બે ભેંસો મળી આવી હતી.

### બાઈક સ્લિપ થતા ગંભીર ચાલકનું સારવાર દરમિયાન મોત

આણંદ: આંકલાવથી અંબાલી જવાના રોડ પર રૂપણી માતાજીના મંદિર નજીક ગત શુક્રવારે સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૫૦ વર્ષીય બાઈક ચાલકનું સારવાર દરમિયાન વડોદરાની હોસ્પિટલમાં મોત નિપજ્યું છે. આ બનાવ અંગે આંકલાવ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બોરસદ તાલુકાના કોઠીયાખાંડ ગામના રહીશ અશોકભાઈ છત્રસિંહ પઢીયાર ગત તારીખ ૧૯ ડિસેમ્બરે બપોરના એક વાગ્યાની આસપાસ બાઈક લઈને ભેટાસી તળપદ ખાતે પોતાની સાસરીમાં જવા નીકળ્યા હતા.

### જમીન વિવાદ

## જમીન મુદ્દે વકીલને ફોન પર ધમકી

ભાવનગર: સંસ્કારી નગરી ભાવનગરમાં વારસાઈ જમીનના વિવાદમાં શહેરના એક પ્રતિષ્ઠિત વકીલને ટેલિફોનિક ધમકી આપવાની ઘટના પ્રકાશમાં આવતા કાયદાકીય આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. લાંબા સમયથી કોર્ટમાં ચાલી રહેલા જમીન વહેંચણીના વિવાદનો ખાર રાખીને આરોપીએ વકીલ અને તેમના પરિવારને બિભત્સ ગાળો આપી ધમકાવ્યા હોવાની વિગતો સામે આવી છે. આ ગંભીર મામલે નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.જમીનની વહેંચણીનો વિવાદ કોર્ટના દ્વારે શહેરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલી રામનગર સોસાયટીમાં રહેતા અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા શિવભદ્રસિંહ દિલાવરસિંહ ગોહિલના માતાની વારસાઈ જમીન તેમના મોસાળ પક્ષમાં આવેલી છે. આ જમીનની વહેંચણી અંગે છેલ્લા કેટલાક સમયથી ન્યાયિક પ્રક્રિયા ચાલી રહી છે. આ વારસાઈ જમીન બાબતે તેમના માતાના ભત્રીજીના પતિ હરદેવસિંહ બહાદુરસિંહ ચુડાસમા સાથે વિવાદ ચાલી રહ્યો છે, જે હાલ કોર્ટમાં પડતર છે. આ કાયદાકીય લડાઈનો રાગદ્વેશ રાખીને હરદેવસિંહે વકીલને નિશાન બનાવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા પોતાના અને પરિવારના જીવ પર જોખમ જણાતા વકીલ શિવભદ્રસિંહ ગોહિલે આખરે કાયદાનો સહારો લીધો છે.

### ખેડા એલસીબીએ કટિંગ સમયે જ દરોડો પાડયો

## ગુતાલ પાસેથી 22.19 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

### દારૂનો જથ્થો, કન્ટેનર, પ્લાસ્ટિકના દાણાની થેલીઓ સહિત રૂ. ૬૫.૯૧ લાખની મત્તા જપ્ત, ૧૦ સામે ગુનો



નડિયાદ: ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે વડતાલ પોલીસ મથકની હદમાં આવતા ગુતાલ વિસ્તારમાંથી વિદેશી દારૂના મોટા જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડયો છે. નાતાલ અને આગામી ૩૧ ડિસેમ્બરના તહેવારોને અનુલક્ષીને પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન આ સફળતા મળી છે. બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે વિદેશી દારૂ, બિયરના ટીન, ચાર વાહનો અને પ્લાસ્ટિકના દાણા સહિત કુલ ૬૫,૯૧,૯૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ખેડા એલસીબીનો સ્ટાફ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન નરસંડા ચોકડી પાસે ખાનગી બાતમીદારથી ચોક્કસ માહિતી મળી હતી કે, વાસુદેવ ઉર્ફે વાસુ તળપદા, કિશન ઉર્ફે બોડો તળપદા, રવિ તળપદા, ભુપેન્દ્ર ઉર્ફે ભોપો પરમાર અને ઉર્વેશ તળપદા નામના શખ્સોએ બહારના રાજ્યમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવ્યો છે. આ જથ્થો ગુતાલ ગામે દશામાતાના મંદિરની સામે આવેલી નળીમાં કન્ટેનરમાંથી અન્ય વાહનોમાં કટિંગ કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે રેઈડ કરી હતી. પોલીસને જોઈને અંધારાનો લાભ લઈ કેટલાક માણસો નાસી છૂટયા હતા, પરંતુ પોલીસે પીછો કરીને અમિતકુમાર ઉર્ફે અંબુ તળપદા નામના એક શખ્સને ઝડપી પાડયો હતો.

આ દરમિયાન દારૂ ભરેલા કન્ટેનરનો ચાલક વાહન લઈને ભાગવા જતા રસ્તામાં કન્ટેનર ફસાઈ ગયું હતું, જેથી ચાલક વાહન મૂકીને ખેતરોમાં નાસી ગયો હતો. પોલીસે સ્થળ પર તપાસ કરતા કન્ટેનર અને અન્ય વાહનોમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ અને બિયરની કુલ ૯,૧૫૬ નંગ બોટલો મળી આવી હતી, જેની કિંમત ૨૨,૧૯,૦૪૦ રૂપિયા થાય છે. આ ઉપરાંત પોલીસે ૨૨,૮૦,૦૦૦ રૂપિયાની કિંમતના ચાર વાહનો, ૧૦,૦૦૦ રૂપિયાનો એક મોબાઈલ ફોન અને કન્ટેનરમાં દારૂ છુપાવવા માટે રાખવામાં આવેલી ૨૦,૮૨,૮૮૦ રૂપિયાની કિંમતની પ્લાસ્ટિકના દાણાની થેલીઓ કજે કરી છે.

### ફરિયાદ | શાળા નં 53 આચાર્ય શિક્ષક ઝઘડો ઉગ્ર

## શાળા વિવાદ: આચાર્યએ શિક્ષકને ઝીંકી દીધી થપાટ

(એજન્સી) ભાવનગર | તા.26

શહેરના આખલોલ જકાતનાકા વિસ્તારમાં આવેલી એક પ્રાથમિક શાળામાં વિદ્યાના ધામને લાંછન લાગે તેવી ઘટના સામે આવી છે. બાળકોને સંસ્કાર આપતા શિક્ષકો અને આચાર્ય વચ્ચે સામાન્ય રજા બાબતે થયેલો વિવાદ ઉગ્ર બની મારામારી સુધી પહોંચ્યો હતો. શ્રી પ્રમુખ સ્વામી મહારાજ પ્રાથમિક શાળા નં. ૫૩ માં આચાર્યએ તમામ સ્ટાફની હાજરીમાં શિક્ષિકાના પતિ (જેઓ પણ ત્યાં જ શિક્ષક છે) તેમને લાફા ઝીંકી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા શિક્ષણ જગતમાં ભારે ચર્ચાઓ જાગી છે.રજાના રજિસ્ટર પરથી શરૂ થયો વિવાદ ઘટનાની વિગતો મુજબ, શહેરના શાસ્ત્રીનગરમાં રહેતા પ્રિતીબેન દિલિપસિંહ ચૌહાણ કે જેઓ આખલોલ જકાતનાકા પાસેની પ્રાથમિક શાળા નં. ૫૩ માં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે, તેઓ ગત રોજ બપોરે શાળામાં હાજરી પત્રકમાં સહી કરી રહ્યા હતા. આ સમયે અન્ય એક શિક્ષિકા હેતલબેન ભેડાએ તેમની પાસે આવીને જણાવ્યું હતું કે, તમારી અડધી સીએલ (Casual Leave) રજિસ્ટરમાં ચડાવવાની બાકી છે. આ બાબતે પ્રિતીબેને પોતે આચાર્ય સાથે વાત કરી લેશે તેમ કહેતા હેતલબેન ઉશ્કેરાઈ ગયા હતા અને બોલાચાલી શરૂ કરી દીધી હતી. આચાર્યની મધ્યસ્થી અને ત્યારબાદનું રોદ્ર સ્વરૂપ આ નજીવી બાબતે શિક્ષિકા હેતલબેને આચાર્ય પુનિત ઉપાધ્યાય પાસે જઈને કાનભંભેરણી કરી હતી. જેના પગલે આચાર્યએ તુરંત જ તમામ શિક્ષકોની મીટિંગ બોલાવી હતી. આરોપ છે કે, આ મીટિંગ દરમિયાન આચાર્યએ તમામ સહકર્મચારીઓની હાજરીમાં પ્રિતીબેન અને તેમની સાથે જ નોકરી કરતા તેમના પતિ દિલિપસિંહને અપશબ્દો કહી ભારે અપમાનિત કર્યા હતા. મીટિંગ બાદ મામલો શાંત થવાને બદલે વધુ વણસ્યો હતો.

શિક્ષિકાના પતિને થપાટો મારી ધમકી આપી બપોરના સમયે જ્યારે પ્રિતીબેન અને તેમના પતિ દિલિપસિંહ આચાર્ય પુનિત ઉપાધ્યાયની ચેમ્બરમાં તેમને સમજાવવા માટે ગયા હતા, ત્યારે આચાર્ય પોતાનો આપો ખોઈ બેઠા હતા. ગુસ્સામાં આવીને આચાર્યએ દિલિપસિંહને જાહેરમાં ૪ થી ૫ થપાટો (ધોલ) મારી દીધી હતી અને જોરશોરથી ગાળો ભાંડી હતી. આટલેથી ન અટકતા, આચાર્યએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. શાળાના અન્ય સ્ટાફ મેમ્બરો આ દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા.

## નડિયાદના સુરા શામળનો શખ્સ બે બાઈક સાથે ઝડપાયો

નડિયાદ: ચકલાસી અને ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો. ખેડા એલસીબીએ સુરા સામળ ઈન્દિરા નગરીના શખ્સને ચોરીના બે બાઈક સાથે ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ખેડા એલસીબી સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, નડિયાદ તાલુકાના સુરા શામળ ઈન્દિરા નગરીમાં રહેતા જયદીપસિંહ વાઘેલાએ બે મોટરસાયકલ પોતાના ઘર પાસે સંતાડી રાખેલા છે. જેથી પોલીસે રેડ પાડતા મળી આવેલા શખ્સની પૂછપરછ કરતા શખ્સે જયદીપસિંહ વાઘેલા હોવાની ઓળખ આપી હતી. પોલીસે તેના ઘર પાછળથી મળેલા બે મોટરસાયકલના દસ્તાવેજો અને પુરાવા માંગતા તેના દસ્તાવેજો રજૂ કરી શક્યો ન હતો કે સંતોષકારક જવાબ આપી શક્યો ના હતો. ખેડા ટાઉન પોલીસમાં નોંધાયેલ વાહન ચોરીના બે ગુના ઉકેલ્યા હતા.

### જિલ્લામાં અકસ્માતની વણઝાર

## નડિયાદ એક્સપ્રેસ હાઈવે અને બિલોદરા પાટિયા પાસે અકસ્માત : છ વ્યક્તિને ઈજા

નડિયાદ: નડિયાદ-મહુધા રોડ પર બિલોદરા પાટિયા પર બે બાઈક અથડાતા બંને બાઈક ચાલક સહિત ત્રણને ઈજા થઈ હતી. જ્યારે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે નડિયાદ એક્ઝિટ નજીક ઉભેલી ટ્રક પાછળ કાર અથડાતા કારમાં સવાર ત્રણ મહિલાઓને ઈજા થઈ હતી. આ બનાવ અંગે જે તે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.નડિયાદ તાલુકાના જુના બિલોદરામાં રહેતા જસભાઈ આશાભાઈ ડાભી બુધવારે સાંજે ઘરેથી બાઈક લઈને દૂધની ડેરીએ દૂધ લેવા જતા હતા. ત્યારે રોડ ક્રોસ કરવાનો હોવાથી રોડની સાઈડમાં ઊભા હતા. ત્યારે નડિયાદ તરફથી આવેલું બાઈક તેમના બાઈક સાથે અથડાયું હતી. જેથી બંને બાઈક ચાલક તેમજ અકસ્માત સર્જનાર બાઈક ચાલક પાછળ બેઠેલ વ્યક્તિને ઈજા થઈ હતી. આ બનાવ અંગે જસભાઈ આશાભાઈ ડાભીની ફરિયાદ આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. બીજા બનાવમાં વડોદરામાં રહેતા સાગરચંદ્ર નગીન પ્રસાદ પંડયાના પરિવારજનો તેમજ સંબંધીઓ અયોધ્યા ગયા હતા. તેઓ તા.૧૭મીની રાત્રે અયોધ્યાથી અમદાવાદ એરપોર્ટ પર ઉતરી બે ગાડીમાં વડોદરા જઈ રહ્યાં હતા. આ દરમિયાન અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર નડિયાદ એક્ઝિટ નજીક ઊભેલી ટ્રક પાછળ કાર અથડાતા ગાડીમાં બેઠેલા દક્ષાબેન ધીરજભાઈ પટેલ (ઉં.વ. ૬૭), પલ્લવીબેન સાગર ચંદ્ર પંડયા તેમજ ભાવનાબેન કલ્પેશભાઈ શાહ ને ઈજા થતા ૧૦૮માં સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### જામનગર પોલીસ એક્શન મોડમાં

## ડ્રિન્ક એન્ડ ડ્રાઇવ અને બ્લેક કાચ ધરાવતા વાહનો સામે કડક કાર્યવાહી



(એજન્સી) જામનગર | તા.26

31 ડિસેમ્બર સુધી સઘન ચેકિંગની કાર્યવાહી અવિરત હાથ ધરવામાં આવશે, ઉપરાંત વાહન ચેકિંગ સહિતની પણ ડ્રાઈવ રાખવામાં આવી છે.જે આદેશો અનુસાર જામનગરના સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આવારા તત્ત્વો અને પીધેલાઓ સામે લાલ આંખ કરી ખંભાળિયા સર્કલ નજીક ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ તેમજ વાહનોમાં બ્લેક કાચ, ગાડીઓના કાગળો સહિતનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જામનગર શહેરમાં થર્ટી ફર્સ્ટ નજીક આવતાં નવા વર્ષની ઠેર-ઠેર ઉજવણી કરવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે આવારા તત્ત્વો અને દારૂના બંધાણીઓ બેફામ બનતા હોય છે. જેને અંકુશમાં લાવવા પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ટ્રાફિક નિયમનનો ભંગ કરનારા વાહન ચાલકો સામે દંડકીય કાર્યવાહી કરવામાં આવી હતી. સાથોસાથ જામનગર શહેરના સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. પી. પી. ઝા અને પીએસઆઈ એમ. વી. મોઢવાડિયા તેમજ તેઓની સમગ્ર ટીમ દ્વારા સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે, જ્યારે સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પણ કડક હાથે ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### તહેવારી મોસમને આરોગ્યસભર વળાંક સાથે ઉજવો

## ડાર્ક ચોકલેટ બદામ ઓરેન્જ કેક

આ નવા વર્ષે, ડાર્ક ચોકલેટ બદામ અને નારંગી કેક સાથે તમારા ઉજવણીમાં હૂંફ અને આનંદનો સ્પર્શ ઉમેરો, જેમાં બદામનો લોટ, સમૃદ્ધ ડાર્ક ચોકલેટ, તાજા નારંગીનો છાલ અને મેપલ સીરપનો સમાવેશ થાય છે. શેફ કબીતા સિંહ દ્વારા વિચારપૂર્વક રચાયેલ, આ રેસીપી ઉત્સવના સ્વાદ અને સમજદાર બેકિંગ વચ્ચે સંતુલન જગાડે છે.ઘી અને ઈંડા સાથે બેક કરાયેલ, બદામ લોટનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલ આ કેક નરમ અને ભીની ટેક્સ્ચર આપે છે, જેમાં સમૃદ્ધ ચોકલેટ અને નારંગીનું સ્વાદિષ્ટ સંયોજન છે. આ આરોગ્યસભર અને મીઠાસસભર ડિસર્ટ સરળતાથી તૈયાર કરી શકાય છે, શેર કરવા માટે પરફેક્ટ છે અને તહેવારી બેકિંગનું આધુનિક રૂપ પ્રસ્તુત કરે છે.સમૃદ્ધ, આરામદાયક અને ઉજવણી કરતી, આ કેક એક સંપૂર્ણ રજાની મીઠાઈ બનાવે છે જે આનંદદાયક છતાં સંતુલિત લાગે છે, જે સિઝન માટે યોગ્ય છે. અહીં એવી કેક કેવી રીતે બનાવવી જે લોકોને વધુ માટે પાછા આવવા માટે પ્રેરિત કરે:

ડાર્ક ચોકલેટ બદામ નારંગી કેક
તૈયારીનો સમય: 60 મિનિટ
પીરસવા માટે: 8-ઈંચ કેક (આશરે 10 સ્લાઈસ)

સામગ્રી (Ingredients):
બદામ લોટ - 2 કપ (180 ગ્રામ)
ઈંડા - 4 મધ્યમ આકારના (196 ગ્રામ)
ડાર્ક ચોકલેટ - 1/2 કપ (100 ગ્રામ)



મેપલ સિરપ - 1/2 કપ (113 મી.લી.)
ઘી - 1/4 કપ (40 મી.લી.)
તાજી નારંગી છાલ - 1 ટેબલસ્પૂન (4 ગ્રામ)
નારંગીનો રસ - 1/4 કપ (47 મી.લી.)
વેનીલા એસેન્સ - 1 ટી સ્પૂન (5 મી.લી.)
બેકિંગ પાઉડર - 1 ટી સ્પૂન (3.84 ગ્રામ)
મીઠું - એક ચુટકી (0.1 ગ્રામ)

રીતિ :

એક બાઉલમાં બદામ લોટ, બેકિંગ પાઉડર અને મીઠું ભેળવીને સૂકી સામગ્રી તૈયાર કરો.

અન્ય બાઉલમાં ઈંડા ફેટો, તેમાં મેપલ સિરપ, વેનીલા એસેન્સ અને નારંગીનો રસ ઉમેરો અને સારી રીતે મિક્સ કરો, જેથી ભીંજેલી સામગ્રી તૈયાર થાય.

ડાર્ક ચોકલેટ ગળી ગયા પછી (માઈક્રોવેવ અથવા ડબલ બોઈલિંગ પદ્ધતિથી), તેમાં નારંગી છાલ અને ઘી ઉમેરો.

સૂકી અને ભીંજેલી સામગ્રીને સાથે ભેળવો અને સારી રીતે મિક્સ કરો.

તૈયાર બેટર 8 ઈંચના કેક ટિનમાં ઢાળો અને તેને સમતલ કરવા માટે થોડી વાર હલકો ટાપ કરો.

પૂર્વ-ગરમ ઓવનમાં 180 ડિગ્રી પર 45 મિનિટ માટે બેક કરો.


બહાર કાઢો અને સંપૂર્ણ ઠંડું થવા દો.

પછી સ્લાઈસમાં કાપી સર્વ કરો.

### પશુ પ્રત્યે ક્રૂરતાના ગુનામાં પકડાયા હતા

## પાસા હેઠળ 3 આરોપીને કચ્છની પાલારા અને સુરતની લાજપોર જેલમાં ધકેલાયા

આણંદ: બોરસદ રૂરલ પોલીસે ગુનાહિત ઈતિહાસ ધરાવતા પશુઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ-૧૯૬૦ના ત્રણ આરોપીઓની પાસા એક્ટ હેઠળ અટકાયત કરી બેને કચ્છની પાલારા જેલ અને એકને સુરતની લાજપોલ જેલ ખાતે ધકેલ્યા છે. પેટલાદ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક, આણંદના નાયબ પોલીસ અધિક્ષક અને બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા



પશુ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ - ૧૯૬૦ અંતર્ગત ૨૦૨૦ અને ૨૦૨૫ના ગુનાઓમાં પકડાયેલા આરોપીઓ વિરૂદ્ધ પાસા પ્રપોઝલ તૈયાર કરી આણંદ જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરવા હુકમ કરવામાં આવ્યો હતો. જે બાદ આરોપી (૧) ઈરફાનઅલી બક્સુલઅલી એહમદઅલી સૈયદ (રહે. નાપા, તળપદ, તા. બોરસદ, જિ. આણંદ) અને (૨) શકીલભાઈ ઉર્ફે ખાટકી ઈશાકભાઈ કુરેશી (રહે. નાપા, તળપદ, એકતાનગર, તા. બોરસદ, જિ. આણંદ)ની પાસા હેઠળ અટકાટ કરી પાલારા ખાસ જેલ ભુજ-કચ્છ ખાતે અને (૩) તૌફિક શકીલભાઈ ઉર્ફે ખાટકી ઈશાકભાઈ કુરેશી (રહે. નાપા,તળપદ, એકતાનગર, તા. બોરસદ, જિ. આણંદ)ને લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

### વર્ષ 2025 સોના-ચાંદી માટે શાનદાર રહ્યું :

# ચાંદીમાં એક જ દિવસમાં 8400નો ઐતિહાસિક ઉછાળો, સોનાનો પણ ઓલ ટાઇમ હાઇ રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી | તા 26

વૈશ્વિક બજારોમાંથી મળેલા મજબૂત સંકેતો અને ઘરેલુ બજારમાં રોકાણકારોની ભારે ખરીદીને પગલે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોના અને ચાંદીના ભાવમાં શુક્રવારે ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવમાં તોફાની તેજી જોવા મળી હતી, જ્યારે સોનાએ પણ નવી સર્વોચ્ચ સપાટી બનાવી હતી, જેના કારણે બુલિયન માર્કેટમાં રોકાણકારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

MCX પર ફેબ્રુઆરી 2026 વાયદાના સોનાનો ભાવ 1,064ના ઉછાળા સાથે 1,39,161 પ્રતિ 10 ગ્રામની રૅકોર્ડ સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, ખરી તેજી ચાંદીમાં જોવા મળી હતી. માર્ચ 2026 વાયદાના ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામે 8,449નો જબરદસ્ત ઉછાળો નોંધાયો હતો, અને ભાવ 2,32,239ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો. શુક્રવારે શરુઆતી વેપારમાં ચાંદીના વાયદાના ભાવ 8,000થી વધુ ઉછળીને 2,32,741 પ્રતિ કિલોગ્રામની નવી ટોચે પહોંચ્યા હતા. બજારના નિષ્ણાતોના મતે, આ અભૂતપૂર્વ તેજી પાછળ આંતરરાષ્ટ્રીય અને ઘરેલુ પરિબળો જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડો થવાની સંભાવનાઓને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે. આ ઉપરાંત, વધતા ભૌગોલિક-રાજકીય તણાવને કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદી તરફ વળ્યા છે. ચાંદીના ભાવમાં થયેલા મોટા ઉછાળા પાછળ વૈશ્વિક સ્તરે પુરવઠાની અછત, મજબૂત ઔદ્યોગિક માંગ અને ભારતીય આયાતમાં વધારો જેવા કારણો મુખ્ય છે. સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પણ આ તેજી પાછળ એક મુખ્ય પરિબળ છે. વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની સતત ખરીદી પણ ભાવ વધારાને ટેકો આપી રહી છે : ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં થતી વધઘટ પણ સ્થાનિક બજારમાં સોના-ચાંદીના ભાવને પ્રભાવિત કરે છે.વર્ષ 2025 સોના અને ચાંદી બંને માટે અત્યંત ફાયદાકારક રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 70%થી વધુનો ઉછાળો આવ્યો છે, જે 1979 પછીનો સૌથી મોટો વાર્ષિક વધારો છે. જ્યારે ચાંદીના ભાવમાં 150%થી વધુનો અકલ્પનીય ઉછાળો જોવા મળ્યો છે. રોકાણકારો હવે એ વાત પર નજર રાખી રહ્યા છે કે શું આ તેજી નવા વર્ષમાં પણ ચાલુ રહેશે કે કેમ.

## સોના-ચાંદીમાં વિશ્વ બજારમાં તેજી અટકી જો કે ઘરઆંગણે આગેકૂચ

મુંબઈ : સોનાના ભાવ વિશ્વ બજારમાં વધતા અટકી પ્રત્યાઘાઘાતી પીછેહટ જોવા મળ્યા હતા. ડોલરમાં વૈશ્વિક ઈન્ડેકસ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ઉંચા મથાળે ફંડો હળવા થઈ રહ્યાના વાવડ મળ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૪૯૪થી ૪૪૯૫ ડોલર વાળા નીચામાં ભાવ ૪૪૭૬ થઈ ૪૪૭૯થી ૪૪૮૦ ડોલર રહ્યાના નિર્દેશો મળ્યા હતા. જો કે નાતાલના પગલે વૈશ્વિક બજારોમાં હોલીડે-મુડ વચ્ચે વેપારો તથા વોલ્યુમ ધીમું રહ્યાના નિર્દેશો મળ્યા હતા.

ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૯૭.૭૫ રહ્યા પછી ઉંચામાં ૯૮.૦૧ થઈ ૯૭.૯૫ રહ્યો હતો. અમેરિકામાં જીડીપીના આંકડા સારા આવ્યા હતા તથા ત્યાં બેરોજગારીના દાવા જોબલેસ કલેઈમ્સમાં પણ ઘટાડો થતાં જોબ માર્કેટમાં મજબુતાઈ દેખાઈ હતી ત્યાં જોબલેસ કલેઈમ્સ ૧૦ હજાર ઘટી ૨ લાખ ૧૪ હજાર આવ્યા હતા. દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે ડોલરના ભાવ વધી રૂ.૮૯.૮૨ તથા પાઉન્ડના ભાવ રૂ.૧૨૧.૪૪ અને યુરોના ભાવ રૂ.૧૦૫.૯૪ બોલાઈ રહ્યા હતા. ડોલરના ભાવ રૂ.૮૯.૭૭ થઈ રૂ.૮૯.૮૨ રહ્યા હતા.દરમિયાન, મુંબઈ તથા અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ વધુ ઉંચકાયા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ વધુ ઉંચકાયા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૩૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૪૧૦૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૧૩૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૧૦૦૦ વધી રૂ.૨૨૨૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે બંધ બજારે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૩૬૦૮૦ વાળા રૂ.૧૩૬૫૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૩૬૬૨૭ વાળા રૂ.૧૩૭૦૦૦ બોલાઈ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૨૧૯૮૩ વાળા રૂ.૨૨૧૩૦૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસના ૭૨.૩૪ વાળા ૭૧.૬૩ થઈ ૭૧.૮૭ ડોલર રહ્યા હતા જ્યારે પ્લેટીનમના ભાવ ૨૩૧૬ વાળા ઉંચામાં ૨૩૮૧ થયા પછી નીચામાં ભાવ ૨૧૪૯ થઈ છેલ્લે ૨૨૫૬થી ૨૨૫૭ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૮૩૨ વાળા ગગડી ૧૭૨૬થી ૧૭૨૭ ડોલર રહ્યા હતા. કોપરના ભાવ છેલ્લે ૦.૪૧ ટકા પ્લસમાં ક્વોટ થતા હતા. ચીનની કરન્સી યુઆનના ભાવ ડોલર સામે ઉછળી ૭ ડોલર પાર કરી જતાં ૧૫ મહિનાની ટોચ દેખાઈ હતી. ચીનની સેન્ટ્રલ બેન્ક પોતાની કરન્સીને મજબૂત બનાવવા પ્રયત્નો કરી રહ્યાના વાવડ હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં પીછેહટ જોવા મળી હતી.

## જેપી મોર્ગનના રિપોર્ટમાં વીજળી અને પાણીની અછત અંગે મોટી ચેતવણી

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજી ભલે ઉત્પાદકતામાં ક્રાંતિકારી વધારો કરવાનું વચન આપતી હોય, પરંતુ તેનું ભવિષ્ય હાલમાં સંસાધનોની અછત અને સુરક્ષાના ગંભીર પ્રશ્નો વચ્ચે લટકેલું છે. જેપી મોર્ગન (JP Morgan) ના તાજેતરના અહેવાલ મુજબ, વીજળીની ઉપલબ્ધતા, ડેટા પ્રાઈવસી અને પર્યાવરણીય સુરક્ષા જેવા પરિબળો એઆઈના વિસ્તરણની ગતિ નક્કી કરશે. આ પડકારો માત્ર ટેકનોલોજીના દત્તક લેવાની પ્રક્રિયાને જ નહીં, પરંતુ વૈશ્વિક નાણાકીય મૂલ્યોને પણ અસર કરી શકે છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, એઆઈના વિસ્તરણમાં સૌથી મોટો અવરોધ વીજળીની ઉપલબ્ધતા છે. અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ પાવર ગ્રીડમાં નવી ક્ષમતા ઉમેરવા માટે કંપનીઓએ પાંચ વર્ષ સુધીની રાહ જોવી પડી રહી છે. આશરે ૭૦ ટકા પ્રાદેશિક પાવર માર્કેટ હાલમાં દબાણ હેઠળ છે. એવો અંદાજ છે કે દાયકાના અંત સુધીમાં ડેટા સેન્ટર્સ અને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે વીજળીની માંગમાં ૬૬૨ ટેરાવોટ-કલાકનો જંગી વધારો થશે. ચિંતાની વાત એ છે કે ૭૦ ટકા પાવર ટ્રાન્સમિશન લાઈનો ૨૫ વર્ષથી વધુ જૂની છે, જે આ વધારાની માંગને પહોંચી વળવા માટે સક્ષમ નથી.

# News Brief

## રેન્ટોમોજોએ નાણાંકીય વર્ષ 2024-25માં ચોખ્ખા નફામાં 92 ટકા વૃદ્ધિ સાથે સતત ત્રીજા વર્ષે નફો નોંધાવ્યો

નવી દિલ્હી: ભાડેથી ફર્નિચર અને એપ્લાયન્સિસ પૂરા પાડતી રેન્ટલ કન્ઝ્યુમર ટેક કંપની રેન્ટોમોજોએ નાણાંકીય વર્ષ 2025ના તેના પરિણામો આજે જાહેર કર્યા હતા. કંપની સમગ્ર ભારતમાં ફ્લેક્સીબલ લિવિંગને સુલભ બનાવવાના લક્ષ્યાંક સાથે સતત વૃદ્ધિ નોંધાવી રહી છે અને સતત ત્રીજા વર્ષે તેણે નફો નોંધાવ્યો છે. કંપનીનો ચોખ્ખો નફો નાણાંકીય વર્ષ 2025માં વધીને રૂ. 43.07 કરોડ થયો હતો જે નાણાંકીય વર્ષ 2024માં રૂ.




22.49 કરોડ અને નાણાંકીય વર્ષ 2023માં રૂ. 6.2 કરોડ હતો. આ સાથે રેન્ટોમોજોએ નફામાં વૃદ્ધિનો ટ્રેક રેકોર્ડ જાળવી રાખ્યો છે. નેટ રેન્ટ રેવન્યુ રૂ. 265.96 કરોડે પહોંચી હતી જે નાણાંકીય વર્ષ 2023થી નાણાંકીય વર્ષ 2025 વચ્ચે 48.24 ટકાનો સીએજીઆર દર્શાવે છે. નાણાંકીય વર્ષ 2025માં એબિટા વધીને રૂ. 118.41 કરોડ થઈ હતી જે નાણાંકીય વર્ષ 2024માં રૂ. 78.23 કરોડ અને નાણાંકીય વર્ષ 2023માં રૂ. 27.14 કરોડ હતી. રેન્ટોમોજોના સ્થાપક અને સીઈઓ ગીતાંશ બામણિયાએ જણાવ્યું હતું કે "મૂળે રેન્ટોમોજો એક કન્ઝ્યુમર ટેક કંપની છે જે સબ્સ્ક્રીપ્શન-ફર્સ્ટ મોડેલ બનાવી રહી છે જેણે સતત નફો કર્યો છે તથા તેના ગ્રાહકો માટે એક મોટી સમસ્યાનું નિરાકરણ પણ કર્યું છે. અમારી કામગીરી અમારા વ્યવસાયના મૂળભૂત સિદ્ધાંતો અને શિસ્તબદ્ધ અમલીકરણની મજબૂતાઈ દર્શાવે છે. અમારી કામગીરીના કેન્દ્રમાં ઓટોમેશન, ઈન્ટેલિજન્ટ રિફર્બિશમેન્ટ અને સરળ સેવા સાથે, અમે ભારતમાં ફ્લેક્સીબલ લિવિંગના ભવિષ્યને આકાર આપી રહ્યા છીએ.

## મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે અમેરિકા-કેનેડામાં બે નવા શોરૂમ શરૂ કર્યા, હવે ઉત્તર અમેરિકામાં મલાબારના 10 શોરૂમ જોવા મળશે

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે અગ્રણી પાંચમી જ્વેલરી રિટેલર મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે અમેરિકા અને કેનેડામાં વધુ બે નવા શોરૂમ લોન્ચ કરી 14 દેશોમાં 415થી વધુ શોરૂમ સાથે પોતાના વિસ્તરણને વધુ મજબૂત બનાવ્યું છે. કેનેડાના ઓન્ટેરિયોમાં એજેક્સ ખાતે મલાબાર ગોલ્ડનો આ ત્રીજો શોરૂમ શરૂ કરવામાં આવ્યો છે. જ્યારે ટેક્સાસના ઓસ્ટિન ખાતે નવો શોરૂમ લોન્ચિંગ સાથે અમેરિકામાં કુલ સાત શોરૂમ સાથે બ્રાન્ડની હાજરી વિસ્તરિત કરી છે.કેનેડા અને અમેરિકામાં નવા શોરૂમ સાથે વૈશ્વિક સ્તરે બ્રાન્ડના શોરૂમની સંખ્યા અનુક્રમે




416 અને 417 થઈ છે. કેનેડાના ઓન્ટેરિયોમાં એજેક્સ ખાતે શોરૂમનું સત્તાવાર ઉદ્ઘાટન ઓન્ટેરિયોના સ્મોલ બિઝનેસના એસોસિએટ મંત્રી નીના તાંગ્રીએ 6 ડિસેમ્બરના રોજ કર્યું હતું. જ્યારે ઓસ્ટિનમાં લિન્ડર શહેરના મેયર નેકોલ થોમ્પસને સાત ડિસેમ્બરના રોજ શોરૂમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના એમડી-ઈન્ટરનેશનલ ઓપરેશન્સ શ્રી શામલાલ અહમદ; મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના મેન્યુફેક્ચરિંગ હેડ શ્રી ફૈઝલ એકે; મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના ફાઈનાન્સ અને એડમિન ડિરેક્ટર શ્રી આમીર સીએમસી; મલાબાર ગ્રુપના ચીફ ડિજિટલ ઓફિસર શ્રી શાજી કે; મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સમાં ઉત્તર અમેરિકા ઓપરેશન્સના રિઝનલ હેડ શ્રી જોસેફ ઈપેન હાજર રહ્યા હતા.

## મોર્ડન ડાયગ્નોસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટર લિમિટેડનો આઈપીઓ 31 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે

નવી દિલ્હી: મોર્ડન ડાયગ્નોસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટર લિમિટેડ, (મોર્ડન ડાયગ્નોસ્ટિક, ધ કંપની) ભારતમાં ડાયગ્નોસ્ટિક અને સંબંધિત હેલ્થકેર ટેસ્ટ સેવાઓની સેવા પ્રદાતાએ 31 ડિસેમ્બર, 2025ના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનો હેતુ બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થનારા 40,99,200 ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યુ થકી 36.89 કરોડ (અપર પ્રાઇઝ બેન્ડ પર) એકત્ર કરવાનો છે.આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ ડાયગ્નોસ્ટિક સેન્ટર અને લેબોરેટરીઝ માટે મેડિકલ સાધનોની




ખરીદી માટેના મૂડી ખર્ચ, કાર્યકારી મૂડીની જરૂરિયાત, કંપની દ્વારા લેવામાં આવેલા ચોક્કસ બાકી ઉધારની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર પોર્શન મંગળવાર, 30 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે અને ઈશ્યુ બુધવાર, 31 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે અને શુક્રવાર, 2 જાન્યુઆરી, 2026ના રોજ બંધ થશે.ઈશ્યુના બુક રનિંગ લીડ મેનેજર બીલાઇન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ છે, જ્યારે ઈશ્યુના રજિસ્ટ્રાર MUFG ઈનટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ છે.મોર્ડન ડાયગ્નોસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટર લિમિટેડના ચેરમેન કમ મેનેજિંગ ડિરેક્ટર ડૉ. દેવેન્દ્રસિંહ યાદવે જણાવ્યું, "કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ એ કંપની માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે કારણ કે તે વિસ્તરણના તેના આગામી તબક્કામાં પ્રવેશ કરી રહી છે.

### એન્ડ ટુ એન્ડ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ કંપની

## યાતાયાત કોર્પોરેશન ઈન્ડિયાએ આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ગુજરાતની લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ કંપની યાતાયત કોર્પોરેશન ઈન્ડિયા લિમિટેડે તેના પ્રસ્તાવિત આઈપીઓ માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) માં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. આ ઈશ્યૂમાં 77.00 લાખ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર વેચાણકર્તા શેરધારક દ્વારા 56.00 લાખ સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો સમાવેશ થાય છે, જેની સાથે કુલ ઓફર સાઈઝ 1.33 કરોડ સુધીના ઈક્વિટી શેરની થાય છે. યાતાયાત કોર્પોરેશન ઈન્ડિયા આરઓસીમાં રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઈલ કરતા પહેલા, તેની વિવેકબુદ્ધિ મુજબ રૂ. 100 કરોડ સુધીના ઈક્વિટી શેરના પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પર પણ વિચાર કરી શકે છે.ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી રકમનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની યોજના છે. યાતાયાત કોર્પોરેશન રોડ લોજિસ્ટિક્સ સેગમેન્ટમાં કાર્યરત છે, જેનો વ્યવસાય ફુલ ટ્રક લોડ (એફટીએલ) ટ્રાન્સપોર્ટેશન પર કેન્દ્રિત છે, જે ભારતમાં મુખ્ય લોજિસ્ટિક્સ કોરિડોરમાં પોઈન્ટ-ટુ-પોઈન્ટ ફ્રેઈટ મુવમેન્ટ પ્રદાન કરે છે અને 12 રાજ્યોમાં 34 શાખાઓ તથા 1 વેરહાઉસ દ્વારા સમર્થિત છે.તેના લોજિસ્ટિક્સ પ્લેટફોર્મને બધાથી અલગ પાડતી બાબત છે તેની ક્રોસ-બોર્ડર નિકાસ ક્ષમતા, ખાસ કરીને ભારત અને બાંગ્લાદેશ વચ્ચે. તે ભારતના કોઈપણ પ્રદેશથી બેનાપોલ, બાંગ્લાદેશ સુધી પ્રતિબદ્ધ અને એક્સપ્રેસ ડિલિવરી સર્વિસીઝ પૂરી પાડે છે.

### JAP 2026 હેઠળ પર્સનલ ઈન્ટરવ્યુ ફેબ્રુઆરી-માર્ચ 2026 માટે યોજવાનો છે

## IIM રાયપુર JAP 2026નું સંકલન કરશે, ચાર IIMs માટે એકીકૃત પ્રવેશ પ્રક્રિયા ચલાવશે

મુંબઈ : જૉઈન્ટ એડમિશન પ્રોસેસ (JAP) 2026 એ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ કાશીપુર, IIM રાયપુર, IIM રાંચી અને IIM તિરુચિરાપલ્લી દ્વારા હાથ ધરવામાં આવેલ સહયોગી પ્રવેશ પહેલ છે. આ પ્રક્રિયાનો હેતુ MBA પ્રવેશ પ્રક્રિયામાં વધુ એકરૂપતા, પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવાનો છે, જે સિંગલ-વિન્ડો એપ્લિકેશન અને મૂલ્યાંકન ફ્રેમવર્ક દ્વારા સુગમ બની રહેશે.ઉમેદવારો માટે સરળતા વધારતા અને કડક શૈક્ષણિક અને પસંદગી માપદંડોને જાળવતા, JAP 2026 સહભાગી સંસ્થાઓમાં ઉમેદવારના મૂલ્યાંકનમાં પ્રમાણભૂત અને સરળ અભિગમ પ્રદાન કરે છે.CAT 2025ના પરિણામો જાહેર થયા બાદ, JAP 2026 પ્રવેશ ચક્રના આગલા તબક્કાઓ સહભાગી IIMs દ્વારા મંજૂર કરાયેલ સામાન્ય ફ્રેમવર્ક અનુસાર શરૂ કરવામાં આવશે. ન્યૂનતમ શૈક્ષણિક અને CAT 2025 સંબંધિત યોગ્યતા માપદંડો (જોઈએ તે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે) પર આધારિત રીતે શૉર્ટલિસ્ટ કરાયેલા ઉમેદવારોએ JAP 2026 પોર્ટલ મારફતે અનિવાર્ય નોંધણી પૂર્ણ કરવી રહેશે.પ્રોફ. સંજીવ પરાશર, ડિરેક્ટર-ઈન-ચાર્જ, IIM રાયપુર એ જણાવ્યું, "JAPની સંકલન ની



જવાબદારી IIM રાયપુરને સોંપવામાં આવવાથી અમને ગર્વ છે. આ સહયોગી પહેલ દર્શાવે છે કે અમે પારદર્શી અને પ્રમાણભૂત પ્રવેશ પ્રક્રિયા સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છીએ, જેથી યોગ્ય ઉમેદવારો એક જ સરળ ગેટવે દ્વારા અનેક IIMsના લાભ મેળવી શકે."પર્સનલ ઈન્ટરવ્યુ માટે અંતિમ શૉર્ટલિસ્ટિંગ નોંધણી કરેલા ઉમેદવારોની JAP દ્વારા નિયત કટ-ઓફ સ્કોર (જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે) પ્રમાણે નિર્ધારિત કરવામાં આવશે.

## ક્વોલિટી પાવર ગ્રુપે વીરલ કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં 76 ટકા હિસ્સો મેળવ્યો

નવી દિલ્હી : ક્વોલિટી પાવર ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ્સ લિમિટેડે ગાંધીનગર સ્થિત કંપની વીરલ કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં 76 ટકા ઈક્વિટી હિસ્સો હસ્તગત કર્યાની જાહેરાત કરી છે. વીરલ કંટ્રોલ્સ હાઇ કરન્ટ પાવર ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ડસ્ટ્રીયલ પાવર કન્વર્ઝન સિસ્ટમ્સમાં ત્રણ દાયકા કરતા વધુનો અનુભવ ધરાવે છે. આઈઆઈટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી વરૂણેશ કુમાર દ્વારા 1993માં સ્થપાયેલી વીરલ કંટ્રોલ્સ હાઈ કરન્ટ રેક્ટિફાયર સિસ્ટમ્સ, લોકોમોટિવ અને ટ્રેક્શન પાવર કન્વર્ઝન ઈક્વિપમેન્ટ અને ડિફેન્સ ગ્રેડ પાવર ઈલેક્ટ્રોનિક્સની ડિઝાઈન તથા ઉત્પાદનમાં નિપુણતા ધરાવે છે. કંપની હાઈડ્રોજન ઉત્પાદન, રેલ્વે, હેવી ઈન્ડસ્ટ્રીઝ, ન્યૂક્લિયર ફેસિલિટીઝ અને વ્યૂહાત્મક સંરક્ષણ સંસ્થાનોમાં ખૂબ જ માંગ ધરાવતી કામગીરી માટે ઈન્સ્યુલેટેડ ગેટ બાયપોલર ટ્રાન્ઝિસ્ટર (IGBT) અને સિલિકોન કંટ્રોલર રેક્ટિફાયર (SCR) આધારિત રેક્ટિફાયર, કન્વર્ટર સ્ટેક્સ અને હાઈ કરન્ટ પાવર સપ્લાય પૂરા પાડે છે.

### સેબીના આકરા નિયમોને પરિણામે ડેરિવેટિવ્સમાં કામકાજમાં ઘટાડો

## શેરબજારમાં કેશ ટર્નઓવર ત્રણ વર્ષના તળિયે

મુંબઈ : વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતીય શેરબજારમાં ૨૦૨૫માં ઊભી થયેલી ભારે વોલેટિલિટી તથા નબળી માર્કેટ બ્રેડથની રોકાણકારોના સહભાગ પર અસર જોવા મળી હતી. સમાપ્ત થઈ રહેલા ૨૦૨૫માં દેશના બે મુખ્ય શેરબજારો બીએસઈ તથા એનએસઈમાં કેશ સેગમેન્ટમાં દૈનિક સરેરાશ ટર્નઓવર રૂપિયા ૧.૦૮ લાખ કરોડ સાથે ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યું છે.૨૦૨૪માં રૂપિયા ૧.૨૮ લાખ કરોડની સરખામણીએ ટર્નઓવરમાં ૧૫.૭૫ ટકા ઘટાડો થયો હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. વર્તમાન વર્ષનું સરેરાશ દૈનિક ટર્નઓવર ૨૦૨૨ બાદ સૌથી નીચું છે. કેશ સેગમેન્ટ ઉપરાંત ડેરિવેટિવ્સમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બીએસઈ તથા એનએસઈનું સંયુકત સરેરાશ દૈનિક ડેરિવેટિવ્સ વોલ્યુમ ૨૦૧૩ બાદ પ્રથમ જ વખત ઘટયું છે. ૨૦૨૪માં ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સનું સરેરાશ દૈનિક ટર્નઓવર જે રૂપિયા ૪૬૫.૯૬ લાખ કરોડ રહ્યું હતું તે ૧૭.૭૦ ટકા ઘટી રૂપિયા ૩૮૭.૯૫ લાખ કરોડ રહ્યું છે. આ ઘટાડો થવા પાછળનું કારણ ડેરિવેટિવ્સ વેપાર ધોરણોમાં સખતાઈ રહેલું છે. સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા નોન-બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ પર સાપ્તાહિક કોન્ટ્રેકટસ અટકાવી દેવાતા અને વિકલી એકસપાઈરીસ પર બે દિવસની મર્યાદા લાગુ કરાયા બાદ વર્તમાન વર્ષના પ્રારંભમાં ડેરિવેટિવ્ઝ પ્રવૃત્તિ લગભગ ઘટી ગઈ હતી. વૈશ્વિક સ્તરે ભૌગોલિકરાજકીય અશાંતિ તથા ઘરેલુ બજારોમાંથી વિદેશી રોકાણકારોની પીછેહટને કારણે પણ રોકાણકારોનું માનસ વર્તમાન વર્ષમાં ખરડાયેલું રહ્યું છે. વર્તમાન વર્ષમાં સેન્સેકસ તથા નિફટીએ રોકાણકારોને દસ ટકા વળતર પૂરુ પાડયું છે. પરંતુ મિડકેપ તથા સ્મોલકેપમાં વળતર નબળા રહ્યા હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. નવા ભરણામાં વળતર મળી રહેવાની અપેક્ષાએ રિટેલ રોકાણકારો તેમાં નાણાં ઠાલવવા પ્રોત્સાહિત થઈ રહ્યા છે, જેને પરિણામે સેકન્ડરી બજારમાં કામકાજ પર અસર જોવા મળી રહી છે પણ ડીમેટ ખાતાની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

## જાણીતી બાસમતી ચોખા બ્રાન્ડ કોહિનૂરે આદિત્ય ગઢવીને બ્રાન્ડ એમ્બેસડર બનાવ્યા

નવી દિલ્હી: એડબ્લ્યુએલ એગ્રી બિઝનેસ લિમિટેડે (અગાઉની અદાણી વિલ્મર લિમિટેડ) તેના પ્રીમિયમ કોહિનૂર બાસમતી રાઈસ પોર્ટફોલિયો હેઠળ જાણીતા ગુજરાતી લોકગાયક આદિત્ય ગઢવી સાથેના સહયોગમાં એક નવું બ્રાન્ડ ગીત રજૂ કર્યાની આજે જાહેરાત કરી હતી. આ સહયોગના ભાગરૂપે આદિત્ય ગઢવી કોહિનૂર બાસમતી રાઈસના બ્રાન્ડ એમ્બેસડર બન્યા છે જેના પગલે બ્રાન્ડના ગુજરાતમાં તથા જ્યાં તે સારી સ્થિતિ ધરાવે છે તેવા મહત્વના અન્ય પશ્ચિમિ બજારોમાં તેના ગ્રાહકો સાથેનું સાંસ્કૃતિક જોડાણ વધુ મજબૂત બનશે.આ નવું ગીત કોહિનૂર બાસમતી ચોખા પેઢીઓથી રજૂ થતી હૂંફ, એકતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિની ઝલક રજૂ કરે છે. ગુજરાતી સંગીતના વિવિધ શૈલીઓ અને સમકાલિન લોક અભિવ્યક્તિમાં મૂળિયા ધરાવતું આ ગીત ઘરે બનાવેલા ભોજન સાથે સંકળાયેલા ભાવનાત્મક ગૌરવને જીવંત કરે છે.એડબ્લ્યુએલ એગ્રી બિઝનેસના મીડિયા અને ડિજિટલ હેડ જીજ્ઞેશ શાહે જણાવ્યું હતું કે "કોહિનૂર એક પ્રતિષ્ઠિત બ્રાન્ડ છે જેના પર ભારતીય પરિવારો પેઢી દર પેઢી વિશ્વાસ મૂકતા આવ્યા છે.

### શેરબજારનું પ્રોત્સાહક પ્રદર્શન અને રિટેલ રોકાણકારોની ભાગીદારીમાં વધારાની અસર

## SIP વૃદ્ધિનું એન્જિન બન્યું, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની AUM રૂ. 81 લાખ કરોડને પાર




અમદાવાદ : ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ ૨૦૨૫માં ઝડપથી વૃદ્ધિ પામવા માટે તૈયાર છે. ઈકરા એનાલિટિક્સ રિપોર્ટ અનુસાર, ફંડ ઉદ્યોગની અસ્કયામતો અંડર મેનેજમેન્ટ (એયુએમ) નવેમ્બર ૨૦૨૫માં રૂ. ૮૧ લાખ કરોડ સુધી પહોંચી ગઈ હતી, જે નવેમ્બર ૨૦૨૪માં રૂ. ૬૮ લાખ કરોડની સરખામણીમાં ૧૮.૬૯% વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે.છેલ્લા પાંચ વર્ષમાં ઓપન-એન્ડેડ ઈક્વિટી ફંડનું કદ ચાર ગણું વધ્યું છે. આ ફંડ્સની એયુએમ નવેમ્બર ૨૦૨૦મા રૂ. ૯ લાખ કરોડ હતી, જે નવેમ્બર ૨૦૨૫માં વધીને રૂ. ૩૬ લાખ કરોડ થઈ ગઈ હતી. વાર્ષિક ધોરણે પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નવેમ્બર ૨૦૨૪માં તે રૂ. ૩૦ લાખ કરોડથી, ૧૭.૪૫% વધીને તે નવેમ્બર ૨૦૨૫માં રૂ. ૩૬ લાખ કરોડ થઈ ગઈ હતી. ઈક્વિટી કેટેગરીમાં, મલ્ટિ-કેપ અને લાર્જ અને મિડ-કેપ ફંડ્સે પણ મજબૂત પ્રદર્શન કર્યું. આ વર્ષે, મલ્ટિ-કેપ ફંડ્સના ભંડોળમાં ૨૪.૭૮ ટકાનો વધારો થયો છે, અને લાર્જ અને મિડ-કેપ ફંડ્સના એયુએમમાં ૨૨.૭૮ ટકાનો વધારો થયો છે.

ડેટ ફંડ કેટેગરીમાં, મની માર્કેટ ફંડ્સમાં સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાઈ છે. તેમના ભંડોળમાં વાર્ષિક ધોરણે ૪૦.૨૨ ટકાનો વધારો થયો છે. નવેમ્બર ૨૦૨૪માં રૂ. ૨.૫૫ લાખ કરોડથી, તે નવેમ્બર ૨૦૨૫માં રૂ. ૩.૫૭ લાખ કરોડ પર પહોંચી ગયું છે. સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (સીપ) ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ માટે એક મજબૂત અને વિશ્વસનીય વૃદ્ધિ વાહન તરીકે ઉભરી આવ્યું છે. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં, સીપ અસ્કયામતો અંડર મેનેજમેન્ટ (એયુએમ) વધીને રૂ.૧૬.૫૩ લાખ કરોડ થઈ ગઈ હતી.

### સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને નોર્વે-ફિનલેન્ડ જેવા લોકપ્રિય સ્થળોના હવાઈ ભાડામાં ૧૫-૨૦ ટકાનો વધારો

## ક્રિસમસ વેકેશનના કારણે ડિસેમ્બરમાં હોટેલ બુકિંગમાં 30 ટકાનો વધારો

અમદાવાદ : આગામી નવા વર્ષ અને ક્રિસમસના લાંબા સપ્તાહને અનુલક્ષી હોટેલ બુકિંગની માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને, ગયા મહિનાની સરખામણીમાં હોટેલ ઓક્યુપન્સીમાં આશરે ૩૦ ટકાનો વધારો થયો છે, જે ગયા વર્ષના ડિસેમ્બરની સરખામણીમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો દર્શાવે છે. આ આંકડા રજાઓ માટે પ્રવાસીઓમાં મજબૂત રસ દર્શાવે છે.ટ્રાવેલ પ્લેટફોર્મના સુત્રોએ જણાવ્યું હતું કે, વિવિધ સ્થળોએ હોટેલ બુકિંગમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ગોવા પછી, ઊટી, વાયનાડ, જોધપુર, જેસલમેર, મણિપાલ, શ્રીનગર, શિમલા, મેકલિયોડગંજ, દેહરાદૂન, શિલોંગ અને પેલિંગ જેવા શહેરોમાં માંગ મજબૂત છે.

આ સ્થળોએ દરિયાકિનારા, ટેકરીઓ, રણ અને સાંસ્કૃતિક આકર્ષણોના મિશ્રણને કારણે પ્રવાસીઓ આકર્ષિત થઈ રહ્યા છે. માંગમાં વધારો થવાને કારણે આ મહિને હોટેલ રૂમના દરમાં લગભગ ૧૧ ટકાનો વધારો થયો છે.

ગોવામાં બુકિંગ મજબૂત રહ્યું છે. દરમિયાન, થોમસ કૂકના મતે, હવાઈ ભાડામાં ૧૦-૧૫ ટકાનો વધારો થયો હોવા છતાં, મલેશિયા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, સિંગાપોર અને વિયેતનામ જેવા ટૂંકા અંતરના સ્થળો હજુ પણ યાદીમાં ટોચ પર છે.ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન અને જ્યોર્જિયાના ભાડામાં ૫-૬ ટકાનો નજીવો વધારો જોવા મળી રહ્યો છે, જ્યારે લાંબા અંતરની



આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે, સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને નોર્વે-ફિનલેન્ડ જેવા લોકપ્રિય સ્થળોના હવાઈ ભાડામાં ૧૫-૨૦ ટકાનો વધારો થયો છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, પોષ સુદ-07**

# લઘુમતીની વ્યાખ્યા જરૂરી

હવે વસ્તી ગણતરી શરૂ થવાની છે, ત્યારે ભારતમાં ખરેખર લઘુમતી કોણ છે તે ધ્યાનમાં લેવું જોઈએ. માતૃભૂમિના વિભાજનમાં સાંપ્રદાયિકતા અને તુષ્ટિકરણના દુઃખદ પરિણામો સ્પષ્ટ થયા હતા. બંધારણની કલમ 30 'લઘુમતી' શબ્દનો ઉપયોગ કરે છે, પરંતુ તે તેને વ્યાખ્યાયિત કરતી નથી. કેન્દ્ર સરકારને લઘુમતી કમિશન અધિનિયમ, 1992 હેઠળ લઘુમતીનો દરજ્જો આપવાનો અધિકાર છે. હાલમાં, છ સમુદાયો - મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, બૌદ્ધો, જૈનો અને પારસીઓ - ને લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો છે. યહૂદીઓ આમાં શામેલ નથી. આમ, લઘુમતીનો દરજ્જો આપવાના માપદંડો અસ્પષ્ટ રહે છે. લઘુમતી સમુદાયોને ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આર્થિક લાભો સહિત વિવિધ લાભો પૂરા પાડવામાં આવે છે. શિક્ષણ અધિકાર કાયદો કે અનામત નિયમો લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડતા નથી. ઘણા રાજ્યો એવા છે જ્યાં કેટલાક સમુદાયો, રાજ્ય સ્તરે બહુમતી હોવા છતાં, લઘુમતી યોજનાઓનો લાભ મેળવે છે. જો લાભ ખરેખર વંચિત લોકો સુધી પહોંચવાને બદલે સામાજિક અથવા પ્રાદેશિક રીતે મજબૂત સમુદાયો સુધી જાય છે, તો તે અન્ય જરૂરિયાતમંદ જૂથો માટે તકોને અસર કરે છે. વધુમાં, તે રાજ્ય સરકારો પર વધારાનું નાણાકીય દબાણ લાવે છે અને લઘુમતીવાદના રાજકારણને મજબૂત બનાવે છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, દેશમાં વિવિધ ધર્મોના લોકોની વસ્તી નીચે મુજબ હતી: હિન્દુઓ ૭૯.૮ ટકા, મુસ્લિમો ૧૪.૨ ટકા, ખ્રિસ્તીઓ ૨.૩ ટકા, શીખ ૧.૭ ટકા, બૌદ્ધ ૦.૭ ટકા, જૈન ૦.૪ ટકા અને પારસી ૦.૦૦૬ ટકા. લોકશાહીમાં, વસ્તી શક્તિ સરકારી નીતિઓને પ્રભાવિત કરી શકે છે અને કરે છે. મુસ્લિમો, તેમની સંખ્યાના આધારે, એક શક્તિશાળી અને પ્રભાવશાળી સમુદાય છે. તેઓ સરકારને નમ્રતા દાખવવા માટે દબાણ કરવા સક્ષમ છે, જેમ કે આપણે શાહ બાનો કેસમાં જોયું છે. હાલમાં, લઘુમતીનો દરજ્જો રાષ્ટ્રીય સ્તરે નક્કી થાય છે. પરિણામ એ આવ્યું છે કે લક્ષદ્વીપ (૯૬.૫૮%) અને જમ્મુ અને કાશ્મીર (૬૮.૩૧%) જેવા રાજ્યોમાં પણ જ્યાં મુસ્લિમો બહુમતીમાં છે, તેમને લઘુમતીનો દરજ્જો આપવામાં આવે છે. આ ઉપરાંત, છ રાજ્યો એવા છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે: આસામ (34.22%), બંગાળ (27.01%), કેરળ (26.56%), ઉત્તર પ્રદેશ (19.26%), બિહાર (16.9%) અને ઝારખંડ (14.53%). શું મોટી વસ્તી ધરાવતા રાજ્યોમાં પણ મુસ્લિમોને લઘુમતીનો દરજ્જો આપવો જોઈએ? જિલ્લાઓની દ્રષ્ટિએ, બિહારમાં 11 જિલ્લાઓ છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે: કિશનગંજમાં 67.98%, કટિહારમાં 44.47%, અરરિયામાં 42.95% અને પૂર્ણિયામાં 38.46%. ઉત્તર પ્રદેશમાં 15 જિલ્લાઓ છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે. મુરાદાબાદ અને રામપુરમાં, તેમની વસ્તી અનુક્રમે 50.80 અને 50.57 ટકા છે. બિજનૌર, સહારનપુર, મુઝફ્ફરનગર, અમરોહા (જ્યોતિબા ફૂલે નગર), બલરામપુર, બરેલી, મેરઠ અને બહરાઇચ જેવા જિલ્લાઓમાં તેમની વસ્તી 30 ટકાથી વધુ છે. બંગાળમાં, 13 જિલ્લાઓ એવા છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે. મુર્શિદાબાદ અને માલદામાં તેઓ અનુક્રમે 66.27 અને 51.27 ટકા સાથે બહુમતીમાં છે. બિહાર, ઉત્તર પ્રદેશ અને બંગાળ જેવા દેશના અન્ય રાજ્યોમાં પણ આવી જ સ્થિતિ છે. ઝારખંડના છ જિલ્લાઓમાં, તેમની વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે. આસામમાં, તેઓ 11 જિલ્લાઓમાં બહુમતીમાં છે. શું ગીચ વસ્તીવાળા જિલ્લાઓમાં પણ મુસ્લિમોને લઘુમતીનો દરજ્જો આપવો જોઈએ? જો આપણે ખ્રિસ્તી વસ્તી પર નજર કરીએ, તો તેમની વસ્તી ત્રણ રાજ્યોમાં બહુમતીમાં છે અને પાંચ અન્ય રાજ્યોમાં કેન્દ્રિત છે.

**જૂનાગઢના કાયાકલ્પ માટે એક્શન પ્લાન**

# જૂનાગઢના વિકાસનો નકશો તૈયાર: પ્રદ્યુમન વાજાની કલેકટર કચેરીમાં સમીક્ષા બેઠક

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.26



જૂનાગઢના નસીબ આડેથી હવે પછાતપણાના વાદળો હટવા જઈ રહ્યા છે. ગિરનારની છાયામાં વસેલા આ ઐતિહાસિક શહેરને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને સહ-પ્રભારી મંત્રી કૌશિક વેકરીયાની અધ્યક્ષતામાં આજે કલેકટર કચેરી ખાતે વિકાસ કામોની સમીક્ષા માટે એક હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માત્ર ફાઈલોની તપાસ જ નહીં, પણ જૂનાગઢના ભવિષ્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. બેઠકમાં પ્રભારી મંત્રીઓએ જૂનાગઢ મહાનગરપાલિકા સહિત કેશોદ, માંગરોળ, માણાવદર અને વિસાવદર જેવી નગરપાલિકાઓના પ્રગતિ હેઠળના કામોની બારીકાઈથી તપાસ કરી હતી. ખાસ કરીને નરસિંહ મહેતા તળાવ અને વાઘેશ્વરી તળાવના બ્યુટીફિકેશન પ્રોજેક્ટ્સ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, પ્રવાસન અને સ્થાનિક સુવિધા વચ્ચે સંતુલન જળવાય તે જરૂરી છે. નરસિંહ વિદ્યામંદિરનું રીસ્ટોરેશન અને જોષીપરામાં રેલ્વે ઓવરબ્રિજનું કામ જે લાંબા સમયથી પ્રતિક્ષિત છે, તેને અગ્રતા આપવા સૂચના અપાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ શહેરને 'ફાટક મુક્ત' કરવાનો છે. ટ્રાફિકની સમસ્યાથી ઝઝૂમતા જૂનાગઢ માટે આ એક મોટો આશારો બની રહેશે. પ્રભારી સચિવ દિલીપ રાણાએ પણ અધિકારીઓને ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. માણાવદર રિવરફ્રન્ટ અને ઘેડ વિસ્તારમાં સિંચાઈ વિભાગ દ્વારા ચાલી રહેલા કામોની વિગતો મેળવી, ખેડૂતોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા તાકીદ કરવામાં આવી હતી. જ્યારે જૂનાગઢના બજારમાં ધૂળ ઉડતી હોય કે ગટરની સમસ્યા હોય, ત્યારે સામાન્ય નાગરિકની આશા તંત્ર પર હોય છે.

# બનાસકાંઠાના આંગણે ખેલ મહાકુંભનો જોમ: સાંસદ ખેલ મહોત્સવ 2025નો ભવ્ય વિજય

પાલનપુર | બનાસકાંઠાની વીર અને પવિત્ર ધરતી પર આજે જ્યારે પવન લહેરાઈ રહ્યો હતો, ત્યારે તેમાં માત્ર ઠંડક નહીં પણ જીતનો ઉત્સાહ અને જુસ્સો હતો. ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ એટલે કે 'સુશાસન દિવસ' નિમિત્તે પાલનપુરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે 'સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫'નો એવો ભાવુક અને ભવ્ય સમાપન કાર્યક્રમ યોજાયો, જેની ગુંજ લાંબા સમય સુધી સંભળાશે. જ્યારે મંત્રીશ્રી કમલેશ પટેલે વિજેતાઓના ગળામાં મેડલ પહેરાવ્યા, ત્યારે તે માત્ર ધાતુના ટુકડા નહોતા, પણ બનાસના દીકરા-દીકરીઓના સપનાની જીત હતી. આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી કમલેશ પટેલે હૃદયસ્પર્શી સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ખેલ મહાકુંભ દ્વારા જે બીજ રોપ્યું હતું, તે આજે વટવૃક્ષ બની ગયું છે. છેવાડાના ગામડાના રમતવીરો જ્યારે પાલનપુરના મેદાનમાં ધૂળ ઉડાડતા દોડે છે.

**હવે જનતાને મળશે શ્રેષ્ઠ સારવાર**

# નખત્રાણાના આરોગ્ય તંત્રને મુખ્ય અધિકારીનો આદેશ

મહેશ એલ.સોની | નખત્રાણા તા.26



જ્યારે વાત કોઈના જીવની હોય, ત્યારે વહીવટી તંત્રની એક નાની ભૂલ પણ ભારે પડી શકે છે. નખત્રાણા તાલુકાના લોકોના સ્વાસ્થ્યની સુરક્ષાને સર્વોપરી ગણીને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરીના અધ્યક્ષસ્થાને એક અત્યંત મહત્વની અને ગંભીર સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક માત્ર કાગળ પરના આંકડા જોવાની નહોતી, પણ દરેક નાગરિકના હૃદયના ધબકારાને સુરક્ષિત કરવાની એક મથામણ હતી. પાલનપુર કે ભુજ જેવા વિસ્તારોમાં જ્યારે આરોગ્ય સેવાની વાત આવે છે, ત્યારે સામાન્ય માણસની આશા સરકારી દવાખાના પર જ ટકેલી હોય છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ બેઠકમાં હાજર કર્મચારીઓ પાસેથી આરોગ્યના દરેક કાર્યક્રમનો હિસાબ લીધો હતો. ખાસ કરીને માતા અને બાળક યોજનાની કામગીરીની સમીક્ષા કરતી વખતે વાતાવરણ ગંભીર બની ગયું હતું. જિલ્લામાં થયેલા બાળ અને માતા મરણના કારણો પર ઊંડી ચર્ચા કરવામાં આવી હતી. ડો. ભંડેરીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'જો કામગીરીમાં સુધારો નહીં થાય, તો કડક પગલાં લેવાશે.' તેમણે મેદાનમાં ઉતરીને, એટલે કે ફિલ્ડ પર જઈને સર્વે વધારવા અને દરેક ગરીબ પરિવાર સુધી સરકારી સેવા પહોંચાડવા પર ભાર મૂક્યો હતો.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં શાળા આરોગ્ય તપાસણી અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોની સઘન તપાસ કરવામાં આવશે.

**શ્રી પરશુરામ સેના અને ભાવુ ફાઉન્ડેશન દ્વારા સેવાનો અનોખો સંકલ્પ**

# નખત્રાણામાં રક્તદાનનો મહાકુંભ: કચ્છમાં લોહીની અછત પૂરવા યુવાનો થશે સજ્જ

મહેશ એલ. સોની | નખત્રાણા તા.26



માનવીના જીવનમાં દાન તો અનેક પ્રકારના હોય છે, પરંતુ જ્યારે કોઈના મરણ પથારીએ પડેલા શ્વાસને લોહીના એક ટીપાથી નવું જીવન મળે, ત્યારે તે દાન 'મહાદાન' બની જાય છે. અત્યારે સમગ્ર કચ્છ જિલ્લામાં લોહીની જે તીવ્ર અછત ઊભી થઈ છે, તેને પહોંચી વળવા માટે નખત્રાણાની ધરા પર સેવાનું એક મોટું અભિયાન શરૂ થવા જઈ રહ્યું છે. આગામી રવિવાર, તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નખત્રાણા નગર મધ્યે એક ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય માત્ર લોહી એકઠું કરવાનો નથી, પણ માનવતાનો દીવો પ્રજ્વલિત કરવાનો છે. આ પુણ્યશાળી કાર્યક્રમનું આયોજન શ્રી પરશુરામ સેના નખત્રાણા, ભાવુ ફાઉન્ડેશન અને નખત્રાણા પોલીસ પરિવાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. જાણકારો અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પાટીદાર સર્વોદય સેવા સંઘ સંચાલિત દેવાશિષ હોસ્પિટલ ખાતે રવિવારે સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી આ કેમ્પ યોજાશે. આ મિટિંગમાં જોડાયેલા સેવાભાવી લોકોનું કહેવું છે કે રક્તદાન એ જ જીવનદાન છે, અને જ્યારે પોલીસ પરિવાર જેવી રક્ષક સંસ્થાઓ આમાં જોડાય છે ત્યારે સમાજમાં એક સકારાત્મક સંદેશ જાય છે.

**સ્વર્ગવાસી માતાની યાદે છીનવી લીધું 20 વર્ષના હાર્દિકનું જીવન**

# સંખેડામાં માતાના વિરહમાં પુત્રએ પોઈચા બ્રિજ પરથી નદીમાં લગાવી છલાંગ

કમલેશ પટેલ | સંખેડા તા.26



આ દુનિયામાં માતા જેવું કોઈ નથી, અને જ્યારે એ મા દુનિયા છોડીને ચાલી જાય છે, ત્યારે પાછળ રહી ગયેલા સંતાનો માટે આકાશ તૂટી પડે છે. નર્મદા જિલ્લાના પ્રખ્યાત પોઈચા બ્રિજ પરથી ૨૨ ડિસેમ્બરે એક યુવાને માતૃપ્રેમના અતિરેકમાં જે આત્મઘાતી પગલું ભર્યું, તેનો અંત અત્યંત કરુણ આવ્યો છે. સંખેડા તાલુકાના દિવાળીપુરા ગામનો ૨૦ વર્ષનો હાર્દિક વસાવા, જે નાનપણથી જ માતાના છત્રછાયા ગુમાવી ચૂક્યો હતો, તે આ વિરહ સહન ન કરી શક્યો અને આખરે મોતને વહાલું કરી બેઠો. પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, હાર્દિકના મોટાભાઈ જીગરભાઈ વસાવાએ પોલીસને આશરેલ વિગતો હૃદય કંપાવી દે તેવી છે. હાર્દિક નાનપણથી જ તેની માતાના મૃત્યુના ઘેરા આઘાતમાં હતો. ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ તેના મન પર આ વેદના એટલી હાવી થઈ ગઈ કે તેણે પોઈચા બ્રિજ પરથી નર્મદા નદીના ધસમસતા પ્રવાહમાં ઝંપલાવ્યું હતું. તે સમયે આસપાસના લોકો કંઈ સમજે એ પહેલા જ હાર્દિક પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પોલીસે તુરંત ગુમ થયાની નોંધ કરી શોધખોળ હાથ ધરી હતી, પરંતુ પાણીના ઊંડાણમાં તે ક્યાંય મળ્યો નહોતો. ત્યારબાદ, બે દિવસના લાંબા ઈન્તજાર અને શોધખોળના અંતે, ૨૪ ડિસેમ્બરના રોજ ધમણાચા સુખદેવ મંદિર પાસે નર્મદાના કિનારેથી એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. કપડાં અને શરીર પરના નિશાનથી તેની ઓળખ હાર્દિક વસાવા તરીકે થઈ હતી. જાણકારોનું કહેવું છે કે, માતૃપ્રેમની આ વેદનાએ એક ખીલતા ગુલાબ જેવા યુવાનને કરમાવી દીધો. રાજપીપળા પોલીસે મૃતદેહનો કબજો લઈ પીએમ અર્થે ખસેડ્યો હતો અને ત્યારબાદ શોકાતુર પરિવારને સોંપ્યો હતો.

# રાજપીપળાની અન્નપૂર્ણા સંસ્થાનો માનવતાવાદી અભિગમ: ભૂખ્યાનું પેટ ઠારતું સેવાનું કેન્દ્ર

ભરત શાહ | નર્મદા તા.26

રાજપીપળાની જાણીતી સંસ્થા 'શ્રી અન્નપૂર્ણા સેવા ફાઉન્ડેશન' એ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જ્યાં સુધી સંવેદનશીલ હૃદય જીવંત છે, ત્યાં સુધી કોઈ પણ ગરીબ લાચાર નથી. આ સંસ્થાના અવિરત સેવાકાર્યોમાં આજે વધુ એક સુવર્ણ પાનું ઉમેરાયું છે, જ્યારે તેમણે એક મધ્યમ વર્ગના લાચાર પરિવારની આજીવિકાનો પ્રશ્ન ઉકેલ્યો છે. મળતી માહિતી અનુસાર, રાજપીપળાના એક મધ્યમ વર્ગના પરિવારની સ્થિતિ અચાનક ડામાડોળ થતા ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હતું. આ સમયે પરિવારના મોભીએ આશા સાથે અન્નપૂર્ણા ફાઉન્ડેશનના કલ્પેશ મહાજનનો સંપર્ક કર્યો. કલ્પેશભાઈએ કોઈ પણ વિલંબ વગર માત્ર જરૂરિયાતની યાદી મંગાવી અને તત્કાળ આખા મહિનાનું અનાજ તે પરિવારના ઘરે પહોંચાડી દીધું.

# જૂનાગઢ સિવિલમાં પ્રદ્યુમન વાજાએ દર્દીઓના પૂછ્યા ખબર-અંતર

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.26

ગિરનારની પવિત્ર છાયામાં વસેલા જૂનાગઢ શહેરમાં આજે રાજકીય કાર્યક્રમો નહીં પણ માનવતાની મહેક જોવા મળી હતી. ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ એટલે કે 'સુશાસન દિવસ' ની ઉજવણીના ભાગરૂપે, જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે એક



અત્યંત ભાવુક અને પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ હોસ્પિટલના બિછાને પડેલા દર્દીઓની મુલાકાત લઈને સાબિત કર્યું કે સાચું સુશાસન એ જ છે જેમાં છેવાડાના માણસની વેદનાનો અહેસાસ હોય. જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે આજે સવારથી જ ઉત્સાહનું વાતાવરણ હતું. સંગઠન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ હોસ્પિટલના વોર્ડમાં જઈને એક-એક દર્દીની મુલાકાત લીધી હતી. તેમણે માત્ર ફ્રુટ વિતરણ જ ન કર્યું, પણ દર્દીઓના માથે હાથ મૂકીને તેમના ખબર-અંતર પૂછ્યા હતા. જ્યારે એક વૃદ્ધ દર્દીએ મંત્રીશ્રીનો હાથ પકડ્યો, ત્યારે મંત્રીશ્રી પણ ભાવુક થઈ ગયા હતા અને તેમને શ્રેષ્ઠ સારવારની ખાતરી આપી હતી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, સુશાસન દિવસ નિમિત્તે સરકાર અને સંગઠનનો આ અભિગમ જનતાના દિલ જીતી રહ્યો છે. આ પ્રસંગે જૂનાગઢના મેયર ધર્મેશભાઈ પોશીયા, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા અને શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા સહિતના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ : મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને કૌશિક વેકરીયાએ ગુરુદ્વારામાં ટેકવ્યું માથું

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.26

ગિરનારની તળેટીમાં વસેલા જૂનાગઢ શહેરમાં આજે રાજકીય વ્યસ્તતાની વચ્ચે એક અત્યંત શાંત અને ભક્તિમય દ્રશ્ય જોવા મળ્યું હતું. જૂનાગઢના અંબિકાનગર સ્થિત પવિત્ર શ્રી ગુરુનાનક શાહી ગુરુદ્વારા ખાતે આજે ગુજરાત સરકારના બે દિગ્ગજ મંત્રીઓએ શ્રદ્ધાપૂર્વક દર્શન કરી શીશ ઝુકાવ્યું હતું. સામાજિક ન્યાય



અને અધિકારીતા મંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને ઉર્જા મંત્રી તથા સહ-પ્રભારી મંત્રી કૌશિક વેકરીયાએ ગુરુદ્વારામાં માથું ટેકવીને સમગ્ર ગુજરાતના નાગરિકોની સુખાકારી અને પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. આજરોજ સવારે જ્યારે મંત્રીશ્રીઓ ગુરુદ્વારા પહોંચ્યા, ત્યારે વાતાવરણ શબ્દ કીર્તનના પવિત્ર સૂરથી ગુંજી રહ્યું હતું. બંને મંત્રીઓએ સામાન્ય શ્રદ્ધાળુની જેમ બેસીને કીર્તનનો લ્હાવો લીધો હતો અને ભક્તિમાં તરબોળ થયા હતા. જાણકારોના મતે, પ્રભારી મંત્રીઓની આ મુલાકાત સામાજિક સમરસતાનું એક ઉત્તમ ઉદાહરણ છે. મંત્રીશ્રીઓએ ગુરુ ગ્રંથ સાહેબ સામે નતમસ્તક થઈને ધન્યતા અનુભવી હતી. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ મુલાકાત દરમિયાન મંત્રીઓએ ગુરુદ્વારાના સંચાલકો સાથે પણ સૌજન્ય મુલાકાત કરી હતી. આ ભક્તિમય પ્રસંગે તેમની સાથે જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર ધર્મેશ પોશિયા અને ડેપ્યુટી મેયર આકાશ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ગુરુદ્વારામાં કીર્તન ચાલતું હતું, ત્યારે મંત્રીશ્રીઓના ચહેરા પર એક અનોખી શાંતિ જોવા મળી હતી. હોળી-દિવાળી જેવા તહેવારોમાં જેવી આત્મીયતા જોવા મળે છે, તેવી જ શ્રદ્ધા આજે અહીં જોવા મળી હતી.

# નર્મદાના તરોપા પાસે કાળમુખો અકસ્માત: મચ્છી લઈને પરત ફરતા આધેડનું મોત

ભરત શાહ | નર્મદા તા.26

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના તરોપા ગામ નજીક એક એવો કરુણ અકસ્માત સર્જાયો છે જેણે એક હસતા-રમતા પરિવારની ખુશીઓ મિનિટોમાં છીનવી લીધી છે. મચ્છી ખરીદીને ઘરે પરત ફરી રહેલા ૫૯ વર્ષીય આધેડની બાઈકને અન્ય એક પૂરઝડપે આવતી મોટરસાયકલે જોરદાર ટક્કર મારતા



ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા આધેડનું વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત માહિતી અને પોલીસ ફરિયાદ મુજબ, આમલેથા ગામના રહેવાસી દશરથભાઈ દેવનભાઈ વસાવા (ઉં.વ. ૫૯) તરોપા ગામના બસ સ્ટેન્ડ પાસેથી મચ્છી ખરીદીને પોતાની બજાજ પ્લેટિના બાઈક પર ઘરે જઈ રહ્યા હતા. તેઓ જ્યારે તરોપા ચોકડી ક્રોસ કરીને આમલેથા તરફ વળ્યા, ત્યારે જ કાળ બનીને સામેથી આવતા કૌશિકભાઈ શ્રવણભાઈ વસાવાએ પોતાની હોન્ડા સાઈન બાઈક પૂરઝડપે હંકારી લાવી દશરથભાઈની બાઈકને જોરદાર અથાડી હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે દશરથભાઈ રસ્તા પર પટકાયા હતા અને તેમને માથા તેમજ નાકના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. મુખ્ય સામગ્રી અને લોકોની પ્રતિક્રિયા: સ્થાનિક લોકો તુરંત મદદે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં તેમને હોસ્પિટલ ખસેડ્યા હતા. હાલત નાજુક જણાતા તેમને વધુ સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે આખરી શ્વાસ લીધા હતા.

# જૂનાગઢ જિલ્લા સંગઠનનાં કાર્યકર્તાઓ સાથે સંકલન બેઠકનું આયોજન કરાયું

(એજન્સી) અમદાવાદ/ જૂનાગઢ તા.26

આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં મજબૂતીથી આગળ વધી રહી છે અને ગુજરાતના ખૂણે ખૂણે કિસાન મહાપંચાયત, ગુજરાત જોડો જનસભા, મહોલ્લા સભા, વિધાનસભા કાર્યકર્તા બેઠક અને સંગઠન બેઠક યોજવામાં આવી રહી છે. તે અંતર્ગત જુનાગઢ ખાતે જુનાગઢ જીલ્લા સંગઠનનાં કાર્યકર્તાઓ સાથે



સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકમાં ગુજરાતનાં ખેડુતો માટે 60 દિવસનો જેલવાસ ભોગવીને જેલમુક્ત થયેલા આમ આદમી પાર્ટીનાં સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રાજુભાઈ બોરખતરીયા, OBC સેલ પ્રદેશ અધ્યક્ષ પિયુષ પરમાર અને મહેશભાઈ કોટડીયાનું સન્માન કરવામાં આવ્યું હતુ.AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જેલમુક્ત થયેલા નેતાઓનું ફુલહાર પહેરાવી ભાવભર્યું સ્વાગત કર્યું હતુ. મહત્વનું છે કે બોટાદના હડદડ ગામે ખેડૂત મહાપંચાયત દરમિયાન પોલીસ સાથે થયેલા સંઘર્ષના મામલે કુલ 85 લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ સાથે જ ખેડૂતોનાં હક માટે લડી રહેલા આમ આદમી પાર્ટીનાં નેતા રાજુ કરપડા અને પ્રવીણ રામ સહિતના કેટલાક લોકોને જેલમાં ધકેલવામાં આવ્યા હતા. જેમાંથી અનેક ખેડૂતો અને નેતાઓનો જેલમાંથી છુટકારો થયો છે. જ્યારે રાજુ કરપડા અને પ્રવીણ રામ સહિત હજુ પણ કેટલાક લોકો જેલમાં બંધ છે. જૂનાગઢમાં યોજાયેલ સંકલન બેઠકમાં આમ આદમી પાર્ટી વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત અન્ય પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

**રાજસ્થાનથી સાણંદ સુધી દારૂ પહોંચે અને પોલીસને ખબર ન પડે એ અશક્ય છે**

# "પોલીસ-બુટલેગર ટાઇઅપ સ્કીમ" ભાજપ સરકારનો નવો કાળો કારોબાર

(એજન્સી) અમદાવાદ તા.26



આમ આદમી પાર્ટીના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે એક ગંભીર મુદ્દા પર વિડીયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે એક નવી સ્કીમ બહાર પાડી હોય એવું અમને જાણવા મળ્યું છે, જેનું નામ છે "પોલીસ બુટલેગર ટાઇઅપ સ્કીમ". તો આ પાછળ ઘટના એવી છે કે અમદાવાદના શહેર કોટડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા પીસીબી દ્વારા એક દારૂનો ટ્રક પકડવામાં આવ્યો, એ દારૂ ભરેલા ટ્રકમાંથી અડધો દારૂ બુટલેગરોને આપવામાં આવ્યો અને અમુક દારૂ ગોડાઉનમાં મૂકીને, એ દારૂ પીસીબી દ્વારા પકડવામાં આવ્યો. મતલબ કે અત્યાર સુધી જ્યારે પોલીસ દ્વારા દારૂ પકડવામાં આવતો હતો ત્યારે ગુજરાતની જનતા એવું વિચારી રહી હતી કે તમામ દારૂ પોલીસના કબજે આવ્યો પરંતુ આના અંદર પણ આવા સેટિંગ થાય છે એ આજે પહેલી વાર જાણવા મળ્યું છે. જો આવું થઈ રહ્યું છે તો આ ભાજપના ગાલ પર મોટો તમાચો છે અને આના પર મોટી તપાસ કરવી જોઈએ અને કાર્યવાહી કરવી જોઈએ. સાથે સાથે આની આજુબાજુના લગતા તમામ સીસીટીવી કેમેરા પણ ચેક કરીને જોવું જોઈએ કે આવી ઘટના અમદાવાદમાં બની છે કે નહીં અને આની પાછળ કોણ કોણ લોકો જવાબદાર છે. સરકારની નિયતમાં ખોટ છે, એ તો સાફ રીતે દેખાઈ રહ્યું છે. આજથી બે દિવસ પહેલા સાણંદ ખાતે એક આઈસર ઉંધી પડે છે અને એની અંદર દારૂ પડેલો હોય છે. એ દારૂ રાજસ્થાનથી સાણંદ સુધી આવી જાય છે તેમ છતાં પણ પોલીસને ખબર નથી હોતી. જેવી રીતે ઈન્ડિગો ફ્લાઈટની ક્રાઈસીસ થઈ હતી, એવી રીતે ગુજરાતમાં દારૂની ક્રાઈસીસ ચાલી રહી છે. 3,000ની બોટલ 5000, 7000 અને 10,000માં વેચાઈ રહી છે, બુટલેગરો બેફામ દારૂ વેચી રહ્યા છે, ડ્રગ્સ વેચી રહ્યા છે અને સરકારને આની ખબર ન હોય એવું બની જ ન શકે. આજે અન્ય રાજ્યો સાથે ગુજરાતને જોડતી બોર્ડર પર ઠેકાઓ કરોડોમાં વેચાય છે, ગુજરાતમાં દારૂની હેરાફેરી થાય છે અને 30 વર્ષથી ભાજપના રાજમાં આ કાળો કારોબાર ચાલે છે.

**જૂની જેલની બહાર સંસ્થા દ્વારા ભોજન સેવા કાર્યરત**

# રાજપીપળાની સેવાભાવી સંસ્થા શ્રી અન્નપુર્ણા સેવા ફાઉન્ડેશનનું સેવાકાર્ય

ભરત શાહ | નર્મદા તા.26



રાજપીપળાની જાણીતી સંસ્થા 'શ્રી અન્નપૂર્ણા સેવા ફાઉન્ડેશન' એ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જ્યાં સુધી સંવેદનશીલ હૃદય જીવંત છે, ત્યાં સુધી કોઈ પણ ગરીબ લાચાર નથી. આ સંસ્થાના અવિરત સેવાકાર્યોમાં આજે વધુ એક સુવર્ણ પાનું ઉમેરાયું છે, જ્યારે તેમણે એક મધ્યમ વર્ગના લાચાર પરિવારની આજીવિકાનો પ્રશ્ન ઉકેલ્યો છે. રાજપીપળાના એક મધ્યમ વર્ગના પરિવારની સ્થિતિ અચાનક ડામાડોળ થતા ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હતું. આ સમયે પરિવારના મોભીએ આશા સાથે અન્નપૂર્ણા ફાઉન્ડેશનના કલ્પેશ મહાજનનો સંપર્ક કર્યો. કલ્પેશભાઈએ કોઈ પણ વિલંબ વગર માત્ર જરૂરિયાતની યાદી મંગાવી અને તત્કાળ આખા મહિનાનું અનાજ તે પરિવારના ઘરે પહોંચાડી દીધું. સ્થાનિક સૂત્રો જણાવે છે કે, આ સંસ્થા છેલ્લા ઘણા વર્ષોથી વિનામૂલ્યે ભોજન અને અનાજ વિતરણનું કામ કરી રહી છે. ખાસ કરીને કોરોનાના ભયાનક કાળમાં જ્યારે લોકો બહાર નીકળતા ડરતા હતા, ત્યારે આ સંસ્થાના સ્વયંસેવકોએ ભૂખ્યાઓ સુધી ભોજન પહોંચાડીને દેવદૂત જેવું કાર્ય કર્યું હતું. પણ રાજપીપળાની જૂની જેલની બહાર આ સંસ્થા દ્વારા ભોજન સેવા સતત કાર્યરત છે.

**સાંસદ મનસુખ વસાવા થોડી હિંમત કરીને રાજીનામું આપી દે: મનોજ સોરઠીયા**

# ભ્રષ્ટાચારના ઢગલા પર બેસેલા લોકો ઈમાનદાર ચૈતર વસાવા પર પાયાવિહોણા આરોપ લગાવી રહ્યા છે: મનોજ સોરઠીયા

(એજન્સી) અમદાવાદ તા.26



આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા પર ભાજપ દ્વારા પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવ્યા હતા. જે મુદ્દા પર આજે આમ આદમી પાર્ટીના આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક વિડીયોના માધ્યમથી ભાજપ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભરૂચનાં ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પર 75 લાખ રૂપિયા માંગવાનો આરોપ મૂક્યો છે અને કહ્યું હતું કે કલેક્ટરે પૈસા માગ્યા હતા. ત્યારબાદ કલેકટરે એવું કહ્યું છે કે "ચૈતર વસાવાએ 75 લાખ રૂપિયા માંગ્યા નથી." જે ભ્રષ્ટાચારના ઢગલા પર બેઠા છે એવા લોકો એક ઈમાનદાર લોકોની લડાઈ લડનાર વ્યક્તિ પર આરોપ લગાવી રહ્યા છે. કલેક્ટરે કહ્યું "આ વાત ખોટી છે, મનસુખ વસાવાની વાત પાયાવિહોણી છે. ચૈતર વસાવાએ કોઈ પૈસા માગ્યા નથી." ભાજપમાં બેઠેલા નેતાઓ લોકોની બિલકુલ સેવા કરતા નથી. પરંતુ લોકોની લડાઈ લડી રહેલી આમ આદમી પાર્ટીને બદનામ કરવાનું કામ કરે છે. મનસુખભાઈ થોડીક હિંમત કરો અને રાજીનામું આપો, તમે કહ્યું છે કે "જો સરકાર મને આમાં સહાય નહીં કરે તો હું રાજીનામું આપી દઈશ" તમે પોતે સાંસદ છો, કલેક્ટર ના કહે છે, આટલા હલકા આક્ષેપો લગાવતા તમને શરમ આવવી જોઈએ. થોડી પણ શરમ હોય તો તમારે રાજીનામું આપવું જોઈએ. આ પહેલા પણ આમ આદમી પાર્ટી અનેક નેતાઓ ઉપર અનેક આરોપો નાખવાનું કામ ભાજપે કર્યું છે. ઈસુદાન ગઢવી કમલમ પર રજૂઆત કરવા ગયા ત્યારે તેમના પર છેડતી અને દારૂનો આરોપ નાખવામાં આવ્યો હતો અને એફઆઈઆર કરવામાં આવી હતી. કચ્છના એસપીએ પ્રેસ કોન્ફરન્સ કરી આરોપી સાથે ગોપાલભાઈ ઈટાલીયા અને મનોજભાઈ સોરઠીયાનાં નામ જોડી દીધા હતા. શું થયું આ કેસનું ? ક્યાં છે આરોપો? ખોટા આરોપો લગાડવા, ખોટી એફઆઈઆરઓ કરવી, ખોટી રીતે હેરાન કરવા અને આમ આદમી પાર્ટીના નેતાઓને કોઈપણ રીતે બદનામ કરવાનું કામ ભાજપનું છે.

# 75 લાખ ના તોડકાંડ મામલે કલેક્ટર નર્મદા એ ફેરવી તોળ્યું : ધારાસભ્ય એ રૂપિયા માંગ્યા એ વાત મને હેલિપેડ પર મારા અધિકારીએ કરી હતી

## ■ ભ્રષ્ટાચાર સામે હું સખત વિરોધી છું..સાંસદ મનસુખ વસાવા

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં ચર્ચાસ્પદ બનેલા 75 લાખ રૂપિયાના તોડ કાંડ મામલે મોટો વળાંક આવ્યો છે. નર્મદા જિલ્લા કલેક્ટર સંજય મોદીએ પોતાના અગાઉ ધારાસભ્ય ચૈતર વસાવા એ રૂપિયાની માંગણી કરી હોવાના પ્રશ્ન પૂછતા સાવ ખોટી વાત કહેનારા કલેકટરે બીજે દિવસે યુ-ટર્ન લઈને સાંસદ મનસુખ વસાવાની વાત સ્વીકારી હોવાનું સામે આવ્યું છે. ત્યારે કેક્ટર નર્મદા એ આ બાબતે જરૂરી તપાસ ના આદેશ આપ્યા છે. પરંતુ હાલ પ્રજાને બસ એક પ્રશ્ન સતાવે છે. કે સાચું કોણ સાંસદ કે ધારાસભ્ય કેમકે કલેકટરે બંને પક્ષે જવાબ આપ્યો છે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પૂર્વ દિવસે ધારાસભ્ય ચૈતર વસાવા પોતાના સમર્થકો સાથે આવી કલેક્ટર નર્મદા ને રજૂઆત કરી કે 75 લાખ માંગ્યા જે બાબતે કલેકટરે નર્મદા એ આ વાત ખોટી હોવાની કહેતા ધારાસભ્ય ને ક્લિનચિટ મળી ગઈ છે..જ્યારે બીજી બાજુ કલેક્ટર નર્મદા એ જ સાંસદ મનસુખ વસાવા ને આ 75 લાખ ની વાત કરી હોય. કલેક્ટર કેમ બે મોઢાની વાત કરે છે. તેમ કહી સાંસદ ગિન્નાયા હતા. આને સાચી બાબતો સામે લડતા સાંસદ મનસુખભાઈ એ રાજીનામા સુધીની વાત કરીદીધી હતી. જોકે બીજે દિવસે



જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ સહિતના કાર્યકર્તાઓ સાથે જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા હતા, જ્યાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરે સ્વીકાર્યું હતું કે 75 લાખ રૂપિયાની માંગ ચૈતર વસાવા દ્વારા કરવામાં આવી હતી. આ માહિતી માર્ગ અને મકાન વિભાગના ઇજનેર સતીશ મોદી દ્વારા કલેક્ટરને જણાવવામાં આવી હોવાનું પણ કલેક્ટરે માન્ય કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા સાંસદના આક્ષેપ બાદ ચૈતર વસાવા જિલ્લા કલેક્ટરને મળ્યા હતા, તે સમયે કલેક્ટરે 75 લાખ રૂપિયાની વાતને ખોટી ગણાવી હતી. પરંતુ આજે જિલ્લા કલેક્ટરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે આ વાત રાજપીપળા નહીં પરંતુ કેવડિયા હેલિપેડ ખાતે થઈ હતી.

આ સમગ્ર પ્રકરણ દરમિયાન સાંસદ મનસુખ વસાવાએ અગાઉ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો તેમને ન્યાય નહીં મળે તો તેઓ ભાજપ છોડશે. આજે બેઠક બાદ સાંસદે કહ્યું કે, "મારી સાથે ભાજપ પાર્ટી ઊભી છે, મને પાર્ટી પર વિશ્વાસ છે અને આજે જિલ્લા પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ મારી સાથે આવ્યા છે. મેં કહ્યું હતું કે ન્યાય નહીં મળે તો ભાજપ છોડી દઈશ, પરંતુ આજે જિલ્લા કલેક્ટરે પણ મારી વાતને સાચી માની છે, એટલે હવે હું પાર્ટી સાથે જ છું."

મારી આ લડત પાછળ મુખ્ય હેતુ જિલ્લામાં કામ કરતા અધિકારીઓ ને બળ આપવાનું છે.એટલે કે આવા રૂપિયાની માંગણી કરતા નેતાઓ અમારી પાર્ટીના હોય કે વિપક્ષ ના તમામ ને ખુલ્લા પાડવા જોઈએ.ભ્રષ્ટાચાર સામે હું સખત વિરોધી છું..સાંસદ મનસુખ વસાવા

## રાજપીપળા લક્ષ્મ હોન્ડાના શોરૂમ આગળ અકસ્માતમાં નિકોલીના એકનું મોત



ભરત શાહ | નર્મદા

રાજપીપળા હરસિદ્ધિ મંદિર આગળ આવેલા દશા માતા ના મંદિર નજીક આવેલ લક્ષ્મ હોન્ડા ના શોરૂમ સામે થયેલા અકસ્માત માં એક વ્યક્તિ નું મોત થતા લોકટોળા ઉમટી પડ્યા હતા.

મળતી માહિતી મુજબ આજે બપોરે બનેલી અકસ્માત ની ઘટના મા નાંદોદ તાલુકાના નિકોલી ગામના શાંતિલાલ ભાઈ ભુદરભાઈ વસાવા અને સાથે બેઠેલ મેહુલભાઈ અનિલભાઈ વસાવા નાઓ રાજપીપળા કોઈ કામ અર્થે આવ્યા બાદ પરત ઘરે જતા હતા ત્યારે લક્ષ્મ હોન્ડા ના શોરૂમ આગળ એક હાઈવા ટ્રક એ બાઈક ને અડફટે લેતા દાદા અને પૌત્ર રોડ પર પડી ગયા જેમાં શાંતિલાલભાઈ ને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજ્યું હતું જ્યારે મેહુલ ને સામાન્ય ઇજા થઈ હોય તેનો આબાદ બચાવ થયો હતો. રાજપીપળા પોલીસ ઘટના સ્થળે પહોંચી છે અને આગળ ની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત બાદ તુરત બીજેપી શહેર પ્રમુખ અજીતભાઈ પરીખ, મહામંત્રી વિપુલભાઈ માછી, નામસરણ સિકલીગર ધર્મેશ ઉર્ફે ધવલ તડવી નાઓ મદદે દોડી આવ્યા હતા.

**સ્થાનિકોમાં ચર્ચાતી વાત મુજબ** ત્યાં આવેલા શોરૂમ ના સંચાલકો બહાર રોડ નજીક. પોતાના નવા વાહનો મૂકી દબાણ કરતા હોય ત્યાં અકસ્માત થાય છે અને આજે પણ અકસ્માત બાદ શોરૂમ વાળા એ બહાર મુકેલી બાઈકો હટાવી દીધી હતી ત્યારે તંત્ર આ બાબતે યોગ્ય કામગીરી કરે એ લોક હિત માં કહેવાશે.

## બાલાસિનોરમાં રોગચાળા નિયંત્રણ માટે તંત્ર દ્વારા જર્જરિત પાઈપલાઈન બદલવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાઇ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં હાલમાં જોવા મળી રહેલા રોગચાળાની પરિસ્થિતિને ધ્યાને રાખી રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવશ્રી દ્વારા ખાસ કમિટીની રચના કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલી આ કમિટી દ્વારા ગત તા. ૨૪/૧૨/૨૦૨૫ના રોજ એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ રોગચાળાને નિયંત્રિત કરવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં હયાત જૂની અને વારંવાર લીકેજ થતી પાણીની પાઈપલાઈન તેમજ ગટરલાઈનોને તાત્કાલિક ધોરણે બદલવાનો છે. બાલાસિનોરના વિજય ટોકીઝ



વિસ્તારમાં કમળાના ૩૯ કેસો અને ટીમ્બા મહોલ્લામાં ૨૨ કેસો નોંધાયા છે. રોગચાળાની ગંભીરતાને ધ્યાને લેતા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત વિજય ટોકીઝ વિસ્તારના ૨૮૦ મકાનો અને ટીમ્બા મહોલ્લાના ૭૦ મકાનોનો સઘન સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. સર્વે દરમિયાન પ્રદૂષિત પાણીની સમસ્યા નિવારવા માટે જર્જરિત લાઈનો બદલવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

હાલમાં આ અસરગ્રસ્ત વિસ્તારોમાં આશરે ૬૦૦ મીટર જેટલી જૂની પાઈપલાઈન બદલવાનું કામ પ્રગતિ હેઠળ છે. તંત્ર દ્વારા આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટે તમામ સંસાધનો કામે લગાડવામાં આવ્યા છે જેથી સ્થાનિક રહીશોને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી શકાય અને રોગચાળાના ફેલાવાને અટકાવી શકાય. કમિટી દ્વારા પરિસ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે અને જરૂર જણાયે વધુ પગલાં લેવાની ખાતરી આપવામાં આવી છે.

## લુણાવાડાના રામબારિયાના મુવાડા ગામની શાળામાં વિદ્યાર્થીઓને જેકેટનું વિતરણ કરાયું



જગદીશ ત્રિવેદી | મહીસાગર

લુણાવાડા તાલુકા ની રામબારિયા ના મુવાડા ગામની પ્રાથમિક શાળા માં ખારોલ ના વતની અને રિટાયર્ડ શિક્ષક તેમજ શ્રીરામ કોમ્પ્લેક્ષ ખારોલ ના માલિક જશુભાઈ દ્વારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા નાના ભૂલકાંઓને તેમના વરદ હસ્તે શિયાળા ની ઠંડી ને ધ્યાન માં રાખીને ૬૨ જેટલા વિધાર્થીઓને ગરમ જેકેટ નું વિતરણ કરવામાં આવતા ગ્રામીણ વિસ્તાર ના આ નાના ભૂલકાંઓમાં ખૂબ જ આનંદ ની લાગણી સાથે મુખ ઉપર સ્મિત ફેલાઈ જાવ પામ્યું હતું..હાલ શિયાળા ની ઋતુ ચાલતી હોય ત્યારે નાના ભૂલકાંઓને ઠંડી થી રક્ષણ મેળવવા માટે બાળકોને જેકેટ નું વિતરણ નું આવું સેવાકીય ભગીરથ કાર્ય કરવા બદલ SMC કમિટી , રામબારિયા ના મુવાડા ન રહીશો તેમજ શાળા પરિવારે શ્રી રામ કોમ્પલેક્ષ ખારોલ ના માલિક જશુભાઈ નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો અને આવા ઉમદા કાર્યો કરવાની ભગવાન તમને શક્તિ પ્રદાન કરે તેવી ભાવના વ્યક્ત કરી હતી અને સાથે સાથે તેમના ધંધા વ્યવસાય માં પણ ઉત્તરોત્તર ખૂબ જ પ્રગતિ થાય તેવી સૌએ સાથે મળીને પ્રાર્થના પણ કરી હતી.


## સંખેડા | ઇન્દ્રાલ ગામે એન.એસ.એસ.વાર્ષિક શિબિરનું ઉદઘાટન કરાયું



કમલેશ પટેલ | સંખેડા

આજ રોજ તા.26-12-2025 ના રોજ સંખેડા કોલેજ દ્વારા એન.એસ.એસ.વિભાગ દ્વારા સંખેડા તાલુકાના ઇન્દ્રાલ ગામે વાર્ષિક શિબિર નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં આવેલ મહેમાનોએ દીપ પ્રાગટ્ય કર્યું.તે પછી પ્રાર્થના,સ્વાગતગીત,વક્તવ્ય અને સાંસ્કૃતિક પ્રોગ્રામો એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા રજૂ કરવામાં આવ્યા. મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કોલેજના આચાર્યશ્રી ડો.ડી.વી.પટેલ સાહેબે કાર્યક્રમને અનુરૂપ માહિતી આપી હતી. ત્યારબાદ મંગલ ભારતી કોલેજના એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી કમલેશભાઈ વણકર દ્વારા એન.એસ.એસ. વિશે માહિતી આપવામાં આવી હતી.કોલેજના મહેન્દ્રભાઈ ત્રિવેદી પણ હાજર રહ્યા હતા.તથા ગામના સરપંચશ્રી જશુભાઈ તડવી દ્વારા દરેકને આવકાર આપવામાં આવ્યો હતો. અને ગામમાં વ્યસન મુક્ત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના અધ્યાપકો ગ્રામજનો અને શાળાના બાળકો પણ જોડાયા હતા.અંતે સમૂહ ભોજન લઈ શાળા સફાઈ કરવામાં આવી હતી. પ્રોગ્રામની આભાર વિધિ ડો.રાકેશભાઈ વણકર સાધુ દ્વારા કરવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો કનુભાઈ પરમાર અને ડૉ. પી.આર.શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'સાપુતારા'ના સાપ સુધી આકાશમાં ઉતરી અજાયબી, વિન્ટર ફેસ્ટિવલમાં ડ્રોન લાઈટ શોએ મચાવી ધૂમ




સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે આયોજિત વિન્ટર ફેસ્ટિવલ અંતર્ગત પ્રવાસીઓને દરરોજ નવુ અને અનોખું નજરાણું જોવા મળી રહ્યું છે. વિન્ટર ફેસ્ટિવલના આકર્ષણનું કેન્દ્ર બનેલા ભવ્ય ડ્રોન લાઈટ શોએ પ્રવાસીઓનું દિલ જીતી લીધું હતુ. રાત્રિના આકાશમાં ઝગમગતા સૈંકડો ડ્રોન દ્વારા રચાયેલા આકાશી દ્રશ્યોએ સાપુતારાની ઓળખને નવી ઊંચાઈ આપી હતી.વિન્ટર ફેસ્ટિવલ 2025 ડ્રોન લાઈટ શોમાં સાપુતારાની લોકપ્રિય પેરાગ્લાઈડિંગ એક્ટિવિટી, ગિરિમથકની પ્રાકૃતિક સુંદરતા તથા 'સાપુતારા' નામને સંકેત આપતો સાપનો આકાર દર્શાવવામાં આવતા ઉપસ્થિત પ્રવાસીઓ રોમાંચિત થઈ ઉઠ્યા હતા. આકાશમાં જીવંત લાગતા આ આકારોને જોઈ પ્રવાસીઓ મોબાઈલ અને કેમેરામાં દ્રશ્યો કેદ કરતા નજરે પડ્યા હતા.વિન્ટર ફેસ્ટિવલના પ્રથમ દિવસ બાદ બીજા દિવસે પણ પ્રવાસીઓની ભારે ભીડ ઉમટી પડી હતી.

રાજ્યના વિવિધ વિસ્તારો ઉપરાંત પડોશી રાજ્યોમાંથી પણ પ્રવાસીઓ સાપુતારા તરફ ધસી આવ્યા હતા. દિવસ દરમિયાન નૌકાવિહાર, પેરાગ્લાઈડિંગ, સાઈટ સીન તથા સાંજ પડતા સાંસ્કૃતિક કાર્યક્રમો અને ડ્રોન શોએ સમગ્ર માહોલ ઉત્સવમય બનાવી દીધો હતો.પ્રવાસીઓની વધતી આવકથી હોટેલ, દુકાનદારો, સ્થાનિક વેપારીઓ અને સાપુતારા વાસીઓ માટે વિન્ટર ફેસ્ટિવલ લાભદાયી સાબિત થઈ રહ્યો છે.

સ્થાનિકોનું માનવું છે કે આ પ્રકારના નવતર આયોજનથી સાપુતારાની પ્રવાસન ઓળખને નવી દિશા મળી છે. સાપુતારા વિન્ટર ફેસ્ટિવલમાં યોજાયેલ ડ્રોન લાઈટ શો પ્રવાસીઓ માટે યાદગાર બની રહ્યો છે અને ગિરિમથક સાપુતારા ફરી એકવાર રાજ્યના પ્રવાસન નકશા પર ઝગમગતો તારો બની રહ્યયો છે.

## News Brief

### પીપળી ગામે ક્રિસમસ દરમિયાન ધર્મ પરિવર્તનની પ્રવૃત્તિની ફરિયાદ બાદ LCB, SOG સહિત પોલીસે તપાસ હાથ ધરી



વિશાલ જે હરવરા | જામનગર

જામનગર જિલ્લાના પીપળી ગામ પાસે આવેલ રેલવે ફાટક નજીકની એક વાડીમાં એક સમુદાયના કેટલાક લોકો દ્વારા ધર્મ પરિવર્તન કરવામાં આવતું હોવાની ના બાતમી ના આધારે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ સ્થળ પર પહોંચ્યા હતા કિસ્મતની રાતે કેક કટીંગ કરી સાથે જમણવાર થતું હોવાને આક્ષેપ કરવામાં આવ્યા હતા ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ના અધિકારીઓ અને કાર્યકર્તાઓ પહોંચતા કેટલાક લોકો નાસી ગયા હતા. આ બાબતે પોલીસ ને જાણ થતાં એસ.ઓ.જી. એલ.સી.બી. તથા સ્થાનિક પોલીસ અને લાલપુર એ.એસ.પી. પ્રતિભા પહોંચ્યા હતા પોલીસી નિવેદન લઇ ધર્મ પરિવર્તન અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### ધારીમાં માનવ-વન્યપ્રાણી સંઘર્ષ નિવારણ પર સેમિનાર યોજાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીર (પૂર્વ) વન વિભાગ, ધારી દ્વારા વન્યપ્રાણીઓના રક્ષણ અને માનવ-વન્યપ્રાણી સંઘર્ષને ઘટાડવા માટે લોકભાગીદારી વધારવાના હેતુથી એક વિશેષ જનજાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર ગીર (પૂર્વ) વન વિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ (IFS)ની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, 'વન્યજીવ સંરક્ષણ અને સંઘર્ષ નિવારણની કામગીરી માત્ર વન વિભાગ દ્વારા જ નહીં, પરંતુ જનતાના સહયોગથી જ સફળ થઈ શકે છે.' તેમણે સ્થાનિક નાગરિકો અને ખેડૂતોને વન્યજીવ સંરક્ષણની આ કડીમાં સહભાગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

તાજેતરમાં ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહ તથા દીપડા જેવા વન્યપ્રાણીઓના વિચરણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ પરિસ્થિતિમાં માનવ અને વન્યપ્રાણીઓ વચ્ચેના સંઘર્ષની ઘટનાઓ નિવારી શકાય અને સ્થાનિક લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી વન વિભાગ દ્વારા 'કેસરી સદન, ધારી-દલખાણીયા રોડ' ખાતે આ વિશેષ બેઠકનું આયોજન કરાયું હતું. આ સેમિનારમાં વિવિધ ગામોના સરપંચો, સામાજિક આગેવાનો, એનજીઓના પ્રતિનિધિઓ તેમજ પર્યાવરણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનારમાં સ્થાનિક સમુદાયને વન્યપ્રાણીઓના વિચરણ દરમિયાન રાખવી પડતી સાવચેતીઓ વિશે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. આ સેમિનાર માત્ર માર્ગદર્શન પૂરતો મર્યાદિત ન રહેતા એક સક્રિય સંવાદનું માધ્યમ બન્યો હતો વન્યપ્રાણી સંઘર્ષ ઘટાડવા માટે હાજર રહેલા આગેવાનો અને ખેડૂતો પાસેથી બહુમૂલ્ય મંતવ્યો અને સૂચનો મેળવવામાં આવ્યા હતા.

# ગુલાબનું ફૂલ કોમળ હોય છે પણ ફૂલ સુધી પહોંચવા પહેલા કાંટાથી બચવું પડે

મોટા દીકરા સુરેશ એ બા ને ચિંતિત થતા કહ્યું કે બાં ની ચિંતા વ્યાજબી છે મહેશ એ બાં ની વાત માનવી જોઈતી હતી

બાપુજી બોલ્યાં કે ભાગ્યવાન,તમારા જ નાનકા ને માથે ચડાવવા ના કામ ને લીધે એ રાજકુમાર બેફિકરા બની ને રખડ્યા કરે છે તમારા કર્યા તમે ભોગવો મહેશ ની બાબત માં કઈ ના થઈ શકે છે ઉપરવાળા નું જે ધાર્યું હશે એ જ થશે..રડવા ના નાટક કરવાનું બંધ કરો તમારા રાજકુંવર રાત સુધીમાં ઘરે પુગી જશે. ગમે ત્યાં રખડે પણ રાત્રે તો એને ઘરે તો આવવું જ પડશે.મહેશ ની ખોટી ચિંતાઓ કરવાનું છોડો એના લગ્ન થઈ ગયાં છે ને બેત્રણ વર્ષમાં બાપ પણ બની જશે..

બાપુજી ની વાત સાંભળીને બાં ચોધાર આંસુ એ રડતા રડતા બોલ્યાં કે દીકરો બાપ માંથી દાદા બને તોય મા નો કાળજા નો કટકો જ હોય છે.મને મારા ચારેય દીકરા વહાલા છે પરંતુ મહેશ યુવાન થઈ ગયો છતાય હજી બાળક જેવો છે એટલે એની ચિંતા વિશેષ થયા કરે છે... આખરે હું મહેશની મા છું એટલે બાપ ની જેમ હાથ હાથ માથે મૂકીને બેસવું પોસઇ એમ નથી. રાતના 8વાગ્યા તોય મહેશનો અતોપતો નથી..કેમ મોડું થયું હશે??..

બાપુજી બરાડતા બોલ્યાં કે રડવાનું બંધ કરો પાલીતાણા ની ટ્રેન શિહોર 10 વાગ્યે પહોંચે છે.....

બાં એ ઊંડો નિસાસો નાખ્યો...કાશ...

......ઊંડો નિઃસાસો નાખતા શિવા બોલી કે સુશીલા, હું મહેશ થી બિલકુલ નારાજ નથી પણ એણે કર્યા એ વાત થી નારાજ છું.આ ગુસ્સા એ મને વધારે જિદ્દી બનાવી દીધી છે એટલે તો લગ્ન ની રાતે મારું મુખ દેખાડ્યું નહતું.ખરેખર ખરાબ સંજોગો ના લીધે હું નારાજ હતી પરંતુ એમાં એની તો એકપણ ભૂલ નહતી વગર વાંકે મે મહેશ ને નારાજ કર્યો આ વાત મને ખટક્યા કરે છે.બે વર્ષ બાદ એને મળવાનું થશે ત્યારે તો એ સાવ બદલાઈ ગયા હશે. એવું તે શું કરું કે જેથી એ ખુશ થઈ જાય? એ દિવસે સાસરે લોકો ની અને મહેમાનની સંખ્યા વધારે હતી એટલે મહેશ પણ કામમાં વ્યસ્ત હતા.સવાર થી સાંજ મારી મુહ દિખાઈ ના પ્રસંગમાં વીતી,ભાઈઓ પગ ફેરા ના રિવાજ માટે બપોર મને લેવા આવી ગયા હતા વગેરે ઘટનાક્રમ જલ્દી વિતી જતા મને મારી ભૂલ સમજાઈ નહતી. કાશ મહેશ સાથે થોડો સમય વિતાવ્યો હોત તો સારું થાત.

શિવા ની વાત સાંભળતા જ સુશીલા એ કહ્યું કે આ તારી બાળપણ ની આદત છે તું જીદ માં આવી ને મન માન્યું કરી નાખવાની.ગુસ્સા માં સાચું ખોટું ભૂલી જવાની.તને કેટલું સમજાવ્યું હતું કે લંબુ જ તારુ જીવન છે એટલે ત્યાં જઈને ગુસ્સામાં ગડબડ કરતી નહીં.અરે!!બુદ્ધુ, જંગલી વાંદરા સાથે રહેવાની આદત પડી ગઇ એ પછી વાંદરો પણ પરાણે પરાણે વહાલો લાગવા માંડે છે.તને ધાર્યું કરવાની આદત છે એટલે મનમાં ધાર્યું હતું એ જ કર્યું. કાકી ને તારા કરતૂત ની ખબર નથી,જ્યારે એને ખબર પડી જશે ને ત્યારે તો તારો વારો કાઢી નાખશે. બેટા,તે ભૂલ કરી છે એટલે એના પરિણામ પણ ભોગવવા તૈયાર થઈ જાવ. સુશીલા મજાક કરતા ધીમે થી બોલી કે જીજુ ના તરફથી પણ ઠંડો પ્રતિભાવ મતલબ કે એ તને બિલકુલ પસંદ નથી કરતા એવું તો કંઈ નથી ને...



અસ્તિત્વ ભાગ ૧૩

- રુપાલી દવે

શિવા એ સહેજ શરમાઈ ને નીચું જોઈને ધીમેથી કહ્યું કે એતો મારી પાછળ પાગલ ટટ્ટુ ની જેમ પડ્યા રહેતા હતા. સુશીલા એ શિવાને ચીડવતા બોલી કે અરે!!!અરે!!!જોતો કેવી શરમ થી પાણી પાણી થઇ ગઇ,એલી!!ધ્યાન રાખ પાણી જમરૂખ પર ના લાગી જાય..ખબર છે ને મને સફેદ જમરૂખ નથી ભાવતા...લાલ જમરૂખ નો ટેસ્ટ અલગ હોઈ છે..શિવા ખડખડાટ હસતા બોલી કે સુશીલા, તું અસ્સલ મારી સખત મોટા અવાજ વાળી ઝઘડાળું સાસુની જેમજ બોલે છે.

શિવા સહેજ શરમાતા શરમાતા સુશીલા સામે જોઈને બોલી કે રસોડા માં જેઠાણી ઓ સાથે રસોઈ માં મદદ કરતી હતી ને ત્યારે કોઈના કોઈ બહાને મહેશ રસોડામાં આવતા હતા ને વાતો કરતા કરતા ત્યાં જ અડો જમાવવા ની કોશિશ કરતા હતાં.ત્યારે બાં બરાડા પડતાં મજાક માં બોલતા હતા કે એલા!!ઓય!!બાયડી ઘેલા,તે એકે લગ્ન નથી કર્યા,તારા આસપાસ ના બધાં લગ્ન કરીને જ બેઠા છે રસોડા માંથી નીકળી ને બહાર આવ.રસોડા માંથી બહાર નીકળે એ ભેગા બા એના કાન અમળી ને સમજાવતા હતા કે એલા!! બૈરીને થોડા દિવસો નવી નવી રહેવા દે જો એ જૂની થઇ જશે તો પછી તારા પર હુકમ ચલાવવા લાગશે...મારા સસરા તો હમેશા મારા સાસુ ને કહેતા હતા કે ભાગ્યવાન,ધીમું બોલવાનું રાખો ઘરમાં તમારા સિવાઈ કોઈ બેહરું નથી..

...શિવા એ સુશીલા ને કહ્યું કે એ તો મારા પર રીતસરના લટ્ટુ છે. મુહ દિખાઈ ના દિવસે બધું પુરું થઈ ગયું ને મારા રૂમમાં પ્રવેશી ત્યારે જનાબ મારી રાહ જોઈને બેઠા હતા. મહેશે મને રોમેન્ટિક ફિલ્મોના દ્રશ્યો માફક ગુલાબ નું ફૂલ આપતા કહ્યું કે શિવા તું એકદમ સુંદર,નાજુક,નમણી ગુલાબ નાં ફૂલ જેવી કોમળ છો.

ગુલાબનું ફૂલ મહેશ પાસે થી લેતા મેં કીધું હતું કે ગુલાબ નું ફૂલ તો કોમળ હોય છે પણ એ ભૂલવું ન જોઈએ કે ફૂલ સુધી પહોંચવા પહેલા કાંટા થી બચવું પડે છે. ડાળીઓ કાંટા થી ભરેલી હોઈ છે એ ખબર છે ને. મારા મનમાં 'લગ્ન' નો ગુસ્સો હજી ઉતર્યો નથી યથાવત છે. યુવક મોહત્સવ નાં કાર્યક્રમ માં મહેશ તમારું વર્તન મને બિલકુલ પસંદ નહતું આવ્યું તમારા વિચિત્ર વર્તન ને લીધે બધા મને ખીજવી ને પરેશાન કરતા હતા.ખેર મારા લગ્ન તમારી સાથે થઈ ગયાં છે એટલે કશુંય થઈ શકશે નહી.

સુશીલા ની સામુ ગર્વ થી જોતા શિવા બોલી કે મહેશ એ મારા કડવા વેણ ને નજર અંદાજ કરતા કીધું હતું કે ભલે તું મને પસંદ ના કરતી હોઈ પણ તું મને ગમે છે.મને એટલી ખબર છે કે મારી શિવા ને મનાવી લઈશ..

સુશીલા એ સ્મિત ફરકાવતા કહ્યું કે શિવા, તારા માં ફર્ક પડે એ કલ્પના ને પણ કલ્પના કરવી અશક્ય છે.બિચારા જીજુ નાં નસીબ માં પથ્થર પડ્યા હતા એટલે તો તારા જેવી જીદ્દી ને અકડું બૈરી મળી છે..ખેર,છોડ મને તો તું સાસરે ગઈ એ પછી સહેજ પણ ગમતું નથી તારી પાછળ જીજુ પહેલેથી જ લટ્ટુ છે એટલે તને માનવવી એના માટે મોટી વાત નથી કે એ તને મનાવવા કંઈ પણ કરશે.

શિવા એ ખડખડાટ હસ્તા હસ્તા બોલી કે સુશીલા,મૂક ને મારા સાસરિયા ની પંચાત ને કોરાણે..ખબર છે કે મને પરેશાન કરવામાં તને ખૂબ મજા આવે છે.

તારી અને મારી બાળપણ ની મિત્રતા એટલે મને તારા થી વિખૂટા પડવું સહેજ પણ ગોઠતું નથી. સાચું કહું સુશીલા મારા લગ્ન તો એક ના એક દિવસ થવાના જ હતા એટલે મહેશ સાથે લગ્ન થયા એ વાતથી નારાજ કે દુઃખી સહેજ પણ નથી...પણ..મારી કારકિર્દી પર લગ્ન નાં લાલ સેંથી એ કાયમી ચોકડી પાડી દીધી.મારા ખાસ બાળપણ થી સેવેલા સ્વપ્ના પપ્પા અને ભાઈ ની જેમ વકીલ બનવું હતા.કદાચ મારા સ્વપ્ના ની વાત પતિ કે સાસરીયા આગળ વ્યક્ત કરવાનું સાહસ કરીશ તો પરિણામ શૂન્ય આવશે ને લાઈફ ટાઈમ સાસુ ના મેણાં ટોણા સાંભળવા પડશે.. આ વાતનું દર્દ હદય ના ખૂણે પડ્યું પડ્યું રડ્યા કરે છે..

# 'બેબી કૌશલ ક્યાં છે?':મમ્મી કેટરિના કૈફની પહેલી ઝલક




**ફેમિલી સાથે ક્રિસમસની પાર્ટી કરી; ફોટો જોઈ ચાહકો હરખાઈ ગયા**

કેટરિના કૈફે માતા બન્યા પછી પહેલીવાર ઈન્સ્ટાગ્રામ પર પોતાનો ફોટો શેર કર્યો છે. 25 ડિસેમ્બરે એક્ટ્રેસે ક્રિસમસની ઉજવણી કરતા પોતાનો ફોટો શેર કર્યો. ફોટોમાં તેની સાથે પતિ વિક્કી કૌશલ, દિયર સની કૌશલ અને તેના ભાઈ સેબેસ્ટિયન લોરેન્ટ મિશેલ દેખાઈ રહ્યા છે. આ સુંદર સેલ્ફીમાં કેટરિના અને વિક્કી પરિવાર સાથે ક્રિસમસ ટ્રી સામે જોવા મળી રહ્યું છે. ફોટોમાં કેટરિના લાલ રંગના ડ્રેસમાં જોવા મળી રહી છે. જ્યારે, બાકીના લોકોએ લાલ અને સફેદ રંગની સાન્ટા ક્લોઝની ટોપી પહેરી છે.

આ સેલ્ફી વિક્કી કૌશલે ક્લિક કરી છે, જ્યારે કેટરિના તેના ખભા પર હાથ રાખીને સ્માઈલ કરી રહી છે. તસવીર શેર કરતા કેટરિનાએ લખ્યું - 'બધાને પ્રેમ, ખુશી અને શાંતિ મળે. મેરી ક્રિસમસ.

કેટરિનાની ઝલક જોઈને તેના ચાહકો ખૂબ ખુશ દેખાઈ રહ્યા છે. એક યુઝરે લખ્યું- 'વિશ્વાસ નથી થતો કે તે હવે માતા બની ગઈ છે.' જ્યારે બીજા ફેને લખ્યું- 'ક્રિસમસની સૌથી વધુ રાહ જોવાતી તસવીર.' જ્યારે એક ફેને કોમેન્ટમાં પૂછ્યું કે- બેબી કૌશલ ક્યાં છે?

વિક્કી કૌશલ અને કેટરીના કૈફ હાલમાં જ માતા-પિતા બન્યા છે. કેટરીનાએ સાત નવેમ્બરે પુત્રને જન્મ આપ્યો છે. બંનેએ આ વાતની જાણકારી સોશિયલ મીડિયા દ્વારા ચાહકોને આપી હતી. કેટરીના અને વિક્કીએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું- 'અમારી ખુશીઓની નાનકડી ભેટ આવી ગઈ છે. અત્યંત પ્રેમ અને આભાર સાથે, અમે અમારા પુત્રનું સ્વાગત કરીએ છીએ. 7 નવેમ્બર 2025 કેટરીના અને વિક્કી.'

# બોક્સ ઓફિસનું ટ્રમ્પ કાર્ડ- 'ધુરંધર'...!

## વિવાદ-વિરોધ વચ્ચે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની, 21 દિવસમાં 1 હજાર કરોડ છાપ્યા!

રણવીર સિંહ સ્ટારર સ્પાય-થ્રિલર 'ધુરંધર'એ માત્ર 21 દિવસમાં વિશ્વભરમાં 1,000 કરોડની કમાણી કરીને બોક્સ ઓફિસ પર એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે, જે હિન્દી સિનેમા માટે એક મોટું સીમાચિહ્ન છે. આ ફિલ્મ, વર્ષ 2025ની સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ છે, જેણે અગાઉ આવેલી રિષભ શેટ્ટી દિગ્દર્શિત 'કાંતારા ચેપ્ટર 1' (અંદાજિત 850 કરોડ ગ્લોબલ કમાણી)ના વૈશ્વિક આંકડાને પણ પાછળ છોડી દીધો છે.


ત્રણ અઠવાડિયામાં એક હજાર કરોડ છાપ્યા ફિલ્મની ટીમે જણાવ્યા મુજબ, 'ધુરંધર'નું વર્લ્ડવાઈડ કલેક્શન હવે 1,006.7 કરોડ પર પહોંચી ગયું છે, જ્યારે ભારતમાં ફિલ્મનું નેટ કલેક્શન 668.80 કરોડ નોંધાયું છે. 20 દિવસમાં ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન 944 કરોડ હતું, જેમાં 21મા દિવસે આવેલા ઉછાળાએ તેને સીધું 1000 કરોડના ક્લબમાં પહોંચાડી દીધું છે.

રણવીર સિંહના કરિયરની સૌથી મોટી ફિલ્મ બની 'ધુરંધર' ફિલ્મ 'ધુરંધર' રણવીર સિંહના કરિયરની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. અત્યાર સુધી 2018માં આવેલી 'પદ્માવત' રણવીરના કરિયરની સૌથી મોટી ફિલ્મ હતી, જેણે 572 કરોડ રૂપિયાનું ઓવરઓલ કલેક્શન કર્યું હતું, જોકે હવે 'ધુરંધર' તેનાથી ક્યાંય આગળ નીકળી ગઈ છે. 19 માર્ચ 2026માં આવશે 'ધુરંધર 2' પહેલા સફળ પાર્ટ પછી ધુરંધર 2, 19 માર્ચ 2026માં રિલીઝ થશે. આ ફિલ્મનો બોક્સ ઓફિસ ક્લેશ યશ સ્ટારર ફિલ્મ ટોક્સિક સાથે થવાનો છે. 'ધુરંધર 2'માં દાઉદ ઈબ્રાહિમ જેવા પાત્રો પણ બતાવવામાં આવનાર છે.

ફિલ્મમાં શું બતાવ્યું છે? ફિલ્મની સ્ટોરી 1999માં થયેલા IC-814 વિમાન અપહરણ અને 2001ના ભારતીય સંસદ હુમલાની પૃષ્ઠભૂમિથી પ્રેરિત છે. સ્ટોરીની શરૂઆત ભારતીય ગુપ્તચર એજન્સીના પ્રમુખ અજય સાન્યાલ (આર માધવન)થી થાય છે, જે પાકિસ્તાનમાં ચાલી રહેલા આતંકવાદ અને અંડરવર્લ્ડ નેટવર્કને ખતમ કરવાની યોજના બનાવે છે.

આ માટે તેમને એક એવા યુવકની જરૂર હોય છે, જેની કોઈ ઓળખ ન હોય અને જે કોઈ ગુનામાં ફસાયેલો હોય. તેમની શોધ પંજાબના 20 વર્ષના હમઝા (રણવીર સિંહ) સુધી પહોંચે છે, જે જેલમાં બંધ છે. હમઝાને વિશેષ તાલીમ આપવામાં આવે છે અને મિશન માટે પાકિસ્તાન મોકલવામાં આવે છે. પાકિસ્તાનમાં હમઝાનો સામનો લ્યારીના ખતરનાક અંડરવર્લ્ડ સાથે થાય છે, જ્યાં તેને ગેંગસ્ટર રહેમાન ડાકુ (અક્ષય ખન્ના) અને કરાચીના એસપી ચૌધરી અસલમ (સંજય દત્ત) જેવા ખતરનાક લોકો સાથે કામ પાર પાડવું પડે છે.

ફિલ્મનો પહેલો ભાગ ગેંગસ્ટર દુનિયા, અપરાધ અને હિંસા દર્શાવે છે, જ્યારે ફિલ્મનો બીજો ભાગ જાસૂસી, છેતરપિંડી અને ષડયંત્રથી ભરેલો છે. સ્ટોરી દર્શકોને અંત સુધી ઉત્સુક રાખે છે કે શું હમઝા તેના મિશનમાં સફળ થાય છે અને કેવી રીતે તે અંડરવર્લ્ડનો સફાયો કરે છે.




2025ની સૌથી મોટી ફિલ્મો

| ફિલ્મ | કમાણી (રૂપિયામાં) |
|---|---|
| ધુરંધર | 1,006.7 કરોડ |
| કાંતારા | 850 કરોડ (કન્નડ) |
| છાવા | 797 કરોડ (હિન્દી) |
| સૈયારા | 579 કરોડ (હિન્દી) |
| કૂલી | 514 કરોડ (તમિલ) |

21માં દિવસે ફરી ધમાકો 'ધુરંધર'એ તેના ત્રીજા અઠવાડિયામાં પણ અપેક્ષાઓ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. રિલીઝના 21માં દિવસે (ગુરુવારે) ફિલ્મે સ્થાનિક સ્તરે અંદાજિત 26 કરોડ નેટ કમાણી કરી, જે લગભગ તેના પ્રથમ દિવસના કલેક્શન (28.6 કરોડ)ની બરાબર છે, જે તેની જબરદસ્ત સફળતા દર્શાવે છે.

| દિવસ | નેટ કલેક્શન |
|---|---|
| પહેલું વીક | 218.00 કરોડ |
| બીજું વીક | 261.50 કરોડ |
| ત્રીજું વીકેન્ડ | 99.70 કરોડ |
| દિવસ 18 (સોમવાર) | 19.70 કરોડ |
| દિવસ 19 (મંગળવાર) | 20.40 કરોડ |
| દિવસ 20 (બુધવાર) | 20.90 કરોડ |
| દિવસ 21 (ગુરુવાર) | 28.6 કરોડ |
| કુલ (21 દિવસ) | 668.80 કરોડ |

*બોલિવૂડ માટે શાનદાર 'Year-Ender' 'ધુરંધર'એ બોલિવૂડ માટે વર્ષ 2025નો અંત ઉચ્ચ સ્તરે કર્યો છે.* આ વર્ષે 'છાવા' પછી આ બીજી હિન્દી ફિલ્મ છે, જેણે માત્ર બોક્સ ઓફિસ પર જ નહીં, પણ જાહેર ચર્ચામાં પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. વિક્કી કૌશલની 'છાવા'એ વર્ષની શરૂઆતમાં રેકોર્ડ તોડ્યા હતા, જ્યારે આ સ્પાય-થ્રિલરે શક્તિશાળી વર્ષ-સમાપ્તિ આપીને ઈન્ડસ્ટ્રીને ખુશ કરી દીધી છે. ફિલ્મમાં રણવીર સિંહની સાથે સંજય દત્ત, અક્ષય ખન્ના, આર માધવન, અર્જુન રામપાલ, રાકેશ બેદી, સૌમ્યા ટંડન, દાનિશ પંડોર અને સારા અર્જુન જેવા કલાકારોએ અભિનય કર્યો છે.

### રણવીરના કરિયરની સૌથી મોટી ફિલ્મો

| ફિલ્મ | કમાણી (રૂપિયામાં) |
|---|---|
| ધુરંધર | 1,006.7 કરોડ |
| પદ્માવત | 572 કરોડ |
| સિંબા | 400 કરોડ |
| રોકી ઔર રાની | 356.6 કરોડ |
| બાજીરાવ મસ્તાની | 356.2 કરોડ |
| ગલી બોય | 238 કરોડ |

## 'અંગ્રેજી મીડિયમ'ના શૂટિંગ માટે ઈરફાન વ્હીલચેર પર આવતા : કેન્સરની તમામ પીડા ભૂલી જતા'

બોલિવૂડના દમદાર એક્ટર ઈરફાન ખાનની યાદો આજે પણ ચાહકોના દિલમાં તાજી છે. તેમની છેલ્લી ફિલ્મ 'અંગ્રેજી મીડિયમ'ના શૂટિંગ દરમિયાનનો એક એવો કિસ્સો સામે આવ્યો છે, જે તેમની પ્રોફેશનલ પ્રતિબદ્ધતાને સલામ કરવા મજબૂર કરે છે. કોસ્ચ્યુમ ડિઝાઈનર સ્મૃતિ ચૌહાણે ખુલાસો કર્યો કે, ઈરફાન કેન્સરની ઝપેટમાં હતા, તેમ છતાં શૂટિંગ દરમિયાન ખૂબ જ પીડા સહન કરતા રહ્યા.

સ્મૃતિ ચૌહાણે ડિજિટલ કોમેન્ટ્રી સાથેની વાતચીતમાં જણાવ્યું, 'ઈરફાન સાહેબની તબિયત સતત બગડી રહી હતી. શૂટિંગ અવારનવાર અટકી જતું હતું કારણ કે તેમનું શરીર સાથ આપી રહ્યું ન હતું. પીડા એટલી હતી કે ચહેરો પીળો પડી જતો, પરંતુ તેઓ ક્યારેય ફરિયાદ કરતા ન હતા.

'બસ એક ટેક વધુ' કહીને સીન પૂરો કરતા.'

ફિલ્મના ડિરેક્ટર હોમી અદજાનિયા સાથે કામ કરતી વખતે ઈરફાનની મહેનત જોઈને આખી યુનિટ ભાવુક થઈ જતી. સ્મૃતિએ કહ્યું, 'તેમની આંખોમાં જુસ્સો હતો. નબળા હોવા છતાં ડાયલોગ ડિલિવરી પરફેક્ટ રાખતા.'

'અંગ્રેજી મીડિયમ' 2019માં રિલીઝ થઈ હતી, જેમાં ઈરફાન પિતાની ભૂમિકામાં હતા, જે દીકરીના સપના પૂરા કરવા માટે સંઘર્ષ કરતા જોવા મળે છે.



ફિલ્મની સફળ રહી હતી. 2020માં ઈરફાનનું નિધન થયું, પરંતુ તેમની આ ફિલ્મ ચાહકો માટે અમર થઈ ગઈ. સ્મૃતિએ યાદ કર્યું, 'શૂટિંગના છેલ્લા દિવસોમાં તેઓ એટલા નબળા પડી ગયા હતા કે વ્હીલચેર પર આવતા, પરંતુ કેમેરા ઓન થતા જ જાદુગર બની જતા.'

## રજનીકાંતની જેલર ટુમાં શાહરૂખનો કેમિયો હોવાનો સંકેત



રજનીકાંતની 'જેલર ટુ'માં શાહરુખ ખાન કેમિયો કરશે તેવી ચર્ચા ચાલી છે. આ ફિલ્મમાં એક ભૂમિકા ભજવી રહેલા મિથુન ચક્રવર્તીએ આ દાવો કર્યો છે. તેનાથી શાહરુખ અને રજનીકાંત બંનેના ફેન્સ હરખાયા છે. જોકે, શાહરુખ કે રજનીકાંતે હજુ આ વિશે કોઈ કન્ફર્મેશન આપ્યું નથી.

મિથુને એક વાતચીતમાં કહ્યું હતું કે 'જેલર ટુ'માં સમગ્ર ભારતના દિગ્ગજ કલાકારોનો કાફલો હશે. મોહનલાલ, શાહરુખ ખાન, રામ્યા કૃષ્ણ અને શિવરાજ કુમાર પણ આ ફિલ્મમાં હશે. મિથુને આપેલો સંકેત સાચો હોય તો શાહરુખ અને રજનીકાંત બીજીવાર સ્ક્રીન શેર કરશે. અગાઉ શાહરુખની ફિલ્મ 'રા વન'માં રજનીકાંતે કેમિયો કર્યો હતો.

## બાંગ્લાદેશમાં હિંદુ યુવકની લિંચિંગ પર ભડકી જાહ્નવી :ઘટનાને બર્બર અને નરસંહાર ગણાવી

બાંગ્લાદેશમાં હિંદુ યુવક દીપુ ચંદ્ર દાસની હત્યા પર એક્ટ્રેસ જાહ્નવી કપૂરે સખત પ્રતિક્રિયા આપતા તેને નરસંહાર ગણાવ્યો છે. જાહ્નવીએ આ વાત પર ભાર મૂક્યો કે કોઈપણ સ્વરૂપમાં અસ્તિત્વમાં રહેલા ઉગ્રવાદનો સખત વિરોધ થવો જોઈએ.

25 ડિસેમ્બરે જાહ્નવીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં દીપુ ચંદ્ર દાસ ટાઈટલ સાથે એક નોટ પોસ્ટ કરી. તેણે લખ્યું- 'બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તે બર્બરતાપૂર્ણ છે. આ નરસંહાર છે અને આ કોઈ એકલી ઘટના નથી. જો તમને આ અમાનવીય સાર્વજનિક લિંચિંગ વિશે ખબર નથી, તો તેના વિશે વાંચો, વીડિયો જુઓ, પ્રશ્નો પૂછો અને જો આ બધા છતાં તમને ગુસ્સો નથી આવતો, તો બરાબર આ જ પ્રકારનો દંભ આપણને ખબર પડે તે પહેલાં જ નષ્ટ કરી દેશે.' તે આગળ લખે છે- 'આપણે દુનિયાના બીજા છેડે બનતી ઘટનાઓ વિશે રડતા રહીશું, જ્યારે આપણા પોતાના ભાઈ-બહેનોને જીવતા સળગાવી દેવામાં આવશે.' કોઈપણ સ્વરૂપમાં અસ્તિત્વમાં રહેલા ઉગ્રવાદની નિંદા અને ટીકા કરવી જરૂરી છે, તે પહેલાં કે આપણે આપણી માનવતા ભૂલી જઈએ.

18 ડિસેમ્બરે ઢાકા નજીક હિંદુ યુવક દીપુ ચંદ્ર દાસની ભીડે હત્યા કરી દીધી હતી. બાદમાં તેને ઝાડ પર લટકાવીને સળગાવી દેવામાં આવ્યો હતો.

દીપુ મેમનસિંહ જિલ્લાના ભાલુકામાં ટેક્સટાઈલ કંપની પાયોનિયર નિટવેયર્સમાં કામ કરતા હતા. સૂત્રો જણાવે છે કે ફેક્ટરીમાં અફવા ફેલાઈ કે દીપુએ ઈશનિંદા કરી છે. ફેક્ટરીની બહાર પણ આ સમાચાર પહોંચી ગયા. રાત્રે લગભગ 9 વાગ્યા સુધી ફેક્ટરીની બહાર ભીડ એકઠી થઈ ગઈ.

ભીડ અંદર ઘૂસી અને દીપુને ખેંચીને લઈ ગઈ. લાત, મુક્કા અને લાકડીઓ વડે તેને મારવાનું શરૂ કર્યું. તેના કપડાં ફાડી નાખ્યા. આ દરમિયાન દીપુનું મૃત્યુ થયુ.




## જાણીતા ગાયક કૈલાશ ખેરના LIVE શોમાં હોબાળો, સિંગરે કહ્યું - 'પ્રાણીઓ જેવું વર્તન ના કરશો...'

બોલિવૂડના જાણીતા ગાયક અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા કૈલાશ ખેરના શોમાં એક મોટી ઘટના બની. ગ્વાલિયરમાં તે પરફોર્મ કરી રહ્યા હતા ત્યારે ભીડ અચાનક બેકાબૂ બની ગઈ. લોકો બેરિકેડ તોડીને સ્ટેજ પર ગાયક તરફ દોડી ગયા, જેનાથી પરિસ્થિતિ વધુ વણસી ગઈ. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ કે તેમનો શો વચ્ચે જ બંધ કરવો પડ્યો હતો.

નાતાલની પૂર્વ સંધ્યાએ ભારત રત્ન અને ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ ગ્વાલિયરના મેળા ગ્રાઉન્ડમાં ઉજવવામાં આવી રહી હતી. ગાયક કૈલાશ ખેર પણ આ પ્રસંગે એક કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા. તે તેમના પ્રદર્શનથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી રહ્યા હતા ત્યારે અચાનક અફરાતફરી ફેલાઈ ગઈ હતી.

ભીડ અચાનક બેકાબૂ બની ગઈ. તે બેરિકેડ તોડીને સ્ટેજ પર પહોંચ્યા. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે ત્યાં હાજર કૈલાશ ખેરને સ્ટેજ પરથી બૂમ પાડવી પડી કે, 'તમે પ્રાણીઓ જેવું વર્તન ના કરશો.' આ ઘટના બાદ, કાર્યક્રમ અધવચ્ચે જ બંધ કરવો પડ્યો.



## ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ 'ઈક્કીસ'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ

### સની અને બોબી દેઓલ પિતાને અનોખી રીતે આપશે શ્રદ્ધાંજલિ; 1 જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે ફિલ્મ

દિવંગત એક્ટર ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ 'ઈક્કીસ' 1 જાન્યુઆરી 2026 ના રોજ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ દેઓલ પરિવાર માટે ખૂબ જ ખાસ છે. રિલીઝ પહેલા 29 ડિસેમ્બરે અંધેરીના પીવીઆર આઈકોનમાં 'ઈક્કીસ'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ રાખવામાં આવશે, જેની યજમાની સની દેઓલ અને બોબી દેઓલ કરશે.

એક્ટરના બંને પુત્રો સની-બોબી આ સ્ક્રીનિંગ દ્વારા પિતાને શ્રદ્ધાંજલિ આપશે. આ ખાસ સ્ક્રીનિંગમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી ઉપરાંત મીડિયાના લોકો પણ સામેલ થશે.

તાજેતરમાં ન્યૂઝ એજન્સી ANI સાથે વાત કરતા ફિલ્મના ડિરેક્ટર શ્રીરામ રાઘવને ધર્મેન્દ્રને લઈને પોતાની યાદો શેર કરી હતી.

તેમણે કહ્યું હતું- 'હું તેમને ઓક્ટોબરમાં મળ્યો હતો. તે સમયે તેમની તબિયત ઠીક હતી, પણ બહુ સારી નહોતી. તેમણે ફિલ્મનો પહેલો ભાગ જોઈ લીધો હતો અને બીજા ભાગની રાહ જોઈ રહ્યા હતા.

હું ઈચ્છતો હતો કે તેઓ આખી ફિલ્મ જુએ. પણ કોઈ કારણસર એવું થઈ શક્યું નહીં. તેઓ પોતાના કરેલા કામનો આનંદ માણવા માટે હવે આપણી વચ્ચે નથી, અને લોકો આ વાત સમજે છે. અમને આ વાતનો અફસોસ છે.'

'ઈક્કીસ' એક વોર બાયોપિક છે, જે સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલની સાચી વાર્તા પર આધારિત છે. અરુણ ખેત્રપાલ ભારતના સૌથી યુવા પરમવીર ચક્ર વિજેતા હતા, જેમણે 1971ના ભારત-પાક યુદ્ધમાં અસાધારણ વીરતા બતાવી હતી. ફિલ્મમાં અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા અરુણ ખેત્રપાલની ભૂમિકા ભજવી રહ્યા છે, જ્યારે ધર્મેન્દ્ર તેમના પિતા બન્યા છે. ફિલ્મ 'ઈક્કીસ'નું નિર્દેશન શ્રીરામ રાઘવને કર્યું છે અને તેને દિનેશ વિજનના મેડૉક ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.

જણાવી દઈએ કે આ ફિલ્મ માટે ધર્મેન્દ્રએ એક કવિતા લખી છે અને તેને પોતાનો અવાજ પણ આપ્યો હતો. આ કવિતાનું નામ છે 'અજ ભી જી કરદા એ, પિંડ અપને નૂ જાનવા'. જેનો ગુજરાતીમાં અર્થ છે કે આજે પણ દિલ કરે છે કે પોતાના ગામ જતો રહું.

આ કવિતા પોતાના ગામ પ્રત્યે એક વ્યક્તિની ભાવનાઓ અને યાદોને દર્શાવે છે. ધર્મેન્દ્ર આ વીડિયોમાં પોતાના ગામ પ્રત્યેનો પ્રેમ અને ત્યાં પાછા ફરવાની ઈચ્છાને શબ્દોમાં વ્યક્ત કરે છે.

## વેલકમ ટુ ધી જંગલમાં અક્ષય કુમારના ડબલ રોલ કે ફ્લેશબેકની અટકળો

અક્ષય કુમાર આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધી જંગલ'માં ડબલ રોલ કરી રહ્યો છે અથવા તો તેનો ફ્લેશબેક બતાવાશે તેવી અટકળો શરુ થઈ છે. આ ફિલ્મના અક્ષય કુમમારના બે લૂક વાયરલ થતાં આ ચર્ચા શરુ થઈ છે. અક્ષયકુમારે આ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થયાની જાહેરાત કરી હતી. તેની સાથે તેણે એક વિડીયો ક્લિપ શેર કરી હતી. આ વિડીયો ક્લિપમાં અક્ષય કુમાર એક લૂકમાં કાળા વાળ સાથે તો અન્ય લૂકમાં વ્હાઈટ વાળ સાથે દેખાય છે. તે પરથી તે ડબલ રોલ કરી રહ્યો હોય અથવા તો તેના પાત્રનો ભૂતકાળ દર્શાવાતો હોય તેવી શક્યતા છે તેવું ચાહકો માની રહ્યા છે. આ ફિલ્મમાં દિશા પટાણી, પરેશ રાવલ, લારા દત્તા, રવીના ટંડન, જેક્લિન ફર્નાન્ડિઝ, અર્શદ વારસી, સુનિલ શેટ્ટી સહિતના કલાકારોનો કાફલો છે. એક ચાહકે એવી પણ કોમેન્ટ કરી હતી કે આટલા બધા કલાકારો વચ્ચે પણ અક્ષય કુમાર ડબલ રોલ મેળવવાનું મેનેજ કરી શક્યો હોય તો તે મોટી વાત છે.



રોમાંચક મુકાબલો

નોઈડા નિન્જાસ વિજય કાનપુર વોરિયર્સ હાર સાથે

# ઉત્તર પ્રદેશ કબડ્ડી લીગ સીઝન 2 પ્રારંભ ધમાકેદાર થયો




નોઈડા | રમતપ્રેમીઓ માટે આનંદના સમાચાર છે કે ઉત્તર પ્રદેશ કબડ્ડી લીગની બીજી સીઝનનો ગુરુવારથી નોઈડા ખાતે ભવ્ય પ્રારંભ થયો છે. નોઈડા ઈન્ડોર સ્ટેડિયમમાં રમાયેલી આ પ્રથમ મેચમાં યજમાન ટીમ નોઈડા નિન્જાસે પોતાની તાકાત બતાવીને કાનપુર વોરિયર્સને હરાવી વિજયી આગાઝ કર્યો છે. સીઝનના ઉદઘાટન મુકાબલામાં જ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી, જેનાથી પ્રેક્ષકોમાં ભારે ઉત્સાહ ફેલાયો હતો. ઉત્તર પ્રદેશ કબડ્ડી લીગ સીઝન ૨ પ્રારંભ સાથે જ રાજ્યમાં ફરી એકવાર કબડ્ડીનો રોમાંચ ટોચ પર પહોંચ્યો છે. સીઝનની પ્રથમ મેચમાં જેડી નોઈડા નિન્જાસ અને કાનપુર વોરિયર્સ સામસામે ટકરાયા હતા. આ રોમાંચક મેચમાં નોઈડા નિન્જાસે ૩૯-૩૬ ના નજીવા તફાવતથી જીત મેળવી હતી. કાનપુરની ટીમે ૩૬ પોઈન્ટ્સ મેળવીને નોઈડાને ભારે ટક્કર આપી હતી, પરંતુ અંતિમ મિનિટોમાં નોઈડાના રેડર્સ અને ડિફેન્ડર્સે શાનદાર તાલમેલ બતાવીને બાજી મારી લીધી હતી. નોઈડા નિન્જાસ વિજય કાનપુર વોરિયર્સ હાર સાથે ટુર્નામેન્ટના પોઈન્ટ ટેબલમાં નોઈડાએ પ્રથમ જીત સાથે ખાતું ખોલાવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ જીત બાદ ટીમના માલિક દીપક નાગરે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### પ્રદૂષણને કારણે એક દિવસનો વિલંબ

ઉત્તર પ્રદેશ કબડ્ડી લીગ સીઝન ૨ પ્રારંભ અગાઉ ૨૪ ડિસેમ્બરના રોજ થવાનો હતો, પરંતુ સર્વોચ્ચ અદાલત અને સ્પોર્ટ્સ ડિરેક્ટોરેટ દ્વારા પ્રદૂષણ નિયંત્રણ અંગે જારી કરવામાં આવેલા નિર્દેશોને કારણે લીગને એક દિવસ લંબાવવામાં આવી હતી. એસજે અપલિફ્ટ કબડ્ડીના ડાયરેક્ટર સંભવ જૈને જણાવ્યું હતું કે પર્યાવરણ અને ખેલાડીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ઓસ્ટ્રેલિયા સામે બેઝબોલ રણનીતિ નિષ્ફળ સાબિત થઈ




લંડન | ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી એશિઝ શ્રેણીમાં ઈંગ્લેન્ડની સતત ત્રણ ટેસ્ટ મેચમાં થયેલી શરમજનક હાર બાદ બ્રિટિશ ક્રિકેટ વર્તુળોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સીરીઝ ગુમાવ્યા બાદ હવે ટીમના મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમ અને કેપ્ટન બેન સ્ટોક્સની આક્રમક 'બેઝબોલ' રણનીતિ સામે સવાલો ઉઠી રહ્યા છે. આ પરિસ્થિતિમાં ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ સ્પિનર મોન્ટી પાનેસરે એક ચોંકાવનારી પરંતુ તર્કબદ્ધ માંગ કરી છે. પાનેસરે ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ કોચ રવિ શાસ્ત્રીને ઈંગ્લેન્ડના મુખ્ય કોચ બનાવવાની જોરદાર હિમાયત કરી છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમ કોચ રવિ શાસ્ત્રી બને તો જ ઓસ્ટ્રેલિયા સામે જીતી શકાય તેવો મત વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. મોન્ટી પાનેસરે માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડને અત્યારે એવા માર્ગદર્શકની જરૂર છે જે ઓસ્ટ્રેલિયાની માનસિકતા અને તેમની નબળાઈઓને સારી રીતે ઓળખતા હોય.

# 'તેંડુલકર જેવો જ વૈભવ...', શશિ થરુર વૈભવ સૂર્યવંશીની બેટિંગ પર ફીદા

રાંચી | ભારતીય ઘરેલું ક્રિકેટમાં અત્યારે એક જ નામની ચર્ચા છે અને તે છે બિહારનો ૧૪ વર્ષનો યુવા બેટર વૈભવ સૂર્યવંશી. વિજય હઝારે ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામે રમાયેલી મેચમાં વૈભવે જે પ્રકારે બેટિંગ કરી છે, તેણે દિગ્ગજોને સ્તબ્ધ કરી દીધા છે. રાંચીના જેએસસીએ ઓવલ ગ્રાઉન્ડમાં વૈભવે માત્ર ૮૪ બોલમાં ૧૯૦ રનની તોફાની ઈનિંગ રમી હતી. તેની આ ઈનિંગ જોઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ક્રિકેટ પ્રેમી શશિ થરુરે તેને ભારતીય ટીમમાં સામેલ કરવાની જોરદાર ભલામણ કરી છે. સચિન તેંડુલકર સાથે તુલના શશિ થરુરે સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયા આપતા લખ્યું કે, "છેલ્લી વખત જ્યારે ૧૪ વર્ષના છોકરાએ આટલું જબરદસ્ત ક્રિકેટ ટેલેન્ટ દેખાડ્યું હતું, તે સચિન તેંડુલકર હતો. આપણે બધા જાણીએ છીએ કે ત્યારબાદ સચિનનું શું થયું (તે ક્રિકેટના ભગવાન બન્યા). હવે તમે કોની રાહ જોઈ રહ્યા છો? વૈભવ સૂર્યવંશીને તરત જ ભારતીય ટીમમાં લઈ લો!"

રોહિત શર્મા શૂન્ય રન આઉટ ઉત્તરાખંડ / વિરાટ કોહલી ગુજરાત સામે આક્રમક બેટિંગ કરી

# ઈજામાંથી ઉભરી પંત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી માટે સંપૂર્ણપણે તૈયાર!

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી માટે વિજય હજારે ટ્રોફીનો બીજો દિવસ વિરોધાભાસી સાબિત થયો છે. એક તરફ 'હિટમેન' તરીકે જાણીતા રોહિત શર્મા ઉત્તરાખંડ સામેની મેચમાં પ્રથમ દડા પર જ પેવેલિયન ભેગા થયા હતા, તો બીજી તરફ વિરાટ કોહલીએ ગુજરાત સામે મેદાન ગજવીને શાનદાર અડધી સદી ફટકારી હતી. શુક્રવારનો દિવસ ક્રિકેટ પ્રેમીઓ માટે ભારે રોમાંચ અને આશ્ચર્ય લઈને આવ્યો હતો, જેમાં દિલ્હી અને મુંબઈની ટીમોના પ્રદર્શન પર સૌની નજર ટકેલી હતી.

### હિટમેનનું નસીબ રૂઠ્યું: શૂન્ય પર આઉટ

મુંબઈ તરફથી રમતા રોહિત શર્મા પાસેથી ચાહકોને મોટી આશા હતી, કારણ કે અગાઉની મેચમાં તેમણે સિક્કિમ સામે માત્ર 94 દડામાં અણનમ 155 રન ઝૂડી કાઢ્યા હતા. જોકે, ઉત્તરાખંડ સામેની મેચમાં નસીબે સાથ આપ્યો નહીં. દેવેન્દ્ર સિંહ બોરાના શાનદાર દડા સામે રોહિત શર્મા લાચાર દેખાયા અને ઈનિંગના પ્રથમ ઓવરમાં જ ગોલ્ડન ડક (શૂન્ય રન) પર આઉટ થઈ ગયા હતા. રોહિત શર્મા શૂન્ય રન આઉટ ઉત્તરાખંડ સામે થતા જ સ્ટેડિયમમાં સન્નાટો છવાઈ ગયો હતો. અગાઉની ઈનિંગમાં 18 ચોગ્ગા અને 9 છગ્ગા મારનાર રોહિત માટે આ એક આઘાતજનક વળાંક હતો.

### વિરાટ કોહલીનો ગુજરાત સામે દબદબો

બીજી તરફ, દિલ્હીના કેપ્ટન વિરાટ કોહલીએ પોતાની શાનદાર ફોર્મ જાળવી રાખી છે. ગુજરાત સામેની મેચમાં દિલ્હીએ વહેલી વિકેટ ગુમાવી હોવા છતાં, વિરાટે મોરચો સંભાળ્યો હતો. તેમણે માત્ર 61 દડામાં 126થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે આક્રમક 77 રન બનાવ્યા હતા. વિરાટ કોહલી ગુજરાત સામે આક્રમક બેટિંગ કરતા 13 ચોગ્ગા અને 1 ગગનચુંબી છગ્ગો ફટકાર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ ટૂર્નામેન્ટની બે મેચોમાં વિરાટના નામે હવે 208 રન થઈ ગયા છે, જે તેમની ફિટનેસ અને ભૂખને સાબિત કરે છે.

### આંકડામાં 'રો-કો'ની જંગ

ચાલુ વર્ષે વન-ડે ક્રિકેટમાં રોહિત અને વિરાટ વચ્ચે રન બનાવવાની સ્પર્ધા ચાલી રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ 2025માં વિરાટ કોહલીએ 13 મેચોમાં 651 રન બનાવ્યા છે, જ્યારે રોહિત શર્માએ 14 મેચોમાં 650 રન કર્યા છે. માત્ર એક રનના તફાવત સાથે બંને ખેલાડીઓ ભારતના સર્વોચ્ચ રન સ્કોરર રહ્યા છે. વિરાટે સાઉથ આફ્રિકા સામેની શ્રેણીમાં પણ 151ની સરેરાશથી 302 રન બનાવીને 'પ્લેયર ઓફ ધ સીરીઝ'નો ખિતાબ જીત્યો હતો, જે તેમની અજેયતા દર્શાવે છે.




### ભવિષ્યની રણનીતિ પર નજર

વિજય હજારે ટ્રોફીમાં આ બંને દિગ્ગજોની હાજરીથી સ્થાનિક ક્રિકેટનું સ્તર ઊંચું આવ્યું છે. વિજય હજારે ટ્રોફી વિરાટ કોહલી રોહિત શર્મા માટે આગામી મોટી ટુર્નામેન્ટની તૈયારી સમાન છે. ભલે રોહિત આજે નિષ્ફળ રહ્યો હોય, પરંતુ તેની છેલ્લી સાત ઈનિંગ્સમાં ૭૭ની સરેરાશ તેના ફોર્મની ગવાહી આપે છે. બીજી તરફ, વિરાટ કોહલી સતત રન મશીન બનીને રન ઉલેચી રહ્યો છે. હવે પછીની મેચોમાં આ બંને બેટ્સમેનો કેવી રણનીતિ સાથે મેદાનમાં ઉતરે છે, તેના પર સમગ્ર દેશની મીટ મંડાયેલી છે.

ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા ચોથી ટેસ્ટ મેલબોર્ન

21મી સદીનો પ્રથમ અંગ્રેજ બોલર વિક્રમ નોંધાયો

# જોશ ટંગ ફાઈવ વિકેટ હોલ એશેઝ ટેસ્ટમાં મચાવી ધમાલ

(એજન્સી) મેલબોર્ન । તા. 26

ઓસ્ટ્રેલિયાના ઐતિહાસિક મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત બોક્સિંગ ડે ટેસ્ટના પ્રથમ દિવસે ઈંગ્લેન્ડના યુવા ફાસ્ટ બોલર જોશ ટંગે ઈતિહાસના પાના પર પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું છે. જોશ ટંગે કાતિલ બોલિંગનું પ્રદર્શન કરતા કાંગારૂ ટીમના પાંચ બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા હતા. આ સાથે જ તેઓ 21મી સદીમાં મેલબોર્નના મેદાન પર ટેસ્ટ મેચની એક ઈનિંગમાં 5 વિકેટ લેનારા પ્રથમ ઈંગ્લિશ બોલર બની ગયા છે. તેમની આ સિદ્ધિને કારણે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા ચોથી ટેસ્ટ મેલબોર્ન રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. શુક્રવારે રમતની શરૂઆતથી જ જોશ ટંગ અત્યંત આક્રમક મૂડમાં જણાતા હતા. તેમણે પોતાની ગતિ અને સચોટ લાઈન-લેન્થથી ઓસ્ટ્રેલિયાના મજબૂત બેટિંગ ઓર્ડરના પાયા હચમચાવી દીધા હતા.



જોશ ટંગ ફાઈવ વિકેટ હોલ એશેઝ ટેસ્ટમાં મળતા જ ઈંગ્લેન્ડની છાવણીમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. ખાસ કરીને સ્ટીવ સ્મિથ અને માર્નસ લાબુશેન જેવા દિગ્ગજ બેટ્સમેનોને સસ્તામાં આઉટ કરીને તેમણે ઓસ્ટ્રેલિયાને બેકફૂટ પર ધકેલી દીધું હતું. મીડિયા અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયાની આખી ટીમ માત્ર બે સેશનમાં જ 152 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ઈંગ્લેન્ડ મેલબોર્ન ટેસ્ટ

# ઉસ્માન ખ્વાજા આંતરરાષ્ટ્રીય રન ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી

(એજન્સી) મેલબોર્ન । તા. 26

ઓસ્ટ્રેલિયાના અનુભવી અને દિગ્ગજ ઓપનિંગ બેટ્સમેન ઉસ્માન ખ્વાજાએ શુક્રવારે ક્રિકેટ જગતમાં એક નવો પડાવ હાંસલ કર્યો છે. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત બોક્સિંગ ડે ટેસ્ટ દરમિયાન ખ્વાજાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના 8,000 રન પૂર્ણ કર્યા છે. 39 વર્ષની વયે પણ મેદાન પર પોતાનું કૌશલ્ય બતાવતા આ ડાબોડી બેટ્સમેને આ સિદ્ધિ મેળવીને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ઈતિહાસના ચુનંદા ખેલાડીઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. ઉસ્માન ખ્વાજા આંતરરાષ્ટ્રીય રન ઐતિહાસિક સિદ્ધિ મેળવવાની સાથે હવે ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધુ રન બનાવનાર 19મા ખેલાડી બની ગયા છે.



### સંઘર્ષ અને સફળતાની સફર

મેલબોર્ન ટેસ્ટના પ્રથમ દિવસે જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ મુશ્કેલીમાં હતી, ત્યારે ખ્વાજાએ સંયમપૂર્વક બેટિંગ કરી હતી. તેમણે 52 દડામાં 29 રનની ઈનિંગ રમી હતી, જેમાં બે આકર્ષક ચોગ્ગાનો સમાવેશ થાય છે. જોકે, તેઓ મોટી ઈનિંગ રમી શક્યા નહીં અને ગસ એટકિન્સનની બોલિંગમાં જેમી સ્મિથના હાથે કેચ આઉટ થયા હતા. તેમ છતાં, આ ઈનિંગ દરમિયાન તેમણે 8,000 રનનો આંકડો પાર કરીને પોતાની કારકિર્દીમાં એક નવું છોગું ઉમેર્યું છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ઈંગ્લેન્ડ મેલબોર્ન ટેસ્ટમાં ખ્વાજાની આ રમત ટીમને શરૂઆતના આંચકાઓમાંથી ઉગારવા માટે મહત્વની સાબિત થઈ હતી.

મુંબઈમાં બેટિંગ પ્રેક્ટિસ અને BCCI નું મોટું અપડેટ

# ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીની વાપસી નક્કી! ઈજા બાદ બેટિંગ પ્રેક્ટિસ શરૂ કરી



મુંબઈ | ભારતીય વનડે ટીમના વાઈસ કેપ્ટન અને મિડલ ઓર્ડરના મજબૂત બેટર શ્રેયસ અય્યરના ચાહકો માટે મોટા અને સુખદ સમાચાર આવ્યા છે. ઓસ્ટ્રેલિયા સામેની વનડે સીરીઝ દરમિયાન કેચ પકડતી વખતે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અય્યરે ફરી એકવાર બેટ પકડ્યું છે. એક સમયે ઈજા એટલી ગંભીર હતી કે તેને ICU માં પણ દાખલ કરવો પડ્યો હતો, જેના કારણે તે દક્ષિણ આફ્રિકા પ્રવાસ અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ગુમાવી બેઠો હતો. જોકે, હવે તે સંપૂર્ણ સ્વસ્થ થઈને મેદાનમાં વાપસી કરવા માટે તૈયાર છે.

મુંબઈમાં પ્રેક્ટિસ અને શારીરિક સુધાર શ્રેયસ અય્યરે ૨૪ ડિસેમ્બરના રોજ મુંબઈમાં નેટ્સમાં બેટિંગની પ્રેક્ટિસ કરી હતી. બીસીસીઆઈ (BCCI) ના સૂત્રોના જણાવ્યા અનુસાર, અય્યરની ઈજા દુર્ભાગ્યપૂર્ણ હતી પરંતુ હવે તે શારીરિક રીતે કોઈ પણ પીડા વગર બેટિંગ કરી રહ્યો છે. પ્રેક્ટિસ દરમિયાન તેની બેટિંગ લય જોઈને પસંદગીકારોએ પણ રાહતનો શ્વાસ લીધો છે. ટીમ ઈન્ડિયા માટે વનડે ફોર્મેટમાં અય્યરની ભૂમિકા અત્યંત મહત્વની છે, તેથી તેની વાપસી ટીમનું મનોબળ વધારશે.

ભારતીય બેડમિન્ટન સ્ટારનો નવો ઈતિહાસ રચાયો

# પીવી સિંધુ અધ્યક્ષ બીડબલ્યુએફ એથ્લેટ્સ કમિશન બન્યા




(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ભારતીય બેડમિન્ટન જગત માટે ફરી એકવાર ગૌરવની ક્ષણ આવી છે. બે વખતની ઓલિમ્પિક પદક વિજેતા અને ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન પીવી સિંધુની ૨૦૨૬-૨૦૨૯ ના કાર્યકાળ માટે બીડબલ્યુએફ (BWF) એથ્લેટ્સ કમિશનના અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ પદ સંભાળવાની સાથે સિંધુ હવે બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન કાઉન્સિલના સભ્ય તરીકે પણ સેવા આપશે. આ નિમણૂકથી વૈશ્વિક સ્તરે બેડમિન્ટન રમતની નીતિઓ ઘડવામાં ભારતીય ખેલાડીનો સીધો પ્રભાવ અને અવાજ રહેશે. પીવી સિંધુ અધ્યક્ષ બીડબલ્યુએફ એથ્લેટ્સ કમિશન તરીકેની આ ભૂમિકા ભારતીય રમતગમત માટે એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે. પોતાની આ નવી જવાબદારી અંગે ખુશી વ્યક્ત કરતા પીવી સિંધુએ જણાવ્યું હતું કે, સાથી ખેલાડીઓ દ્વારા આ જવાબદારી સોંપવામાં આવી તે બદલ હું અત્યંત નમ્રતા અને કૃતજ્ઞતા અનુભવું છું. તેમણે અગાઉના કાર્યકાળમાં શ્રેષ્ઠ કામ કરનાર ઈન્ડોનેશિયાની ગ્રેસિયા પોલીનો પણ આભાર માન્યો હતો. સિંધુએ સોશિયલ મીડિયા પર ઉમેર્યું હતું કે, "હું પ્રત્યેક ખેલાડીનું પ્રતિનિધિત્વ કરવા અને રમતમાં સકારાત્મક તેમજ કાયમી પરિવર્તન લાવવા માટે બીડબલ્યુએફ (BWF) સાથે મળીને કામ કરવા ઉત્સુક છું." બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન કાઉન્સિલ સભ્ય તરીકે તેઓ હવે ખેલાડીઓના કલ્યાણ માટે મહત્વના નિર્ણયો લઈ શકશે. પીવી સિંધુ વર્ષ ૨૦૧૭ થી એથ્લેટ્સ કમિશનના સભ્ય તરીકે કાર્યરત છે અને ૨૦૨૦ થી 'ઈન્ટિગ્રિટી એમ્બેસેડર' તરીકે પણ સેવા આપી રહ્યા છે.

2025 ઈતિહાસ // સ્મૃતિ મંધાના દીપ્તિ શર્મા રેકોર્ડ પ્રદર્શન, પ્રથમ વખત ચેમ્પિયન બની ટીમ ઈન્ડિયા ગર્વ લેવો

# ભારતીય મહિલા ક્રિકેટ વિશ્વ કપ વિજય 2025 ઈતિહાસ રચાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્ષ ૨૦૨૫માં રમત જગતનો સૌથી મોટો ચમત્કાર સર્જીને ઈતિહાસના પાના પર પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું છે. હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને ફાઈનલમાં ૫૨ રને હરાવીને પોતાનું પ્રથમ આઈસીસી મહિલા વિશ્વ કપ ટાઈટલ જીતી લીધું છે. એક સમયે ટૂર્નામેન્ટમાંથી બહાર થવાના આરે ઉભેલી આ ટીમે જે રીતે વાપસી કરી, તે આત્મવિશ્વાસ અને સંઘર્ષની અજોડ મિસાલ છે. ભારતીય મહિલા ક્રિકેટ વિશ્વ કપ વિજય ૨૦૨૫ હવે દેશના ખેલ ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ઘટના બની ગઈ છે.




ભારતની આ સફર બિલકુલ સરળ નહોતી. ટૂર્નામેન્ટના મધ્યમાં દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે સતત ત્રણ હાર બાદ ભારત ફેંકાઈ જશે તેવું લાગતું હતું. પરંતુ ન્યુઝીલેન્ડ સામેની ૫૩ રનની જીતે ટીમમાં નવો પ્રાણ ફૂંક્યો હતો. સેમીફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ૩૩૯ રનનો વિશાળ લક્ષ્યાંક હાંસલ કરીને ભારતે વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ કોઈપણ વિશ્વ કપ નોકઆઉટ મેચમાં પુરુષ કે મહિલા ક્રિકેટમાં અત્યાર સુધીનો સૌથી મોટો રન ચેઝ છે. આ વિજયે સાબિત કર્યું કે ટીમ ઈન્ડિયા હવે વિશ્વ ક્રિકેટ પર રાજ કરવા માટે તૈયાર છે.

ભારતીય મહિલા ક્રિકેટ વિશ્વ કપ વિજય ૨૦૨૫ ના મુખ્ય પાયામાં ઓપનિંગ બેટ્સમેન સ્મૃતિ મંધાના રહી છે. સ્મૃતિએ વર્ષ ૨૦૨૫માં ૨૩ વન-ડેમાં ૧૩૬૨ રન બનાવીને વિશ્વમાં ડંકો વગાડ્યો છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે માત્ર ૫૦ દડામાં સદી ફટકારીને વિરાટ કોહલીનો ૫૨ દડાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. સ્મૃતિ મંધાના દીપ્તિ શર્મા રેકોર્ડ પ્રદર્શનને કારણે જ ભારત મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર આવી શક્યું છે. મંધાનાએ આ વર્ષે ૫ સદી અને ૫ અડધી સદી ફટકારી છે, જે તેની અસાધારણ ક્ષમતા દર્શાવે છે.

### દીપ્તિ શર્માનું શાનદાર પુનરાગમન

વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨ના વિશ્વ કપના ઘા પર મલમ લગાવતા દીપ્તિ શર્માએ ૨૦૨૫માં શાનદાર પ્રદર્શન કર્યું છે. દીપ્તિને આ ટૂર્નામેન્ટની સર્વશ્રેષ્ઠ ખેલાડી (પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ) જાહેર કરવામાં આવી છે. તેણે ૨૧૫ રન બનાવવાની સાથે ૨૨ વિકેટ પણ ઝડપી હતી. તે કોઈપણ વિશ્વ કપમાં ૨૦૦થી વધુ રન અને ૨૦ વિકેટ લેનારી વિશ્વની પ્રથમ ક્રિકેટર બની છે.

# સીનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ક્વાર્ટર ફાઈનલ જંગ, તન્વી શર્મા રોનક ચૌહાણ વિજય મેળવ્યો



(એજન્સી) વિજયવાડા । તા. 26

આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત સીનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ભારતના ઊભરતા યુવા ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા છે. ગુરુવારે રમાયેલા પ્રી-ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં તન્વી શર્મા, રોનક ચૌહાણ અને તન્વી પાત્રીએ પોતપોતાની મેચો જીતીને અંતિમ આઠમાં સ્થાન પાક્કું કરી લીધું છે. સીનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ક્વાર્ટર ફાઈનલ માટેના આ મુકાબલાઓ અત્યંત રોમાંચક રહ્યા હતા, જેમાં અનુભવી ખેલાડીઓ સામે યુવા જોશ ભારે પડ્યો હતો.

### તન્વી શર્માની આક્રમક રમત

વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનારી તન્વી શર્માએ મહિલા સિંગલ્સમાં પોતાની મજબૂત પકડ જાળવી રાખી છે. તેણે ૧૦મી ક્રમાંકિત દેવિકા સિહાગને ૨૧-૧૧, ૧૦-૨૧ અને ૨૧-૧૦થી હરાવીને જોરદાર જીત નોંધાવી હતી. તન્વી શર્મા રોનક ચૌહાણ વિજય મેળવવાની આ શ્રેણીમાં તન્વી પાત્રીએ પણ પારુલ ચૌધરીને સીધા સેટમાં ૨૧-૧૪, ૨૧-૧૭થી પરાજય આપ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, તન્વી શર્મા હવે ક્વાર્ટર ફાઈનલમાં રક્ષિતા શ્રી સામે ટકરાશે, જ્યારે પાત્રીનો મુકાબલો અનુભવી આકર્ષી કાશ્યપ સામે થશે.

મહિલા સિંગલ્સમાં ટોચની ક્રમાંકિત ઉન્નતિ હૂડાએ સંઘર્ષપૂર્ણ જીત મેળવી હતી. તેણે એમ. મેઘના રેડ્ડી સામે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરીને ૧૯-૨૧, ૨૧-૧૪ અને ૨૧-૧૨થી જીત મેળવી હતી.

### ચીની વિમાનો અને યુદ્ધ જહાજો તૈનાત, આંતરરાષ્ટ્રીય સરહદે વધતો તણાવ અને સૈન્ય તૈનાતી

# તાઈવાન સરહદે ચીની સૈન્યની હલચલ વધતા યુદ્ધના વાદળો

**(એજન્સી) તાઈપેઈ । તા. 26**

એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ભૌગોલિક તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે સવારે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે ચીનના સૈન્ય વિમાનો, યુદ્ધ જહાજો અને શંકાસ્પદ ફુગ્ગાઓએ તાઈવાનની સરહદની આસપાસ જબરદસ્ત હિલચાલ શરૂ કરી છે. શુક્રવારે સવારે ૬ વાગ્યા સુધીના ડેટા મુજબ, તાઈવાન આસપાસ ચીનના બે સૈન્ય વિમાનો, છ નૌકાદળના જહાજો અને બે ચીની ફુગ્ગાઓ શોધી કાઢવામાં આવ્યા છે. આ ગતિવિધિઓએ આખા વિસ્તારમાં સુરક્ષા સંબંધી ગંભીર ચિંતાઓ જન્માવી છે, જેના જવાબમાં તાઈવાનની સેનાએ પણ હાઈ એલર્ટ જાહેર કરીને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું છે.

સરહદી ઉલ્લંઘન અને સૈન્ય ઘેરાબંધી સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં ચીને પોતાની આક્રમકતા વધારી દીધી છે. અગાઉ ગુરુવારે પણ છ ચીની વિમાનો અને આઠ યુદ્ધ જહાજો તાઈવાનની આસપાસ જોવા મળ્યા હતા. ચોંકાવનારી વાત એ છે કે, આ પૈકીના કેટલાક વિમાનોએ તાઈવાનની ઉત્તર અને દક્ષિણ-પશ્ચિમ એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં પ્રવેશ કરીને મધ્ય રેખાનું ઉલ્લંઘન કર્યું હતું. ચીનની આ પ્રકારની હલચલ માત્ર સૈન્ય અભ્યાસ નથી, પરંતુ તાઈવાન પર માનસિક અને વ્યૂહાત્મક દબાણ લાવવાની એક મોટી ચાલ હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. તાઈવાનના સશસ્ત્ર દળોએ આ ઉલ્લંઘન સામે યોગ્ય વળતો પ્રતિસાદ આપ્યો છે.

અંડરસી કેબલ વિવાદ અને રાજકીય કાવાદાવા સૈન્ય હલચલની સાથે સાથે બંને દેશો વચ્ચે હવે રાજકીય આક્ષેપો પણ તેજ બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, તાઈવાનના મેઈનલેન્ડ અફેર્સ કાઉન્સિલે ચીન પર 'રાજકીય હેરાફેરી' કરવાનો ગંભીર આરોપ મૂક્યો છે. તાજેતરમાં ચીની સુરક્ષા એજન્સીઓએ દાવો કર્યો હતો



કે તાઈવાનના નાગરિકો સમુદ્રની અંદરના કેબલને નુકસાન પહોંચાડવાના કૌભાંડમાં સામેલ છે. જોકે, તાઈવાનની કોર્ટે અગાઉ એક ચીની જહાજના કેપ્ટનને તાઈવાનના સબસી કેબલને જાણીજોઈને નુકસાન પહોંચાડવા બદલ ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. ચીન હવે પોતાની ભૂલો છુપાવવા માટે તાઈવાનના નાગરિકો પર પાયાવિહોણા આક્ષેપો કરી રહ્યું હોવાનું તાઈવાન માની રહ્યું છે.

જાસૂસી ફુગ્ગા અને આધુનિક યુદ્ધ પદ્ધતિ તાઈવાનના આકાશમાં દેખાયેલા બે ચીની ફુગ્ગાઓએ સુરક્ષા એજન્સીઓને દોડતી કરી દીધી છે. અગાઉ પણ આવા ફુગ્ગાઓનો ઉપયોગ જાસૂસી અથવા ડેટા એકત્રિત કરવા માટે કરવામાં આવતો હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ચીન આ ફુગ્ગાઓ દ્વારા તાઈવાનના સંરક્ષણ મથકો અને રડાર સિસ્ટમની માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યું હોય તેવી શક્યતા નકારી શકાય નહીં. આ પ્રકારની બિનપરંપરાગત યુદ્ધ પદ્ધતિથી તાઈવાનની સેનાને સતત સજાગ રહેવું પડી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સરહદે વધતો તણાવ હવે ગમે ત્યારે મોટા સંઘર્ષમાં પરિણમી શકે છે તેવી ભીતિ સેવવામાં આવી રહી છે.

### ઈઝરાયેલ અને જર્મની વચ્ચે

## નવો ડિજિટલ પ્રોજેક્ટ ઈતિહાસ જીવંત થશે

**(એજન્સી) તેલ અવીવ । તા. 26**

ઈઝરાયેલ અને જર્મનીના સંબંધોમાં શિક્ષણ અને ઈતિહાસના આદાન-પ્રદાન માટે એક સુવર્ણ પ્રકરણની શરૂઆત થઈ છે. દાયકાઓ સુધી જે દસ્તાવેજો જેરૂસલેમના અભિલેખાગારોમાં શાંતિથી સચવાયેલા હતા, તે હવે ડિજિટલ માધ્યમથી ઈઝરાયેલ અને જર્મનીના વર્ગખંડો સુધી પહોંચશે. જેરૂસલેમ સ્થિત લિયો બેક ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તેની 70મી વર્ષગાંઠ નિમિત્તે 'એન્ટેન્ગલ્ડ લાઈવ્સ' નામનું એક અભૂતપૂર્વ ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય હોલોકાસ્ટ પૂર્વેના જર્મન યહૂદી જીવનના દુર્લભ પુરાવાઓને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાનો છે, જેથી તેઓ માત્ર પુસ્તકિયા જ્ઞાન નહીં પણ વાસ્તવિક દસ્તાવેજોના આધારે ઈતિહાસને સમજી શકે.

ઈતિહાસને જોવાનો નવો દ્રષ્ટિકોણ સામાન્ય રીતે હોલોકાસ્ટની ઘટનાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હોય છે, પરંતુ આ નવો પ્રોજેક્ટ તેનાથી એક ડગલું આગળ વધીને યહૂદીઓના સામાજિક અને વ્યક્તિગત જીવનના પાસાઓને ઉજાગર કરે છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને અસલ ફોટોગ્રાફ્સ, અંગત પત્રો અને ઐતિહાસિક દસ્તાવેજો સાથે સીધો સંપર્ક કરાવશે. ઈન્સ્ટિટ્યૂટના મુખ્ય વડા આઈરીન એયુ-બેન-ડેવિડના જણાવ્યા અનુસાર, ઐતિહાસિક પ્રક્રિયાઓને સમજવાથી વિદ્યાર્થીઓમાં જટિલ પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાની ક્ષમતા વધશે અને તેઓ 'ફેક ન્યૂઝ' તેમજ પૂર્વગ્રહયુક્ત માનસિકતાથી દૂર રહી શકશે. આ પહેલ વર્તમાન સમયમાં વધતા જતા યહૂદી વિરોધી માનસ સામે લડવામાં પણ કારગત સાબિત થશે. વ્યક્તિગત જીવનકથાઓ દ્વારા શિક્ષણ પ્લેટફોર્મ પર હાલમાં બે મુખ્ય જીવનકથાઓ રજૂ કરવામાં આવી છે, જે ઈતિહાસના જુદા જુદા વળાંકોને દર્શાવે છે. જેમાં બર્લિનમાં જન્મેલા ફોટોગ્રાફર અલીઝા નાગિદી અને પ્રથમ વિશ્વ યુદ્ધમાં જર્મન સેના તરફથી લડનાર વિલી લેવિસનના જીવનનો સમાવેશ થાય છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકા દ્વારા યુરોપિયન અધિકારીઓ પર વિઝા પ્રતિબંધથી હલચલ



વોશિંગ્ટન | અમેરિકા અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોમાં અત્યાર સુધીની સૌથી મોટી તિરાડ જોવા મળી રહી છે. સંયુક્ત રાજ્ય અમેરિકાએ યુરોપિયન યુનિયનના પૂર્વ કમિશનર થિએરી બ્રેટોન સહિત પાંચ પ્રતિષ્ઠિત યુરોપિયનો પર વિઝા પ્રતિબંધ લાદી દીધો છે. અમેરિકાનો આરોપ છે કે આ અધિકારીઓએ "અમેરિકન દ્રષ્ટિકોણ" ને દબાવવા માટે સંગઠિત પ્રયાસો કર્યા છે અને ટેક કંપનીઓ પર સેન્સરશિપ લાદવા માટે દબાણ કર્યું છે. આ કાર્યવાહી બાદ યુરોપિયન કમિશને આકરા શબ્દોમાં આ નિર્ણયની નિંદા કરી છે અને અમેરિકી સત્તાધીશો પાસે સ્પષ્ટતા માંગી છે.

### કેનેડામાં ભારતીય પીએચડી વિદ્યાર્થીની ગોળી મારી હત્યાથી અરેરાટી

ટોરેન્ટો | કેનેડામાં વસતા ભારતીય સમુદાય અને ખાસ કરીને વિદ્યાર્થી જગત માટે અત્યંત આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. ટોરેન્ટો સ્થિત યુનિવર્સિટી ઓફ ટોરેન્ટો સ્કારબોરો (UTSC) કેમ્પસની તદ્દન નજીક ધોળા દિવસે થયેલા અંધાધૂંધ ગોળીબારમાં ૨૦ વર્ષીય તેજસ્વી ભારતીય પીએચડી વિદ્યાર્થી શિવાંક અવસ્થીનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટના મંગળવારે બપોરે બની હતી, જ્યારે હુમલાખોરોએ શિવાંકને નિશાન બનાવી ફાયરિંગ કર્યું અને પોલીસ પહોંચે તે પહેલાં જ નાસી છૂટ્યા હતા. આ હત્યા બાદ સમગ્ર કેનેડામાં ભારતીયોની સુરક્ષા અંગે ફરી એકવાર મોટા સવાલો ઉભા થયા છે. ભરબપોરે કેમ્પસ નજીક લોહીયાળ ખેલ સૂત્રો દ્વારા પ્રાપ્ત અહેવાલ અનુસાર, આ લોહીયાળ ઘટના હાઈલેન્ડ ક્રીક ટ્રેલ અને ઓલ્ડ કિંગ્સટન રોડ વિસ્તારમાં બની હતી.

### બાંગ્લાદેશમાં તારિક રહેમાનનું પુનરાગમન નવા યુગની શરૂઆત



ઢાકા । બાંગ્લાદેશના રાજકારણમાં ૧૭ વર્ષ બાદ એક ઐતિહાસિક વળાંક આવ્યો છે. BNPના કાર્યકારી અધ્યક્ષ અને પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન લગભગ બે દાયકાના દેશનિકાલ બાદ ગુરુવારે લંડનથી સ્વદેશ પરત ફર્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં યોજાનારી સામાન્ય ચૂંટણીઓ પહેલા તેમનું આ પુનરાગમન દેશની રાજકીય દિશા બદલી શકે છે. ઢાકા એરપોર્ટ પર ઉતરેલા તારિકનું ૫૦,૦૦૦થી વધુ સમર્થકોની મેદનીએ હર્ષનાદ સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. સ્વદેશ પરત ફરતાની સાથે જ તેમણે એક એવા 'નવા બાંગ્લાદેશ'નું વિઝન રજૂ કર્યું છે જ્યાં ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વગર દરેક નાગરિક સુરક્ષિત અનુભવે.

### ટ્રમ્પની આતંકવાદ વિરોધી કાર્યવાહી તેજ બની, વૈશ્વિક ધાર્મિક હિંસા રોકવા અમેરિકાનો કડક સંદેશ

# નાઈજીરિયામાં અમેરિકી એરસ્ટ્રાઈક આઈએસઆઈએસના ઠેકાણા તબાહ

**(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 26**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ આતંકવાદ વિરુદ્ધ પોતાની આક્રમક નીતિનો પરચો આપ્યો છે. અમેરિકી વાયુસેનાએ નાઈજીરિયાના સોકોતો રાજ્યમાં આતંકી સંગઠન ISIS ના ઠેકાણાઓ પર ભીષણ એરસ્ટ્રાઈક કરી છે. ભારતીય સમય અનુસાર શુક્રવારે સવારે ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર આ ઓપરેશનની વિગતો શેર કરતા આતંકવાદીઓને 'આતંકી કચરો' ગણાવ્યા હતા. ટ્રમ્પનો દાવો છે કે આ સંગઠન લાંબા સમયથી નિર્દોષ ખ્રિસ્તીઓની નિર્દયતાથી હત્યા કરી રહ્યું હતું, જેના જવાબમાં અમેરિકાએ આ 'પરફેક્ટ સ્ટ્રાઈક' કરી છે.

ખ્રિસ્તીઓની હત્યાનો બદલો અને સખત ચેતવણી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાની પોસ્ટમાં સ્પષ્ટ કર્યું છે કે તેમના નેતૃત્વમાં અમેરિકા 'કટ્ટર ઈસ્લામી આતંકવાદને પાંગરવા દેશે નહીં.' તેમણે માર્યા ગયેલા આતંકવાદીઓ પર કટાક્ષ કરતા લખ્યું કે, "આ આતંકવાદીઓને ક્રિસમસની શુભેચ્છાઓ, તેઓ ખ્રિસ્તીઓની હત્યા કરી રહ્યા હતા." ટ્રમ્પે અગાઉ ૨ નવેમ્બરે જ નાઈજીરિયા સરકારને ચેતવણી આપી હતી કે જો ખ્રિસ્તીઓ પરના હુમલા બંધ નહીં થાય, તો અમેરિકા સૈન્ય કાર્યવાહી કરશે. આ એરસ્ટ્રાઈક તે જ ધમકીનું અમલીકરણ માનવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે જો હિંસા ચાલુ રહેશે, તો આગામી સમયમાં વધુ આતંકવાદીઓ માર્યા જશે.

નાઈજીરિયામાં વણસી રહેલી ધાર્મિક હિંસા ઈન્ટરનેશનલ સોસાયટી ફોર સિવિલ લિબર્ટીઝના અહેવાલ મુજબ, નાઈજીરિયામાં આ વર્ષે ૧૦ ઓગસ્ટ સુધીમાં જ ૭,૦૦૦ થી વધુ ખ્રિસ્તીઓની હત્યા કરવામાં આવી છે. બોકો હરામ અને ફુલાની ચરમપંથીઓ દ્વારા કરવામાં આવતી આ હિંસાએ દેશને બે ભાગમાં વહેંચી દીધો છે. નાઈજીરિયાની ૨૨ કરોડની વસતિમાં મુસ્લિમ અને ખ્રિસ્તી સમુદાય લગભગ સમાન છે. ઉત્તરી નાઈજીરિયામાં આતંકી જૂથો ધર્મના નામે અત્યાચાર ગુજારી રહ્યા છે, જેના કારણે અમેરિકાએ ૨૦૨૦માં આ દેશને





ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનકર્તા દેશોની યાદીમાં મૂક્યો હતો.

સંયુક્ત સૈન્ય ઓપરેશન અને સોકોતોમાં તબાહી અમેરિકાના રક્ષા મંત્રી પીટ હેગસેથે પુષ્ટિ કરી છે કે આ કાર્યવાહી નાઈજીરિયા સરકારના સહયોગથી કરવામાં આવી છે. અમેરિકી સેનાની આફ્રિકા કમાન્ડ (AFRICOM) દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં સોકોતો રાજ્યમાં રહેલા ISIS ના નેટવર્કને મોટું નુકસાન પહોંચ્યું છે. નાઈજીરિયા સરકારે પણ સ્વીકાર્યું છે કે આ હુમલો બંને દેશો વચ્ચેના સુરક્ષા સહયોગનો ભાગ છે. બંને દેશો અત્યારે ગુપ્ત માહિતી શેર કરીને આતંકવાદીઓના આશ્રયસ્થાનો શોધી રહ્યા છે. રક્ષા મંત્રીએ સંકેત આપ્યા છે કે આગામી દિવસોમાં સોકોતો અને આસપાસના વિસ્તારોમાં હજુ વધુ ઓપરેશન હાથ ધરવામાં આવશે.

જટિલ સામાજિક પરિસ્થિતિ અને પડકારો જોકે, નાઈજીરિયા સરકાર અને કેટલાક માનવાધિકાર સંગઠનોનું કહેવું છે કે આ હિંસાને માત્ર ધર્મના ચશ્માથી જોવી જોઈએ નહીં. તેમના મતે, આ સંઘર્ષ પાછળ જમીન વિવાદ, વંશીય ટકરાવ અને આર્થિક કારણો પણ જવાબદાર છે. આતંકી હુમલાઓમાં ઘણીવાર મુસ્લિમ સમુદાયના લોકો પણ ભોગ બનતા હોય છે. પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રનું વલણ સ્પષ્ટ છે કે જે પણ સમુદાયને નિશાન બનાવવામાં આવશે, અમેરિકા 'બંદૂક સાથે' હસ્તક્ષેપ કરશે. નાઈજીરિયામાં છેલ્લા ૧૦ વર્ષથી બોકો હરામ અને ઈસ્લામિક સ્ટેટ વેસ્ટ આફ્રિકા પ્રોવિન્સ (ISWAP) સક્રિય છે, જેમને ડામવા માટે ટ્રમ્પનો આ નવો અભિગમ કેટલો સફળ રહેશે તેના પર વિશ્વની નજર છે.

### યુદ્ધ વિરામ માટે વૈશ્વિક પ્રયાસો તેજ બન્યા

## યુક્રેન રશિયા શાંતિ કરાર દસ્તાવેજ તૈયાર ઝેલેન્સ્કીનો દાવો



**(એજન્સી) કીવ । તા. 26**

યુક્રેન અને રશિયા વચ્ચે છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા ભીષણ યુદ્ધના અંત માટે આખરે આશાનું કિરણ દેખાયું છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ એક અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું છે કે રશિયા સાથેના શાંતિ કરાર માટેના કેટલાક મહત્વના દસ્તાવેજો 'સંપૂર્ણપણે તૈયાર' થઈ ગયા છે. અમેરિકાના નવનિર્વાચિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂતો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નર સાથેની સઘન ચર્ચા બાદ ઝેલેન્સ્કીએ આ હકારાત્મક સંકેત આપ્યા છે. આ બેઠક બાદ હવે એવી અટકળો તેજ બની છે કે આગામી થોડા અઠવાડિયામાં યુદ્ધવિરામ અને કાયમી શાંતિ સ્થાપવા માટે કોઈ મોટી જાહેરાત થઈ શકે છે.

અમેરિકી મધ્યસ્થતા અને રાજદ્વારી મંત્રણા ગુરુવારે મોડી રાત્રે જારી કરેલા એક વીડિયો સંદેશમાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે અમેરિકી ટીમ સાથેની વાતચીત અત્યંત રચનાત્મક રહી છે. તેમણે ઉમેર્યું કે, "અમે જે વિષયો પર ચર્ચા કરી છે તેમાં સફળતા મળે તે ખૂબ જ જરૂરી છે. મારી દ્રષ્ટિએ કેટલાક દસ્તાવેજો લગભગ તૈયાર છે અને કેટલાક તો સંપૂર્ણપણે તૈયાર કરી દેવામાં આવ્યા છે." જોકે, તેમણે સ્વીકાર્યું હતું કે હજુ પણ કેટલાક 'સંવેદનશીલ મુદ્દાઓ' પર કામ કરવાનું બાકી છે, પરંતુ અમેરિકી ટીમ અને યુક્રેન આ સમસ્યાઓનો ઉકેલ કેવી રીતે લાવવો તે બાબતે સમાન સમજ ધરાવે છે. આ મુલાકાતને યુદ્ધ વિરામ માટે વૈશ્વિક પ્રયાસોમાં એક માઈલસ્ટોન માનવામાં આવી રહી છે. શાંતિ માટેના નવા વિચારો અને સુરક્ષાની ખાતરી બેઠક દરમિયાન ઝેલેન્સ્કી અને અમેરિકી દૂતો વચ્ચે કાયમી શાંતિ સ્થાપવા માટેના 'શ્રેષ્ઠ વિચારો' પર મંત્રણા થઈ હતી. ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર આભાર વ્યક્ત કરતા લખ્યું હતું કે, અમે ચોવીસ કલાક કામ કરી રહ્યા છીએ જેથી રશિયા દ્વારા લાદવામાં આવેલા આ ક્રૂર યુદ્ધનો અંત લાવી શકાય.

## પાકિસ્તાનમાં ફ્લૂના કેસમાં ઉછાળો હોસ્પિટલો ઉભરાઈ ગઈ

**(એજન્સી) પેશાવર । તા. 26**

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં મોસમી ઈન્ફ્લ્યુએન્ઝા એટલે કે ફ્લૂના કેસોમાં આવેલા પ્રચંડ ઉછાળાને કારણે આરોગ્ય વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. ખાસ કરીને પેશાવર અને તેની આસપાસના વિસ્તારોમાં હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. અત્યંત ઠંડી અને અપૂરતી તબીબી સુવિધાઓ વચ્ચે 'સુપર ફ્લૂ' તરીકે ઓળખાતા H3N2 સ્ટ્રેનના ફેલાવાની આશંકાએ લોકોમાં ભારે ગભરાટ ફેલાવ્યો છે. સરકારી હોસ્પિટલોના બાળકોના વોર્ડ અને ચેસ્ટ વોર્ડ તેની નિર્ધારિત ક્ષમતા કરતા અનેકગણા ભરાઈ ગયા છે, જેના કારણે એક જ બેડ પર બે-ત્રણ બાળકોને સારવાર આપવાની ફરજ પડી રહી છે.

સુપર ફ્લૂનો ફફડાટ અને લેબોરેટરી તપાસ મીડિયા અહેવાલ મુજબ, આરોગ્ય વિભાગે પેશાવર અને અન્ય જિલ્લાઓમાંથી



ઈન્ફ્લ્યુએન્ઝાના પાંચ નમૂનાઓ ઈસ્લામાબાદ ખાતેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ માં પૃથ્થકરણ માટે મોકલ્યા છે. વિશ્વના અનેક દેશોમાં હાહાકાર મચાવનાર H3N2 સ્ટ્રેન પાકિસ્તાનમાં પણ પગપેસારો કરી રહ્યો હોવાની દહેશત છે. અગાઉની તપાસમાં આશરે ૨૦ ટકા નમૂનાઓમાં આ ખતરનાક સ્ટ્રેન જોવા મળ્યો હતો.

### મેલબોર્નમાં યહૂદી વિરોધી હિંસા ભભૂકી: 'હનુકાહ' ચિન્હ ધરાવતી કારને આગ ચાંપી

મેલબોર્ન | ઓસ્ટ્રેલિયામાં યહૂદી સમુદાય વિરુદ્ધ નફરત અને હિંસાની ઘટનાઓ ચિંતાજનક સ્તરે પહોંચી છે. સીડનીના બોન્ડી બીચ પર થયેલા ભીષણ ગોળીબારના આઘાતમાંથી હજુ લોકો બહાર આવ્યા નથી, ત્યાં જ મેલબોર્નમાં વધુ એક ગંભીર ઘટના બની છે. એક ખાનગી ડ્રાઈવ-વે પર ઉભેલી મોટરકારને અજાણ્યા તત્વોએ આગ ચાંપી દીધી હતી. આ કાર પર 'હેપ્પી હનુકાહ' લખેલું હોવાથી તેને જાણીજોઈને ધાર્મિક દ્વેષના કારણે નિશાન બનાવવામાં આવી હોવાનું સ્પષ્ટ જણાય છે. ધિક્કાર અને આતંકવાદનું જોખમ સત્તાવાળાઓ આ ઘટનાને એન્ટી-ઝિનોઈસ્ટ (યહૂદી વિરોધી) કાર્યવાહી તરીકે જોઈ રહ્યા છે, જોકે તેની સત્તાવાર તપાસ હજુ ચાલુ છે. યહૂદી નેતાઓએ આ ઘટનાને 'ઝનૂની આતંકવાદ' ગણાવીને તીવ્ર શબ્દોમાં વખોડી કાઢી છે.

## AI થી નોકરીઓ જશે પણ પગાર આકાશને આંબશે: સેમ ઓલ્ટમેન

### આધુનિક ટેકનોલોજી અને કરિયર ગાઈડન્સના નવા આયામો

**(એજન્સી) કેલિફોર્નિયા । તા. 26**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધતા પ્રભાવ વચ્ચે વિશ્વભરમાં નોકરીઓ ગુમાવવાનો ડર સતાવી રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં જ ૧.૫૦ લાખથી વધુ લોકોએ એઆઈને કારણે રોજગાર ગુમાવ્યા હોવાના આંકડા સામે આવ્યા છે. જોકે, ચેટજીપીટી (ChatGPT) બનાવનારી કંપની 'ઓપનએઆઈ' ના સીઈઓ સેમ ઓલ્ટમેને આ અંગે એક અત્યંત હકારાત્મક અને આશાવાદી આગાહી કરી છે. ઓલ્ટમેનના મતે, એઆઈ ચોક્કસપણે પરંપરાગત નોકરીઓ છીનવી લેશે, પરંતુ જે નવી નોકરીઓ સર્જાશે તેમાં પગારના આંકડા અત્યાર સુધીની તમામ મર્યાદાઓ તોડીને 'આકાશને આંબશે'.

અબજો ડોલરની વન-મેન આર્મી કંપનીઓ સેમ ઓલ્ટમેને દાવો કર્યો છે કે આગામી ૧૦ વર્ષમાં એઆઈ એટલું શક્તિશાળી બની જશે કે માત્ર એક જ વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતી કંપનીઓ અબજો ડોલરનું ટર્નઓવર કરતી હશે. તેમણે ઉમેર્યું કે, "ભવિષ્યનું જોબ માર્કેટ આજના કરતા સંપૂર્ણપણે અલગ હશે. ૨૦૩૫ સુધીમાં ઘણા સેક્ટર્સમાં પગાર એટલા ઊંચા હશે કે તેની આપણે આજે કલ્પના પણ નથી કરી શકતા." આ પરિવર્તન ઉત્પાદકતામાં અનેકગણો વધારો કરશે અને માનવીય પ્રતિભાની સાચી કદર થશે. કંટાળાજનક નોકરીઓનો અંત અને નવા ક્ષેત્રોનો ઉદય ભવિષ્યની પેઢી માટે ઈર્ષ્યા વ્યક્ત કરતા ઓલ્ટમેને કહ્યું કે જેઓ હવે કરિયર શરૂ કરી રહ્યા છે તેઓ ઈતિહાસના સૌથી મહત્વના વળાંક પર છે. આજની અનેક કોર્પોરેટ નોકરીઓ, જેમાં એકનું એક કામ વારંવાર કરવાનું હોય છે, તે સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે.

**અકસ્માત** | માઉન્ટ કિલિમંજારો બચાવ મિશનમાં સર્જાયેલી દુર્ઘટના, પહાડોની ઊંચાઈ પર પર્વતારોહણ અને સુરક્ષાના વધતા જોખમો

# તાંઝાનિયામાં કિલિમંજારો પર્વત પર હેલિકોપ્ટર ક્રેશ, 5ના મોત

**(એજન્સી) ડોડોમા/ઢાકા । તા. 26**

પૂર્વ આફ્રિકાના તાંઝાનિયામાં આવેલા વિશ્વ વિખ્યાત માઉન્ટ કિલિમંજારો પર્વત પર નાતાલની પૂર્વ સંધ્યાએ એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો છે. પર્વતારોહકોને મેડિકલ ઈમરજન્સીમાં મદદ કરવા ગયેલું એક હેલિકોપ્ટર બુધવારે બારાફુ કેમ્પ પાસે ક્રેશ થયું હતું. તાંઝાનિયાના નાગરિક ઉડ્ડયન સત્તામંડળે ગુરુવારે પુષ્ટિ કરી છે કે આ દુર્ઘટનામાં પાયલટ, એક ડોક્ટર, એક પર્વત માર્ગદર્શક અને બે વિદેશી પ્રવાસીઓ સહિત કુલ પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. આ ઘટનાને પગલે આંતરરાષ્ટ્રીય પર્વતારોહણ સમુદાયમાં શોકની લહેર પ્રસરી ગઈ છે.

બચાવ મિશન દરમિયાન સર્જાયો અકસ્માત મળતી માહિતી મુજબ, ૨૪ ડિસેમ્બરના રોજ પર્વતની ઊંચાઈ પર રહેલા પર્વતારોહકો માટે તબીબી સહાયની જરૂરિયાત ઉભી થઈ હતી. બારાફુ કેમ્પ, જે સમુદ્ર સપાટીથી આશરે ૪,૬૭૩ મીટરની ઊંચાઈ પર સ્થિત છે અને પર્વતારોહકો માટે શિખર સર કરતા પહેલાનો



અંતિમ મહત્વનો પડાવ ગણાય છે, ત્યાં આ હેલિકોપ્ટર લેન્ડિંગની તૈયારીમાં હતું ત્યારે જ દુર્ઘટના ઘટી હતી. પર્વતારોહકોને જીવનદાન આપવા ગયેલી ટીમ પોતે જ મોતને ભેટી હતી.

દુર્ઘટનાનું કારણ અને તપાસ તાંઝાનિયાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈમરજન્સી ટીમોને તાત્કાલિક એલર્ટ કરવામાં આવી હતી અને અત્યારે ક્રેશનું કારણ જાણવા માટે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ અપાયા છે. માઉન્ટ કિલિમંજારો તેના અત્યંત કઠિન ભૂપ્રદેશ અને પહાડોની ઊંચાઈ પર પાતળી હવાને કારણે ઉડ્ડયન માટે ખૂબ જ પડકારજનક માનવામાં આવે છે. ઘણીવાર પ્રતિકૂળ હવામાન અને ઊંચાઈ પર એન્જિનની કાર્યક્ષમતામાં ઘટાડો આવા અકસ્માતોનું કારણ બનતા હોય છે.

પર્વતારોહકો માટે ખતરનાક ભૂપ્રદેશ માઉન્ટ કિલિમંજારો આફ્રિકા ખંડનું સૌથી ઊંચું શિખર છે, જ્યાં દર વર્ષે હજારો પ્રવાસીઓ પર્વતારોહણ માટે આવે છે. બારાફુ કેમ્પ જેવા ઊંચાઈવાળા વિસ્તારોમાં હેલિકોપ્ટર સેવાઓ માત્ર બચાવ કામગીરી અને મેડિકલ ઈમરજન્સી માટે જ વપરાય છે. પર્વતારોહકો માટે આ પથરાળ રસ્તો અને ઠંડુ હવામાન ઘણીવાર જીવલેણ સાબિત થાય છે, જેમાં હેલિકોપ્ટર બચાવ ટીમો એકમાત્ર આશા હોય છે. આ અકસ્માતે ફરી એકવાર સાબિત કર્યું છે કે કુદરતી આફતો સામે માનવ સંઘર્ષ કેટલો જોખમી હોઈ શકે છે.

## ગાઝામાં શાંતિ સેના મોકલી અમેરિકાને રીઝવવાના પ્રયાસો

**(એજન્સી) નવી દિલ્હી/ઇસ્લામાબાદ । તા. 26**

ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા યુદ્ધના અંત માટે રચાનારા 'ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ' માં પાકિસ્તાને પોતાના ૩૫૦૦ સૈનિકો મોકલવાની તૈયારી દર્શાવી છે. આ સમાચાર બહાર આવતા જ મુસ્લિમ જગત અને દક્ષિણ એશિયાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. નિષ્ણાતોના મતે, આ કોઈ માનવતાવાદી અભિગમ નથી, પરંતુ પાકિસ્તાનના સૈન્ય વડા આસિમ મુનીરની એક ગણતરીપૂર્વકની ચાલ છે. પાકિસ્તાન ફરી એકવાર અમેરિકાનું 'મેજર નોન-નાટો એલાઈ' સ્ટેટસ મેળવવા અને IMF પાસેથી લોન મેળવવા માટે મરણિયા પ્રયાસ કરી રહ્યું છે. ટ્રમ્પના ૨૦-પોઈન્ટ શાંતિ પ્લાનનો હિસ્સો અમેરિકાના નવનિર્વાચિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ૨૦-પોઈન્ટ શાંતિ પ્લાન હેઠળ ગાઝામાં બહુરાષ્ટ્રીય શાંતિ સેના તૈનાત કરવાનું આયોજન છે. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ પુષ્ટિ કરી છે કે પાકિસ્તાને આ ફોર્સમાં જોડાવા માટે ઓફર કરી છે. પાકિસ્તાન આ સેનાનું નેતૃત્વ લેવા માટે પણ શરત મૂકી રહ્યું છે. પાકિસ્તાનની આર્થિક હાલત અત્યંત ખરાબ છે અને તેને IMF ની લોન માટે અમેરિકાના સમર્થનની જરૂર છે, જે આ શાંતિ સેનામાં જોડાવાનો મુખ્ય પ્રેરક સ્ત્રોત હોવાનું મનાય છે.

આરબ દેશોની મુલાકાત અને વ્યૂહાત્મક હિલચાલ પાકિસ્તાની સૈન્ય વડા આસિમ મુનીરે તાજેતરમાં સાઉદી અરેબિયા, UAE, કતાર અને ઈજિપ્તની મુલાકાત લીધી હતી. આ મુલાકાતોનો હેતુ ગાઝામાં પાકિસ્તાનની ભૂમિકા માટે સમર્થન મેળવવાનો અને દેશની 'આર્થિક સલામતી' સુનિશ્ચિત કરવાનો હતો. પાકિસ્તાને ગાઝામાં 'ટુ-સ્ટેટ ફોર્મ્યુલા' પર પણ સંમતિ દર્શાવી છે.

# News Brief

## બ્રાહ્મણ ધારાસભ્યોની બેઠક બાદ ભાજપમાં ટેન્શન! યુપી અધ્યક્ષે ચેતવતાં કહ્યું - 'આ ઠીક નથી..'



યુપી : ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરીએ બ્રાહ્મણ જ્ઞાતિની અલગ બેઠકો બોલાવતા ધારાસભ્યો સામે લાલ આંખ કરી છે. તેમણે પક્ષના તમામ જનપ્રતિનિધિઓને સખત શબ્દોમાં તાકીદ કરી છે કે, તેઓ કોઈપણ પ્રકારની નકારાત્મક રાજનીતિમાં ન ફસાય. મીડિયામાં ચાલી રહેલા અહેવાલો પર પ્રતિક્રિયા આપતા પંકજ ચૌધરીએ સ્પષ્ટ કર્યું હતું કે, 'આ પ્રકારની પ્રવૃત્તિઓ ભાજપના આદર્શો અને તેના બંધારણની વિરુદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભાજપ એક એવી રાજકીય વિચારધારા ધરાવે છે જે માત્ર સિદ્ધાંતો પર ચાલે છે, અહીં પક્ષ કે કાર્યકર્તાઓ કોઈ વિશેષ જ્ઞાતિ કે પરિવારવાદના આધારે રાજકારણ ખેલવામાં બિલકુલ વિશ્વાસ રાખતા નથી.' કુશીનગરના ધારાસભ્ય પી.એન. પાઠકના ઘરે જ્યારે વિધાનસભા સત્ર ચાલતું હતું ત્યારે બ્રાહ્મણ ધારાસભ્યોની એક ખાસ બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યના રાજકારણમાં બ્રાહ્મણોના પ્રભુત્વ અને સ્થિતિ અંગે મંથન કરવામાં આવ્યું હતું. આ ઘટનાક્રમ બાદ જ પ્રદેશ પ્રમુખે પોતાનું આ નિવેદન જાહેર કર્યું છે. પંકજ ચૌધરીએ આ બાબતે આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'અમે તમામ જનપ્રતિનિધિઓને સ્પષ્ટ સૂચના આપી દીધી છે કે આવી કોઈપણ પ્રવૃત્તિ ભાજપની બંધારણીય રીતભાત સાથે સુસંગત નથી. તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓને ભવિષ્યમાં આવી ગતિવિધિઓથી સાવચેત રહેવા અને તેનાથી દૂર રહેવાની કડક તાકીદ કરી છે.

## વડાપ્રધાન મોદીનો કાર્યક્રમ પત્યો ને લૂંટફાટ મચી, લખનઉના VIDEO એ ભારતીયોને શર્મસાર કર્યા

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લખનઉ ખાતેના કાર્યક્રમની સમાપ્તિ બાદ શહેરને શરમજનક સ્થિતિમાં મૂકી દે તેવી તસવીરો સામે આવી છે. રાષ્ટ્રીય પ્રેરણા સ્થળના ઉદ્ઘાટન પછી, ત્યાં અને આસપાસના વિસ્તારમાં શણગાર માટે લગાવવામાં આવેલા કૂંડાઓની લોકો દ્વારા ચોરી કરવામાં આવી હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે.ખરેખર, ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય પ્રેરણા સ્થળના ઉદ્ઘાટન માટે લખનઉ પહોંચ્યા હતા. આ દરમિયાન, પીએમ મોદીએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જીવન અને આદર્શોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં આ સ્થળનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે પ્રેરણા સ્થળ અને તેની આસપાસના વિસ્તારોને ભવ્ય રીતે શણગારવામાં આવ્યા હતા. શહેર લીલુંછમ અને સુંદર દેખાય તે માટે લખનઉ વિકાસ પ્રાધિકરણ (LDA) અને નગર નિગમ દ્વારા રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ માર્ગ, ગ્રીન કોરિડોર અને વસંત કુંજ રોડ પર નાના-નાના આકર્ષક કૂંડા અને હેંગિંગ વોલ લગાવવામાં આવ્યા હતા.પરંતુ વડાપ્રધાનના રવાના થતાં જ પરિસ્થિતિ બદલાઈ ગઈ અને ગ્રીન કોરિડોરની સુંદરતા પર ગ્રહણ લાગી ગયું. LDA અને નગર નિગમે જે કૂંડાઓને શણગાર માટે લગાવ્યા હતા, તેને લોકો પોતાના વાહનોમાં ભરીને ઘરે લઈ જવા લાગ્યા. કેટલાક લોકો હાથમાં લઈને, તો કેટલાક ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર પર લાદીને કૂંડા લઈ જતા જોવા મળ્યા.

## નીતિશ અને ચિરાગની પાર્ટી માલામાલ! ગત વર્ષની તુલનાએ 'રેકોર્ડબ્રેક' ડોનેશન મળ્યું

બિહાર : વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યના તમામ રાજકીય પક્ષોને ચૂંટણી ફંડ મળ્યું હતું. સંસ્થાઓ અને જનતાએ મુખ્ય પક્ષોને દાન આપવામાં વધુ રસ દાખવ્યો હતો. બિહારમાં રાજકીય પક્ષોને 2023-24 નાણાકીય વર્ષ કરતાં 2024-25 નાણાકીય વર્ષમાં વધુ ફંડ મળ્યું હતું. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (JDU) અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ફંડ મેળવવામાં આગળ રહી હતી. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે બંને પક્ષોને અનેક ગણું વધુ ફંડ મળ્યું હતું. JDUને 1.81 કરોડ રૂપિયાની સરખામણીમાં 18.69 કરોડ રૂપિયાનું ફંડ મળ્યું, જે લગભગ 10 ગણું વધારે છે. LJP-Rને 11.67 લાખ રૂપિયાની સરખામણીમાં 11.09 કરોડ રૂપિયાનું ફંડ મળ્યું, જે લગભગ 100 ગણું વધારે છે. ડાબેરી પક્ષ CPI (ML)ને 43 લાખ રૂપિયાની સરખામણીમાં 49 લાખ રૂપિયાનું ફંડ મળ્યું. ચૂંટણી પંચ પાસેથી મળેલી માહિતી અનુસાર, લાલુ અને તેજસ્વી યાદવની પાર્ટી RJDએ હજુ સુધી નાણાકીય વર્ષ 2024-25 માટે ચૂંટણી ફંડની વિગતો ફાઈલ કરી નથી. અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIMને 2023-24માં ચૂંટણી દાનમાં 9 લાખ રૂપિયા મળ્યા હતા, જ્યારે 2024-25માં કોઈએ દાન આપ્યું ન હતું.રાષ્ટ્રીય પક્ષોમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા ફંડમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જ્યારે કોંગ્રેસને નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ભાજપને 2023-24માં 3,967 કરોડ રૂપિયાનું ફંડમાં મળ્યું હતું, જ્યારે 2024-25માં ફંડની રકમ વધીને 6,654 કરોડ રૂપિયા થઈ ગઈ હતા.

### અરવલ્લી પર્વતમાળાના સંરક્ષણ સામે ખાણ માફિયાઓનો પડકાર

# રાજસ્થાન ગેરકાયદે ખનન વિવાદ: સાત વર્ષમાં 7,000થી વધુ FIR, અરવલ્લી પટ્ટો બન્યો કેન્દ્રબિંદુ

(એજન્સી) જયપુર | તા26

રાજસ્થાનમાં છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનન, પરિવહન અને સંગ્રહના ગુના હેઠળ કુલ 7,173 FIR નોંધાઈ છે. ચોંકાવનારી વિગત એ છે કે, એકલા અરવલ્લી પટ્ટાના જિલ્લામાં જ 4,181 પોલીસ કેસ થયા છે. સમગ્ર રાજસ્થાનની વાત કરીએ તો છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનનની નાની-મોટી 71,322 ઘટના સામે આવી છે, જેમાં પોલીસ કેસની સાથે દંડ ભર્યો હોય એવા કિસ્સા પણ સામેલ છે. આ પ્રકારના કેસની વાત કરીએ તો અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં કુલ 40,175 કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે રાજસ્થાનના 20 જિલ્લા અરવલ્લીની શ્રેણીમાં આવે છે.

જો કે, કોંગ્રેસના પાંચ વર્ષ અને ભાજપના બે વર્ષના શાસનના વિવિધ ઘટનાઓ અને પોલીસ ફરિયાદના આંકડામાં પણ મોટો તફાવત છે. આ અંગે વાત કરતા ત્રણ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ભાજપ નેતા અને પ્રવક્તા રામલાલ શર્માએ જણાવ્યું હતું કે, 'રાજસ્થાન સરકાર અરવલ્લીનો એક-એક પથ્થર સુરક્ષિત રાખવા કટિબદ્ધ છે. છેલ્લા બે વર્ષમાં અમારી સરકારે ખનન માફિયા સામે કડક કાર્યવાહી કરી છે.'

સરકારી આંકડા મુજબ, 15 ડિસેમ્બર 2018થી 14 ડિસેમ્બર 2023 દરમિયાન કોંગ્રેસના શાસનમાં અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં ગેરકાયદે ખનનની 29,209 ઘટનાઓ બની હતી. તેની સામે ભાજપના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સરકારના પ્રથમ બે વર્ષમાં એટલે કે 13 ડિસેમ્બર 2023થી 2025 સુધીના સમયગાળામાં આ સંખ્યા 10,966 છે.



રાજસ્થાન વિભાગના ખાણ અને પેટ્રોલિયમ વિભાગના અગ્ર સચિવ ટી. રવિકાંતે કહ્યું કે, કોઈ પણ ઘટના અને FIR વચ્ચે મોટો તફાવત છે. જ્યારે વિભાગ પોતે નોટિસ આપીને દંડ વસૂલે છે, ત્યારે તે ઘટના ગણાય છે પરંતુ કોઈ હુમલો કે ચોરી જેવી ગંભીર ઘટના બને ત્યારે જ પોલીસ ફરિયાદ દાખલ કરાય છે. આ કારણે જ કુલ ઘટનાઓની તુલનામાં FIRની સંખ્યા ઓછી છે.'અહીં એ નોંધવુ પણ જરૂરી છે કે, રાજસ્થાન વિધાનસભામાં વિપક્ષના નેતા ટીકા રામ જુલીના પ્રશ્નના જવાબમાં સરકારે સ્વીકાર્યું હતું કે, 'વર્ષ 2024માં જ ખાણ માફિયા દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓ પર 93 વખત હુમલા કરાયા હતા, જેમાં 311 કર્મચારી નિશાન બન્યા હતા.'

રાજસ્થાનમાં ગેરકાયદે ખનન માફિયાઓ વિરુદ્ધ તંત્રની લાલ આંખ જોવા મળી છે, જેના પરિણામે છેલ્લા સાત વર્ષમાં કુલ રૂ. 637.16 કરોડનો માતબર દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન માત્ર અરવલ્લી પટ્ટાના જિલ્લાઓમાંથી રૂ. 231.75 કરોડનો દંડ વસૂલાયો હતો, જ્યારે વર્તમાન ભાજપ શાસનમાં અત્યાર સુધીમાં રૂ. 136.78 કરોડની દંડકીય વસૂલાત કરવામાં આવી છે.ધરપકડ અને સાધનોની જપ્તીના મામલે પણ વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનન સાથે સંકળાયેલા 3,736 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યમાંથી કુલ 70,399 વાહનો અને મશીનો જપ્ત કરવામાં આવ્યા છે. આ જપ્તીના આંકડાઓમાં રાજકીય તુલના કરીએ તો, કોંગ્રેસના શાસનમાં 29,138 વાહનો જપ્ત કરાયા હતા, જ્યારે ભાજપના કાર્યકાળમાં અત્યાર સુધીમાં 10,616 વાહનો અને મશીનો જપ્ત કરવામાં આવ્યા છે.

પર્યાવરણ સચિવની સમિતિ દ્વારા સૂચવેલી અને 20 નવેમ્બરે સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલી 'અરવલ્લી'ની નવી વ્યાખ્યાને કારણે વિવાદ સર્જાયો છે. નવી વ્યાખ્યા મુજબ, સ્થાનિક ભૂતલથી 100 મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી જમીન જ 'અરવલ્લીની ટેકરી' ગણાશે. આ નિર્ણયને કારણે પર્યાવરણપ્રેમીઓમાં ડર છે કે નીચાણવાળા વિસ્તારોમાં ખનન વધશે.

જો કે, પર્યાવરણ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી વિગતવાર અભ્યાસ ન થાય ત્યાં સુધી અરવલ્લીમાં ખનની કોઈ નવી લીઝ અપાશે નહીં.

## કરણી સેનાએ પંજાબના રાજ્યપાલને જાનથી મારી નાખવાની ધમકી આપી, કહ્યું - 'ઓકાતમાં રહો..'

(એજન્સી) નવી દિલ્હી | તા 26

પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવ્યા છે. કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતે સોશિયલ મીડિયા પર એક વિવાદાસ્પદ પોસ્ટ મૂકીને રાજ્યપાલ કટારિયાને જાનથી મારી નાખવાની ધમકી આપી છે. રાજ શેખાવતે ગુલાબચંદ કટારિયા પર મેવાડના શિરોમણી મહારાણા પ્રતાપનું અપમાન કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે પોતાની પોસ્ટમાં અત્યંત આક્રમક ભાષાનો પ્રયોગ કરતા લખ્યું છે કે, 'સાંભળો ગુલાબચંદ, તમારી મર્યાદામાં (ઓકાતમાં) રહો. તમે અગાઉ પણ અમારા આરાધ્ય દેવ મહારાણા પ્રતાપનું અપમાન કર્યું છે. કરણી સેનાના સૈનિકોને આદેશ છે કે, ગુલાબચંદ જ્યાં પણ અને જ્યારે પણ મળે, ત્યાં તેને પતાવી દો.'આ વિવાદની શરૂઆત 22મી ડિસેમ્બરના રોજ ઉદયપુરના ગોગુંડામાં આયોજિત એક કાર્યક્રમથી થઈ હતી. કાર્યક્રમ દરમિયાન પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાએ મહારાણા પ્રતાપ અને વિકાસ કાર્યોને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસના શાસનમાં મહારાણા પ્રતાપનું નામ માત્ર સાંભળવા મળતું હતું, પરંતુ જનતા પાર્ટી (ભાજપ)ના શાસનમાં મહારાણા પ્રતાપના ઈતિહાસને સાચી રીતે જીવંત કરવામાં આવ્યો છે.'

## ઓનલાઈન ખરીદી કરતાં અગાઉ ચેતજો, 3 વર્ષમાં 1.75 લાખથી વધુ ફરિયાદ નોંધાઈ

નવી દિલ્હી : છેલ્લા કેટલાક વર્ષોથી ઓનલાઈન ખરીદી કરવાના પ્રમાણમાં વધારો થયો છે. જોકે, સરળતા લાવતી ઓનલાઈન ખરીદીથી ગ્રાહકોએ ચેતવા જેવું પણ છે. છેલ્લા 3 વર્ષમાં ઓનલાઈન ખરીદીમાં ખામીયુક્ત પ્રોડક્ટ, સર્વિસ પ્રોવાઈડર દ્વારા છેતરપિંડી, ડિલિવરીમાં વિલંબ જેવી 1.75 લાખથી વધુ ફરિયાદ નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈનમાં નોધાઈ ચૂકી છે.ગ્રાહકોને ઝડપી ન્યાય મળે તેના માટે કેન્દ્રસરકાર દ્વારા નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેમાં દર વર્ષે નોંધાતા સરેરાશ કોલ્સ ઑક્ટોબર 2019માં 70159 હતા, તે ઑક્ટોબર 2025માં વધીને 1,42,605 થઈ ગયા છે. ખાસ કરીને વોટ્સએપ થકી ફરિયાદ કરનારાના પ્રમાણમાં વધારો થયો છે. વોટ્સએપથી ફરિયાદ કરનારા ઑક્ટોબર 2023માં 11 ટકા હતા, તે ઑક્ટોબર 2023માં વધીને 30 ટકા થઈ ગયા છે. ગુજરાતની વાત કરવામાં આવે તો વર્ષ 2022માં 46915, 2023માં 60,189 અને 2024માં 67,306 જેટલી ફરિયાદ નોંધાઈ છે. નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈનમાં મળેલી આ તમામ ફરિયાદનો નિકાલ પણ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વર્ષ 2024માં જે રાજ્યમાંથી સૌથી વધુ ફરિયાદ મળી હોય તેમાં ઉત્તર પ્રદેશ 1.92 લાખ સાથે મોખરે છે. સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે ગુજરાતના કન્ઝ્યુમર કમિશનમાં મેમ્બર્સની મંજૂર કરાયેલી 8 જગ્યા સામે 3 ખાલી છે. આ જ રીતે ડિસ્ટ્રિક્ટ કમિશનમાં પ્રમુખની 38 જગ્યા સામે 24, મેમ્બર્સની 76 જગ્યા સામે 46 જગ્યા ખાલી છે.

### મસ્જિદ પાસે પથ્થરો દૂર કરવા મુદ્દે વિવાદ

## જયપુર : ધાર્મિક સ્થળથી પથ્થર હટાવવા મામલે વિવાદ ભડકતા પથ્થરમારો-ઈન્ટરનેટ બંધ

જયપુર : રાજસ્થાનના જયપુર જિલ્લામાં આવેલા ચોમૂ નગરમાં મોડી રાત્રે અચાનક કોમી તણાવ ફાટી નીકળ્યો હતો. મસ્જિદ સંબંધી એક વિવાદને પગલે કેટલાક તોફાની તત્વોએ પોલીસને નિશાન બનાવી પથ્થરમારો કર્યો હતો, જેમાં અનેક જવાનો લોહીલુહાણ થયા હતા. હિંસક બનેલી ભીડને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની સાથે ટીયર ગેસ છોડવાની ફરજ પડી હતી, જોકે ભારે જહેમત બાદ થોડા જ કલાકોમાં સ્થિતિ થાળે પડી હતી.મળતી માહિતી મુજબ, શુક્રવાર સાંજથી જ મસ્જિદ નજીક રસ્તા પર જમા થયેલા પથ્થરો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પથ્થરો લાંબા સમયથી અવરોધરૂપ બનતા હોવાથી ત્યાં વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. જોકે, આ સફાઈ કામગીરીનો સ્થાનિકોએ વિરોધ કરતા જ જોતજોતામાં ત્યાં લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું.વિરોધ પ્રદર્શન દરમિયાન કેટલાક તોફાની તત્વોએ અચાનક પોલીસ ટુકડી પર ભારે પથ્થરમારો શરૂ કરી દીધો હતો. સ્થિતિ બેકાબૂ બનતા પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસ છોડ્યો અને લાઠીચાર્જ કર્યો હતો. આ હિંસક અથડામણમાં અનેક પોલીસ જવાનોને ઈજાઓ પહોંચી હતી. ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્પેશિયલ ઓપરેશન કમિશનર રાહુલ પ્રકાશ, અધિક પોલીસ કમિશનર ડો. રાજીવ પચાર અને મનીષ અગ્રવાલ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વરિષ્ઠ અધિકારીઓએ પોતે મોરચો સંભાળીને મામલો શાંત પાડ્યો હતો.પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે ચોમૂ બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો છે, જ્યાં ડ્રોન અને સીસીટીવીથી સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુથી પ્રશાસને ચોમૂમાં 26 ડિસેમ્બર સવારે 7 વાગ્યાથી 24 કલાક માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

## હાઈકોર્ટમાં સેંગરના જામીનની ચર્ચા અંગ્રેજીમાં થઈ, કંઈ ખબર ના પડી : પીડિતા

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અને ઉન્નાવ બળાત્કાર કેસના આરોપી કુલદીપ સેંગરને દિલ્હી હાઈકોર્ટે જામીન આપી દીધા. એટલું જ નહીં તેને સંભળાવાયેલી સજા પણ સસ્પેન્ડ કરી દીધી. હાઈકોર્ટના આ આદેશથી પીડિતા અને તેનો પરિવાર ભારે ભયભીત થઈ ગયા છે. જોકે, પીડિતાએ હાઈકોર્ટના ચૂકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો દાવો કર્યો છે. તેણે કહ્યું કે, મારા શરીરમાં ૨૫૦ ટાંકા છે, હાથ-પગમાં સળીયા નાંખેલા છે. હાઈકોર્ટમાં મારા કેસની સુનાવણી અંગ્રેજીમાં થતી હતી. મને કંઈ ખબર ના પડી. ઉત્તર પ્રદેશના ઉન્નાવ બળાત્કાર કેસના દોષિત કુલદીપસિંહ સેંગરને દિલ્હી હાઈકોર્ટે જામીન આપી દીધા છે. સાથે જ તેની સજા પણ રદ કરી દીધી છે. હાઈકોર્ટના આ આદેશ વિરુદ્ધ અંજલે પટેલ અને પૂજા શિલ્પકારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ બંને અરજદારોએ સેંગરના જામીન રદ કરવા માગ કરી છે. જોકે, અંજલે અને પૂજા બંને ક્યારેય આ કેસમાં પક્ષકાર રહ્યા નથી. દિલ્હી હાઈકોર્ટના ચૂકાદા અંગે ઉન્નાવની પીડિતાએ પીડા વ્યક્ત કરતા કહ્યું કે, સેંગરના જામીનનો વિરોધ કરવા તે દિલ્હી હાઈકોર્ટ ગઈ હતી.

### શાળા વહીવટ સામે ગંભીર સવાલો

## મહારાષ્ટ્રના થાણેમાં સરકારી શાળામાં 10મા ધોરણની વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

થાણે : મહારાષ્ટ્રના થાણે જિલ્લામાંથી એક સનસનીખેજ ઘટના સામે આવી છે. થાણેની મુરબાદ તહેસીલમાં આવેલી એક સરકારી 'આશ્રમ' શાળામાં ધોરણ 10માં અભ્યાસ કરતી સગીર વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.પોલીસ અધિકારીએ જણાવ્યા અનુસાર, ગુરુવારે સવારે મોરોશી ગામમાં આવેલી સરકારી આશ્રમ શાળાની હોસ્ટેલના રૂમમાં વિદ્યાર્થિનીની લાશ લટકતી હાલતમાં મળી આવી હતી. સવારે જ્યારે અન્ય વિદ્યાર્થિનીઓએ તેને જોઈ ત્યારે ઘટનાની જાણ શાળા તંત્રને કરવામાં આવી હતી. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે.આ ઘટના બાદ શાળાના વહીવટ અને તેની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શાળામાં વિદ્યાર્થીઓ પર લાદવામાં આવતી અત્યંત કઠોર શિસ્ત વિશે તાજેતરમાં જ કેટલાક વાલીઓએ લેખિત અને મૌખિક ફરિયાદો કરી હતી, જે વિદ્યાર્થીઓ પર માનસિક દબાણ વધારી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.આ જ શાળાની ગંભીર સ્થિતિ ત્યારે સામે આવી હતી જ્યારે થોડા દિવસો પહેલા આદિજાતિ વિકાસ મંત્રી અશોક ઉઈકે અહીંની મુલાકાત લીધી હતી. મંત્રીએ નિરીક્ષણ દરમિયાન શાળામાં પાયાની સુવિધાઓનો ધરખમ અભાવ જોતા વહીવટી તંત્ર સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. આમ, સુવિધાઓની ઉણપ અને કડક શિસ્તના બોજ હેઠળ વિદ્યાર્થિનીના આપઘાતની આ ઘટનાએ તંત્રની બેદરકારીને ખુલ્લી પાડી દીધી છે. મુરબાદ પોલીસે હાલ આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિદ્યાર્થિનીએ આ આત્યંતિક પગલું કેમ ભર્યું તેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસ શાળાના સ્ટાફ અને વિદ્યાર્થિનીના સાથી મિત્રોની પૂછપરછ કરી રહી છે.

## બિહારના સમસ્તીપુરમાં ભાજપ નેતાની હત્યા બાદ હિંસા, ટોળાએ આરોપીઓના ઘર-દુકાન ફૂંકી માર્યા

સમસ્તીપુર: બિહારના સમસ્તીપુર જિલ્લાના ખાનપુર પોલીસની હદમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના યુવા નેતા રૂપક સહનીની ગોળી મારીને હત્યા કરી દેવાયા બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ અને હિંસા ફાટી નીકળી છે. બુધવારે સાંજે થયેલી આ હત્યાના વિરોધમાં ગુરુવારે રોષે ભરાયેલા લોકોના ટોળાએ ભારે હોબાળો મચાવ્યો હતો અને આરોપીઓની સંપત્તિને આગ ચાંપી દીધી હતી.બુધવારે સાંજે થયેલી હત્યા બાદ ગુરુવારે લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. આક્રોશિત ભીડે સમસ્તીપુર-રોસડા મુખ્ય માર્ગ પર ચક્કાજામ, આગચંપી અને તોડફોડ કરી, જેના કારણે લગભગ 24 કલાક સુધી વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો. ઉગ્ર બનેલા ટોળાએ હત્યાના આરોપીઓના ઘર, ટ્રેક્ટર અને શાદીપુર ઘાટ પર આવેલી હાર્ડવેર, જૂતા-ચપ્પલ, કરિયાણા અને પાનની દુકાનોને આગના હવાલે કરી દીધી હતી. હિંસક ટોળા સામે પોલીસ પણ લાચાર દેખાઈ રહી હતી.ઘટનાના લગભગ 24 કલાક બાદ પોલીસે આખરે એફઆઈઆર નોંધીને ત્રણ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે.

### બાળકોના કિસ્સામાં આ જોખમ અનેકગણું વધી જાય છે

## ઓસ્ટ્રેલિયાની જેમ ભારતમાં પણ બાળકો માટે સોશિયલ મીડિયા બૅન થશે? હાઈકોર્ટની કેન્દ્રને સલાહ

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના માયાવી જગતમાં બાળકોની સુરક્ષાને લઈને મદ્રાસ હાઈકોર્ટે એક સીમાચિહ્નરૂપ અવલોકન કર્યું છે. હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે કેન્દ્ર સરકારને સૂચન કર્યું છે કે, ભારત સરકારે પણ ઓસ્ટ્રેલિયાની જેમ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો કાયદો લાવવાની દિશામાં વિચારવું જોઈએ.

જસ્ટિસ કે.કે. રામકૃષ્ણન અને જી. જયચંદ્રનની ડિવિઝન બેન્ચ એક જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરી રહી હતી. અરજદાર એસ. વિજયકુમારે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, ઈન્ટરનેટ પર પોર્નોગ્રાફી અને બાળ જાતીય દુર્વ્યવહાર સામગ્રી (CSAM) સરળતાથી ઉપલબ્ધ છે. દેશના તમામ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ (ISP) માટે "પેરેન્ટલ વિન્ડો" સુવિધા ફરજિયાત બનાવવામાં આવે જેથી બાળકો વાંધાજનક સામગ્રીથી દૂર રહે. હાઈકોર્ટે અરજી પર સુનાવણી દરમિયાન નોંધ્યું કે માત્ર વેબસાઈટ બ્લોક કરવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં, કારણ કે આવી URL સતત બદલાતી રહે છે. કોર્ટે જણાવ્યું કે, 'વાંધાજનક સામગ્રી જોવી કે નહીં તે વ્યક્તિગત પસંદગી છે, પરંતુ બાળકોના કિસ્સામાં આ જોખમ અનેકગણું વધી જાય છે. બાળકો શું જોઈ રહ્યા છે તેના પર માતા-પિતાનું નિયંત્રણ અને જાગૃતિ અનિવાર્ય છે. અરજદારની દલીલને સ્વીકારતા કોર્ટે કેન્દ્રને સલાહ આપી કે ઓસ્ટ્રેલિયાની જેમ ભારતમાં પણ સોશિયલ મીડિયા માટે વય મર્યાદા નક્કી કરતો કાયદો ઘડવાની શક્યતા તપાસવી જોઈએ.'

જ્યાં સુધી કોઈ નવો કાયદો અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી હાઈકોર્ટે નિર્દેશો આપ્યા છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સોશિયલ મીડિયાના જોખમો વિશે માતા-પિતા અને બાળકોને શિક્ષિત કરવા માટે મોટા પાયે અભિયાનો ચલાવવા. બાળ અધિકાર કમિશને આ બાબતે નક્કર કાર્ય યોજના વિકસાવી તેનો કડક અમલ કરવો.ઓસ્ટ્રેલિયાએ તાજેતરમાં વિશ્વનો સૌથી કડક સોશિયલ મીડિયા કાયદો પસાર કર્યો છે, જેમાં 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક જેવા પ્લેટફોર્મ વાપરવા પર પ્રતિબંધ છે. જો કંપનીઓ આ નિયમનું પાલન ન કરે તો તેમને કરોડો ડોલરનો દંડ ફટકારવાની જોગવાઈ છે.

### પોલીસ કાર્યવાહી અને ધરપકડ | બર્થડે પાર્ટી બાદ દુષ્કર્મ આચર્યું

## ઉદયપુરમાં શોકિંગ ઘટના: ચાલતી કારમાં મહિલા મેનેજર સાથે સામૂહિક દુષ્કર્મ, CEO સહિત 3ની ધરપકડ

(એજન્સી) ઉદયપુર | તા 26

રાજસ્થાનના ઉદયપુરમાં એક ખાનગી આઈટી કંપનીમાં ઉચ્ચ પદો પર કાર્યરત લોકોએ માનવતા અને કાયદાની મર્યાદા ઓળંગી હોવાનો સનસનાટીભર્યા કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક મહિલા મેનેજર સાથે આચરવામાં આવેલા સામૂહિક દુષ્કર્મ કેસમાં પોલીસે કંપનીના CEO સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. આ કેસમાં કારના ડેશકેમમાંથી મળેલા ઓડિયો-વીડિયો રેકોર્ડિંગ સૌથી મહત્ત્વના પુરાવા સાબિત થયા છે. જિલ્લા પોલીસ અધિક્ષક (SP) યોગેશ ગોયલે જણાવ્યું કે, 'પીડિતાના નિવેદન અને મેડિકલ રિપોર્ટના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે.

GRIHUM HOUSING FINANCE

**ગૃહમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**
રજીસ્ટર્ડ ઓફિસ : 6ઠ્ઠો માળ, B- બિલ્ડિંગ, ગંગા ટ્રુએનો, લોહગાંવ, પુણે-411014.

પરિશિષ્ટ IV (નિયમ 8(1) જુઓ)
**કબજા નોટિસ**
(સ્થાવર મિલકત માટે)

જ્યારે, અધોહસ્તાક્ષરકર્તા **'ગૃહમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ'** (જેને હવે પછી 'સિક્યોર્ડ ક્રેડિટર' તરીકે ઓળખવામાં આવશે) ના અધિકૃત અધિકારી તરીકે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (જેને હવે પછી "ઉક્ત અધિનિયમ" તરીકે ઓળખવામાં આવશે) હેઠળ અને ઉક્ત અધિનિયમની કલમ 13 (12) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ લોનધારકોને માંગણી નોટિસની તારીખથી **60 દિવસ**ની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવી દેવા માટે નોટિસ પાઠવી હતી.
લોનધારકો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, આથી લોનધારકો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત અધિનિયમની કલમ 13 (4) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ **મિલકતનો કબજો** આજે **21 ડિસેમ્બર, 2025 ના રોજ લીધેલ છે.**
ખાસ કરીને લોનધારકો અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર સિક્યોર્ડ ક્રેડિટરના લેણાં અને તેના પરના વ્યાજને આધીન રહેશે.
લોનધારકોનું ધ્યાન સિક્યોર્ડ અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં અધિનિયમની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.
કબજામાં લેવામાં આવેલ મિલકતની વિગતો નીચે મુજબ છે:

| ક્ર. નં. | લોનધારકોના નામ | મિલકતનું વર્ણન | કબજો લીધાની તારીખ | માંગણી નોટિસની તારીખ | માંગણી નોટિસની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| 1. | 1. વિશાલ બિપિનભાઈ મહેતા, 2. મહેતા મંજુલાબેન બિપિનભાઈ | બધા ટુકડાઓ અને પાર્સલ મોરબી જિલ્લામાં સ્થિત છે: મોરબી તાલુકા મોરબી રેવન્યુ સર્વે નં. 20, પ્લોટ નં. 93 પાયકી (ભાગ નં. 5) જમીન 46-46 ચોરસ મીટર બિલ્ટ બ્લોકમાં 38-10 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા સાથે, તે મોરબી જિલ્લાના "લાયન્સ નગર" તરીકે ઓળખાય છે. સીમાઓ: બ્લોક. **ઉત્તર:** રોડ, **દક્ષિણ:** પ્લોટ નં. 80 ની જમીન, **પૂર્વ:** પ્લોટ નં. 94ની જમીન, **પશ્ચિમ:** આ પ્લોટ નં. 93 પાયકી ભાગ નં. 4 જમીન. | 21/12/2025 | 07/06/2025 | લોન નં. HL00488100000005036487 07/06/2025ના રોજ ચૂકવવાપાત્ર **રૂ. 8,74,250/-** (રૂપિયા આઠ લાખ ચોત્તેર હજાર બેસો પચાસ માત્ર) વ્યાજ સાથે ૧૩.૩૫ પ્રતિ વર્ષ વ્યાજ વસૂલાત સુધી. |

**નોંધ: જો સ્થાનિક ભાષાના પ્રકાશન અને અંગ્રેજી સમાચાર પત્રના પ્રકાશનની સામગ્રી વચ્ચે કોઈ તફાવત હશે, તો પબ્લિક કોલમાં પ્રકાશિત અંગ્રેજી સમાચાર પત્રની સામગ્રી માન્ય ગણાશે.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 27-12-2025**

**Sd/- અધિકૃત અધિકારી**
**ગૃહમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી**

## 767 બાળકોને હૃદય,કિડની અને કેન્સરની ગંભીર બિમારી

ગાંધીનગર | શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીથી લઈને પ્રાથમિક અને માધ્યમિક શાળામાં જઈને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કલ્યાણની ટીમ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન તપાસણી અને ચકાસણીનો કાર્યક્રમ કરવામાં આવે છે. જેમાં સામાન્ય બિમાર વ્યક્તિઓને દવા-સારવાર આપવામાં આવે છે અને વધુ સારવારની જરૂર હોય તેવા બાળદર્દીઓને વધુ નિદાન-સારવાર માટે નજીકના આરોગ્ય કેન્દ્ર, સિવિલ હોસ્પિટલ તથા સુપર સ્પેશયાલીટી હોસ્પિટલમાં સંદર્ભ સેવા આપવામાં આવે છે.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 27 DECEMBER-2025

AHMEDABAD


## ટ્રેક્ટરની અડફેટે બાઈક સવાર સાઈટ સુપરવાઈઝરનું મોત

ગાંધીનગર | ગાંધીનગર શહેર નજીક આવેલા દહેગામ નરોડા હાઈવે ઉપર સોનારડા ગામના પાટીયા પાસે પૂર ઝડપે જતા ટ્રેક્ટર ચાલકે અચાનક જ વળાંક લેતા બાઈક સાથે અકસ્માત સર્જ્યો હતો અને તેના કારણે બાઈક સવાર સાઈટ સુપરવાઈઝર યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે સિવિલ લઈ જવાયો હતો પરંતુ તેનું મોત થયું હતું. આ અંગે ડભોડા પોલીસે ગુનો દાખલ કર્યો છે. ટ્રેક્ટર ચાલકે આગળ જોયા વગર ટ્રેક્ટર વાળી દેતા બેંજામિનભાઈના બાઈક સાથે જોરદાર અકસ્માત સર્જાયો હતો.



### એક એક દુકાન પર જઈને લોકોને મળ્યા, પાથરણાવાળા રજૂઆત માટે આવ્યા તો પોલીસે અમદાવાદ CPને ના મળવા દીધા

# 'હું આવ્યો એટલે ભદ્રનો રસ્તો ખાલી નથી ને': પોલીસ કમિશનર



અમદાવાદ | અમદાવાદ પોલીસ કમિશનરે ભદ્ર વિસ્તારની મુલાકાત લઈને ટ્રાફિક સ્થિતિની સમીક્ષા કરી હતી, જેમાં તેમણે લાલ દરવાજામાં આવેલી એક-એક દુકાને જઈને સ્થાનિક વેપારીઓ અને નાગરિકો સાથે વાતચીત કરી હતી.

આ મુલાકાત દરમિયાન જ્યારે પાથરણાવાળા સમસ્યાઓની રજૂઆત કરવા માટે આગળ આવ્યા, ત્યારે ત્યાં હાજર પોલીસ કાફલાએ તેમને કમિશનર સુધી પહોંચતા અટકાવ્યાં અને ત્યાંથી દૂર કર્યાં હતાં. પોલીસ કમિશનરે કહ્યું કે, હું આવ્યો એટલે ભદ્રનો રસ્તો ખાલી નથી ને. તેમ કહીને તેમને ટ્રાફિક પોલીસની કામગીરી પર કટાક્ષ કર્યો હોય તેમ જણાઈ રહ્યું છે.

### અત્યારે વાહન પણ એકદમ સરળતાથી લઈ શકાય છે

અમદાવાદના ભદ્રમાં ત્રણ મહિના અગાઉ પાથરણાવાળાના કારણે ખૂબ જ દબાણ હતું. જેના કારણે તે રસ્તેથી ચાલીને જવું પણ મુશ્કેલ હતું. હાઈકોર્ટના આદેશ બાદ પોલીસ અને એએમસી દ્વારા સમગ્ર પાથરણા બજાર ખાલી કરવામાં આવ્યું છે. અત્યારે વાહન પણ એકદમ સરળતાથી લઈ શકાય છે. પોલીસ કમિશનર જાતે જ ટ્રાફિકનું નિરીક્ષણ કરવા માટે આવ્યા હતા.

પોલીસ કમિશનર સાથે ટ્રાફિક જેસીપી, ટ્રાફિક ડીસીપી, ઝોન 2 ડીસીપી અને સ્થાનિક પોલીસનો કાફલો પણ હાજર હતો. પોલીસ કમિશનર દ્વારા ભદ્રથી ચાલતા જઈને કેટલાક દુકાનદારને મળીને પૂછ્યું હતું કે ખરેખર અહીંયા ટ્રાફિક નથી થતો કે પછી આજે મારી વિઝિટ હતી એટલે પોલીસે ટ્રાફિક દૂર કર્યો છે. લોકોને સાંભળીને પોલીસ કમિશનર ભદ્ર મંદિર દર્શન કરવા ગયા હતા.

### CPને મળવા આવેલા પાથરણાવાળાને ત્યાંથી દૂર કરાયા

પોલીસ કમિશનર જ્યારે દર્શન કરી રહ્યા હતા ત્યારે કેટલાક પાથરણાવાળા તેમને મળીને રજૂઆત કરવા માટે મંદિરની બહાર આવ્યા હતા.પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા તમામ પાથરણાવાળાને ત્યાંથી દૂર કરવામાં આવ્યા હતા.

પોલીસ કમિશનરની ગાડીથી પણ તેમને 100 મીટર દૂર ઊભા કરી દેવામાં આવ્યા હતા. જેથી તેઓ રજૂઆત ના કરી શકે. પોલીસ કમિશનર તેમની વિઝીટ પુરી કરીને રવાના થઈ ગયા પરંતુ પાથરણાવાળા નિરાશા સાથે પરત ફર્યા હતા. અમને પોલીસે ગાડીની બીજી તરફ મોકલ્યા અને કહ્યું અહીંયા રજુઆત નહીં કરવાનીપાથરણાવાળા રમીલાબેને જણાવ્યું હતું કે, અમારે દોઢ વર્ષથી જગ્યાની સમસ્યા છે જેથી અમે રજૂઆત કરવા આવ્યા છીએ. અમે લાયસન્સ પાથરણાંવાળા છીએ.

## સુરતમાં પતિની પ્રેમિકાને માથામાં ચીપિયા માર્યા હાઈકોર્ટે 1 વર્ષ બાદ પણ મહિલાની જામીન અરજી નકારી

અમદાવાદ / સુરત

સુરતના ચોક બજાર પોલીસ મથકે વર્ષ 2024માં હર્ષા નામની મહિલા સામે ગુન્હો નોંધાયો હતો. જેમાં તેને ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. પરંતુ હાઈકોર્ટે તેને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો. આરોપી મહિલા સામે મૃતક મહિલાની બહેને પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. કેસને વિગતે જોતા મૃતક મહિલા અને આરોપી મહિલાના પતિ વચ્ચે છેલ્લા 24 વર્ષથી પ્રેમ સંબંધ હતો અને બંને એકબીજાને મળતા હતા.

આથી આરોપી મહિલા મૃતક મહિલાના ઘરે ખુલાસો માંગવા ગઈ હતી. જ્યાં બોલાચાલીમાં ઝઘડો ઉગ્ર બન્યો હતો અને આરોપી મહિલાએ મૃતક મહિલાના માથામાં ચીપિયાના ઘા માર્યા હતા. વળી ત્યારે ધક્કો મારતા મૃતક મહિલા નીચે પડી ગઈ હતી અને તેને માથામાં શેટી વાગતા તે બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ આરોપી મહિલાએ મૃતક મહિલાના ગળામાં નાયલોનની દોરી લપેટી હતી.

સુરતની સેશન્સ કોર્ટમાં આરોપી વતી રજૂઆત થઈ હતી કે મૃતક મહિલાના વર્ષ 2015 માં છુટાછેડા થયેલા હતા. વળી આરોપી મહિલાનો હત્યા કરવાનો કોઈ ઈરાદો ન હતો.

જ્યારે સરકારી વકીલે દલીલ કરી હતી કે મૃતકના ગળાના ભાગે આરોપીએ મારી રાખવાના ઈરાદે નાયલોન દોરી લપેટી હતી. મહિલાના મૂવમેન્ટના CCTV ફૂટેજ મેળવવામાં આવ્યા છે. સેશન્સ કોર્ટે મહિલાની જામીન અરજી નકારી દેતા તેને ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

# સુભાષબ્રિજનું આયુષ્ય પૂરું..... હાલના બ્રિજનું આખું સુપરસ્ટ્રક્ચર તોડી પડાશે

**એક વર્ષ સુધી બ્રિજ બંધ રહેશે: મ્યુનિસિપલ કમિશનર :** મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે હાલના બ્રિજની બન્ને બાજુ વધારાના નવા બ્રિજ બનાવવાની યોજના પણ તૈયાર કરવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજિત ખર્ચ રૂ. 250 કરોડ રાખવામાં આવ્યો છે અને કામગીરી EPC મોડ હેઠળ અમલમાં મૂકવામાં આવશે. જેના માટે 9 મહિના માટે બ્રિજ બંધ કરવામાં આવશે.

અમદાવાદ

ગત 4 ડિસેમ્બર, 2025ના રોજ અમદાવાદના પૂર્વ તેમજ પશ્ચિમને જોડતા અને સૌથી વ્યસ્ત ગણાતા એવા સુભાષબ્રિજમાં તિરાડ પડી હતી. ત્યાર બાદ 25 ડિસેમ્બર સુધી બ્રિજ બંધ કરવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બ્રિજ નિષ્ણાતોની એજન્સીઓ પાસે કરાવેલો રિપોર્ટ રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવ્યો હતો. એને લઈને આજે(26 ડિસેમ્બર) હાલના બ્રિજનું આખું સુપરસ્ટ્રક્ચર તોડવાનું તેમજ બન્ને બાજુ બે-બે લેન બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી સોમવારે આ બ્રિજ માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવશે.

રાજ્ય સરકારની મદદ લેવામાં આવી છે અને તેમનો સપોર્ટ મળ્યો છે. આ બ્રિજ આઈકોનિક ઊભો થાય તેના માટે પ્રયાસ છે. બ્રિજના તમામ સુપર સ્ટ્રકચરને તોડી પાડવામાં આવશે. બ્રિજના પિલ્લરને તોડવામાં નહી આવે માત્ર તેને મજબૂત કરવામાં આવશે. જોકે આ રિસ્ટોરેશનની એટલે કે બ્રિજ તોડી સરખો કરવાની કામગીરી 9 મહિનામાં પૂરી કરવામાં આવશે. બ્રિજ માટે નવા 7 પિલ્લર ઊભા કરવામાં આવશે.






**નિષ્ણાતોના અભિપ્રાય અનુસાર બ્રિજના સુપરસ્ટ્રક્ચરને દૂર કરવું જરૂરી: મેયર** | મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે સુભાષબ્રિજ રાણીપ અને શાહીબાગ વિસ્તારોને જોડતો એક મહત્વપૂર્ણ બ્રિજ છે. વર્ષ 1973માં નિર્મિત આ બ્રિજ છેલ્લા 52 વર્ષથી કોઈ મોટી તકલીફ વિના કાર્યરત રહ્યો હતો. બ્રિજને થયેલા નુકસાન અંગે એમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ્સ ઉપરાંત IIT રૂડકી અને SVNIT સુરતના નિષ્ણાતો દ્વારા વિગતવાર તપાસ કરવામાં આવી હતી.

## ONGC સામે ખેડૂત હાઈકોર્ટમાં, ONGCની પાઈપલાઈનના લીકેજથી કેમિકલયુક્ત પાણી ખેતરમાં ભરાયા



(એજન્સી) અમદાવાદ | તા. 26

ગુજરાત હાઈકોર્ટમાં મહેસાણાથી એક ખેડૂતે ONGC સામે અરજી દાખલ કરી છે. જેમાં તેને જણાવ્યું છે કે તેની ખેતીની જમીનને ONGC ના કારણે કાયમી નુકસાન થયું છે. પરંતુ તેને યોગ્ય વળતર ચૂકaવાયું નથી. ONGC ની પાઈપલાઈનમાંથી પ્રદૂષિત પાણી અરજદાર ખેડૂતના ખેતરમાં ભરાયું હતું. આ પાઈપલાઈન ખેતરથી 30 મીટર દૂર છે. વર્ષ 2020 માં ખેડૂતના ખેતરમાં ચોમાસા દરમિયાન કેમિકલ યુક્ત પાણી ભરાયું હતું. આથી તેની ઉપજાઉ જમીનને નુકસાન થયું હતું. ખેડૂતે ONGC ના એન્જિનિયરને રજૂઆત કરતા ખેડૂતને ધમકાવવામાં આવ્યો હતો. જ્યારે ONGC એ કહ્યું હતું કે અરજદારને કોઈ નુકસાન થયું નથી કે ખેતરમાં કોઈ પાણી ભરાયું નથી. ખેડૂતના ખેતરની માટીનો લેબોરેટરીમાં ONGC ની લેબોરેટરીમાં ટેસ્ટ કરાયો હતો. જ્યારે ખેડૂતે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં સસોઈલ ટેસ્ટ કરાવતા Ph લેવલ ખૂબ જ ઊંચું જોવા મળ્યું હતું. જે જમીનની બિન ઉત્પાદકતા સૂચવતું હતું. વર્ષ 2021 અને વર્ષ 2023માં પણ આવી જ ઘટના બની હોવાનું ખેડૂતે જણાવ્યું હતું. તેની જમીનને કાયમી નુકસાન થયું હોવાનું ખેડૂતે જણાવ્યું હતું. ONGC એ જણાવ્યું હતું કે GPCB ના નિયમો મુજબ કામ કરે છે. અરજદારની જમીનને કાયમી નુકસાન થયું નથી.

### 400થી વધુ સોસાયટીઓ હજુ પણ ઉંચા TDS વાળુ બોરવેલનુ પાણી પીવે છે

## રહીશો પરેશાન : પાઈપલાઈન તૈયાર છતાં ન્યુ ચાંદખેડા, ઝુંડાલમાં નર્મદાનું પાણી પહોંચ્યું નહી

ગાંધીનગર | તા.26

ગાંધીનગર મનપા વિસ્તારમાં સમાવિષ્ટ ન્યૂ ચાંદખેડા અને ઝુંડાલ વિસ્તારમાં નર્મદા કેનાલનું પાણી પહોંચાડવા માટે પાઈપલાઈન નેટવર્કનું કામ પૂર્ણ થઈચૂક્યું છે પરંતુ આજે પણ નર્મદાનું પાણી શરૂ થયું નથી. પરિણામે અહીંની 400થી વધુ સોસાયટીઓ હજુ પણ ઉંચા TDS વાળુ બોરવેલનુ પાણી પીવે છે. ઊંચા TDS વાળું પાણી શરીર માટે અનુકૂળ નથી અને સમય જતા તે પાચન, ત્વચા અને કિડની સંબંધિત તકલીફોનું કારણ બની શકે છે. આવા પાણીના કારણે ઘરના નળ, પાઈપલાઈન, પાણીની ટાંકી અને ઘરેલુ સાધનોમાં જમા થતું ખારાશનુ પડ વધે છે. જેના કારણે પાઈપ જામ થવી, નળ બગડવા અને પાણીના દબાણમાં ઘટાડા જેવી સમસ્યાઓ થાય છે. પાઈપલાઈન તૈયાર હોવા છતાં નર્મદાનું પાણી ન આવતાં સ્થાનિક લોકોમાં એક જ પ્રશ્ન છે જ્યારે પાઈપલાઈનની વ્યવસ્થા તૈયાર છે, તો પાણી શરૂ થવામાં વિલંબ કેમ? સ્થાનિકોનું માનવુ છે કે નર્મદા કેનાલનું પાણી શરૂ થાય તો પાણીની ગુણવત્તા સુધરશે અને લાંબા ગાળાની તકલીફોમાંથી રાહત મળશે. હાલ સ્થિતિ એવી છે કે સુવિધા ઉભી છે, પરંતુ તેનો લાભ મળતો નથી. સ્થાનિકો ચાંદખેડા અને ઝુંડાલ વિસ્તારના લોકો હવે સલગ્ન વિભાગો પાસેથી કેટલા સમયમા આ પ્રશ્નનુ નિરાકરણ આવશે તે બાબતે સ્પષ્ટ જવાબ માંગી રહ્યા છે, જેથી ઊંચા TDSવાળું બોરવેલ પાણી વાપરવાની મજબૂરીનો અંત આવશે.

## નબીરાઓ બેફામ! અમદાવાદના રિવરફ્રન્ટ પર THAR ચાલકે કર્યા જોખમી સ્ટંટ, લોકો 'Before-After'ની રાહે

અમદાવાદ/કચ્છ/ગુજરાત

અમદાવાદમાં હવે સિંધુભવન રોડની જેમ રિવરફ્રન્ટ પણ રેસિંગ ટ્રેક બની ગયો હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં, રિવરફ્રન્ટ પર એક થાર કારના ડ્રાઈવરે ખતરનાક રીતે સ્ટંટ કર્યા હતા, ડ્રિફ્ટ મારી ધૂળની ડમરીઓ ઉડાવી હતી. કોઈ જાગૃત નાગરિકે સ્ટંટબાજીનો વીડિયો ઉતારી વાયરલ કર્યો છે. ધોળે દિવસે નબીરાઓ કરેલા આ સ્ટંટ પોલીસ સામે પણ સવાલ ઊભા કરી રહ્યા છે. વીડિયો વાયરલ છે છતાં પણ પોલીસ હાથ પર હાથ ધરી બેઠી છે. આ દ્રશ્યો કોઈ ફિલ્મનું શૂટિંગ નથી, પરંતુ ખુદ અમદાવાદના રિવરફ્રન્ટ પરની વાસ્તવિક ઘટના છે. સિંધુભવન રોડ પર આવા જોખમી સ્ટંટ કરનારા 'નબીરાઓ'ની મનમાની હવે રિવરફ્રન્ટ સુધી પહોંચી ગઈ છે, જે રાહદારીઓ અને અન્ય લોકો માટે જોખમ ઊભું કરી શકે છે. છકટા બનેલા આ યુવાનો પર કડક કાર્યવાહી થાય એ જરૂરી છે. કારણ કે અનેક એવી ઘટનાઓ છે .

### શહેરોમાં વિકાસ, આદિવાસી લોકો વિકાસથી વંચિત : ચૈતર વસાવા

## તપાસ : આદિવાડામાં ઝાડીઓમાંથી 40 વર્ષિય યુવાનનો મૃતદેહ મળી આવ્યો...

ગાંધીનગર | તા.26

ગાંધીનગરના આદિવાડા ગામમાં ઝાડીઓમાંથી એક 40 વર્ષીય પુરુષનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. કચરો વીણવાનું કામ કરતા એક શ્રમજીવીને ઝાડીઓમાંથી દુર્ગંધ આવતા શંકા ગઈ હતી. તપાસ કરતા ત્યાં એક પુરુષનો મૃતદેહ પડેલો હોવાનું જાણવા મળ્યું હતું. આદિવાડા ગામની ઝાડીઓમાં કોહવાયેલો મૃતદેહ જોઈને સફાઈકર્મી ગભરાઈને પોલીસને જાણ કરી હતી,આથી પોલીસ તુરંતજ ઘટનાસ્થળે આવી પહોંચી હતી, આદિવાડા ગામની ઝાડીમાંથી 40 વર્ષીય શ્રમજીવીની કીડાથી ખદબદતી અને અતિશય દુર્ગંધ મારતી લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે, હાલમાં પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધી મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ માટેની તજવીજ હાથ ધરી છે.

### વાડજના મકાનમાંથી મ્યુલ એકાઉન્ટનું મોટું કૌભાડ ઝડપાયું

## જરૂરિયાત મંદોના નામે બેંક ખાતા ખોલાવી રૂ. 10 હજાર આપતા, MSMEના 19 સર્ટિફિકેટ પણ મેળવ્યા હતા

અમદાવાદ | તા.26

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મ્યુલ એકાઉન્ટ વિરુદ્ધ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. ત્યારે ક્રાઈમ બ્રાન્ચે આર્થિક સામાન્ય અને જરૂરિયાતમંદ લોકોના નામે ખાતા ખોલાવી 10,000 કમિશન આપી આ ખાતાનો ઉપયોગ ગેમિંગ અને છેતરપિંડીના નાણાની હેરાફેરી કરતી ગેંગને ઝડપી પાડી છે. ક્રાઈમ બ્રાન્ચે યુવક અને યુવતીની ધરપકડ કરી છે. જ્યારે કુલ 23 આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આરોપીઓએ વાડજમાં મકાન ભાડે રાખી મસ મોટુ કૌભાંડ શરૂ કર્યું હતું. વાડજમાં આવેલા સૌરાબજી એપાર્ટમેન્ટમાં એક યુવક અને યુવતી તેમના ઓળખીતા માણસો સાથે મળીને લોકોને આર્થિક લાભ આપવાની લાલચ આપી રહ્યાં છે. તેમના આધાર પુરાવા મેળવી અલગ-અલગ બેંકમાં ખાતા ખોલાવી અને અલગ અલગ નામની પેઢીઓ બનાવી તે બેંક ખાતામાં ગેમ્બલિંગ અને સાયબર ફ્રોડના નાણાની હેરાફેરી કરી રહ્યા છે.

### સુઘડની બાલાજી અગોરામાં મકાનની સ્લાઈડર બારીથી પ્રવેશી 1.07 લાખની ચોરી

## પરિવાર ગોવા ફરવા ગયો બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

ગાંધીનગર | ગાંધીનગરમાં વાહન ચોરીના બનાવોની વચ્ચે શિયાળાની ફુલ ગુલાબી ઠંડી શરૂ થતા રાત્રિના સમયે બંધ મકાનોને નિશાન બનાવતી તસ્કર ટોળકીએ સુઘડની 'બાલાજી અગોરા' વસાહતમાં ત્રાટકીને રૂ. 1.07લાખના મુદ્દામાલ ચોરીને અંજામ આપ્યો છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ કરતા પરિવાર ગોવા ફરવા ગયો હતો તે દરમિયાન તસ્કરોએ ગેલેરીના સ્લાઈડર તોડી ઘરમાં પ્રવેશ કરી ચોરીને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. શિયાળાની રાત્રિનો લાભ ઉઠાવી તસ્કર ટોળકીઓએ તરખાટ મચાવવાનું શરૂ કર્યું છે. સુઘડ વિસ્તારની બાલાજી અગોરા વસાહતમાં ત્રાટકી ગોવા પ્રવાસે ગયેલા એક પરિવારના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો આશરે 1.07 લાખની રોકડ અને દાગીનાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા ની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગાંધીનગરના સુઘડની બાલાજી અગોરામાં રહેતા રૂબીબેન ધર્મેન્દ્રસિંહ રાજપૂતનો પરિવાર ગત 12 ડિસેમ્બરના રોજ ગોવા ફરવા ગયો હતો. તેમના પતિ કચ્છમાં નોકરી કરે છે અને પુત્ર-પુત્રી બહાર રહેતા હોવાથી મકાન બંધ હતું. ગત તા.23ડિસેમ્બરના રોજ જ્યારે પરિવાર પરત ફર્યો અને ઘરમાં તપાસ કરી તો કબાટના લોકર તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. તસ્કરોએ કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ 1.07 લાખની મત્તા પર હાથ સાફ કર્યો હતો. આ બનાવની જાણ થતા અડાલજ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે આ મામલે તપાસ કરતા તસ્કરોએ મકાનની રેકી કરી હોવાનું સામે આવ્યું છે.


તેઉવિબો OIDB

તેલ ઉદ્યોગ વિકાસ બોર્ડ
(પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય)
ઓઆઈડીબી ભવન, પ્લોટ નં. 2, સેક્ટર-73
નોઈડા-201301

**સંદર્ભ નં. એડી/47/2023-એડીએમ**

1. તેલ ઉદ્યોગ વિકાસ બોર્ડ (તેઉવિબો), સેક્ટર-73, નોઈડા, ઉત્તર પ્રદેશમાં વિવિધ પદો પર પ્રતિનિયુક્તિના આધારે ભરતી કરવા માટે લાયક ઉમેદવારો પાસેથી યોગ્ય માધ્યમ દ્વારા નિયત પત્રકમાં અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે:

| હોદ્દો અને સ્તર | પદોની સંખ્યા | ભરતી પ્રક્રિયા | વય મર્યાદા |
|---|---|---|---|
| એકાઉન્ટ ઓફિસર, લેવલ-8 | 01* | પ્રતિનિયુક્તિ | અરજી મળવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર 56 વર્ષથી વધુ હોવી જોઈએ નહીં. |
| એકાઉન્ટન્ટ, લેવલ-7 | 01* | | |
| સેક્શન ઓફિસર, લેવલ-7 | 01 | | |
| સ્ટેનોગ્રાફર ગ્રેડ- 'બી', લેવલ-7 | 01 | | |
| મદદનીશ, લેવલ-6 | 01 | | |
| સ્ટેનોગ્રાફર ગ્રેડ- 'સી', લેવલ-6 | 01 | | |
| અપર ડિવિઝન ક્લાર્ક, લેવલ-4 | 01 | | |

*અપેક્ષિત ખાલી જગ્યાઓ

2. તે.ઉ.વિ.બો. માં અરજી મેળવવાની અંતિમ તારીખ 'રોજગાર સમાચાર' માં આ જાહેરાત પ્રસિદ્ધ થયાના 45માં દિવસ સુધીની રહેશે.
3. વધુ માહિતી માટે કૃપા કરીને તે.ઉ.વિ.બો. ની વેબસાઈટ www.oidb.gov.in જુઓ.
4. આ જાહેરાત અંગેનું શુદ્ધિપત્ર/પરિશિષ્ટ/રદબાતલની સૂચના, જો કોઈ હોય તો, તે માત્ર ઓઆઈડીબીની વેબસાઈટ પર જ પ્રકાશિત કરવામાં આવશે. તદુપરાંત ઉમેદવારોને વિનંતી છે કે તેઓ ઓઆઈડીબીની વેબસાઈટ નિયમિતપણે જોતા રહે.

મેનેજર (કા. અને પ્રશા.)
તેલ ઉદ્યોગ વિકાસ બોર્ડ

CBC 33113/12/0007/2526 0120-2594612